Wednesday 02, September 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૯૯ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

# અરનાલા અને રોહિણામાં ખેડસત્યાગ્રહની સ્મૃતિમાં કિસાન રેલી યોજાઈ





## અરનાલાની ઐતિહાસિક રેલીમાં મોટી સંખ્યામાં ખેડૂતો જોડાયા : કોંગ્રેસના નેતાઓએ સભામાં ખેડૂતો અને સામાન્ય પ્રજાના પડતર પ્રશ્નો ઉઠાવી સરકાર સામે આકરા પ્રહાર કર્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૧ :** નાનાપોંઢા તાલુકાના અરનાલાગામે કોલક નદીના કિનારે આવેલા શ્રી કલ્યાણેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં આજરોજ ૧લી સપ્ટેમ્બરે ૭૩મી ઐતિહાસિક ખેડ સત્યાગ્રહ કિસાન રેલી અને સભાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવસને ‘કિસાન મુક્તિ દિન’ તરીકે મનાવવામાં આવ્યો હતો. દર વર્ષના જેમ આ વર્ષે પણ ૧લી સપ્ટેમ્બરે યોજાતા આ કાર્યક્રમમાં ખેડ સત્યાગ્રહના પ્રણેતા સ્વ. ઈશ્વરલાલ સી. દેસાઈ અને સ્વ. ઉત્તમભાઈ એચ. પટેલના સ્મરણાર્થે તથા ખેડૂતોને જમીનની સનદ આપનાર માજી વડાપ્રધાન સ્વ. ઈન્દિરા ગાંધીના યોગદાનને શ્રદ્ધાંજલિ પૂર્વક યાદ કરવામાં આવ્યા હતા. આ ઐતિહાસિક રેલીમાં ૫,૦૦૦થી વધુ ખેડૂતો લોકો ઊમટી પડ્યા હતા કાર્યક્રમ દરમિયાન ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અગ્રણી નેતાઓ અને સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા,

જેમાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા, વિરોધ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરી, પ્રદેશ મહામંત્રી મિલન દેસાઈ, વાંસદાના ધારાસભ્ય અનંત પટેલ, પ્રભારી પુનાજી ગામીત, વલસાડ જિલ્લા પ્રમુખ કિશન પટેલ, ઉપપ્રમુખ વસંત પટેલ, સહિત મોટી સંખ્યામાં હોદ્દેદારો, ખેડૂતો તેમજ ગ્રામજનો જોડાયા હતા આ પ્રસંગે ખેડૂતો અને મહિલાઓ માટે લકી ડ્રોના માધ્યમથી વિના મૂલ્યે ખેત ઓજારો, લકી ડ્રો માં ભાઈઓને ટ્રેક્ટર, બહેનોને ઈ-બાઈક જેવા ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જ હાજર રહેલી દરેક મહિલાને દાતરડું ભેટ આપવામાં આવ્યું હતું. ૧૦ થી ૧૫ જેટલા કાર્યકરો કોંગ્રેસમાં ખેસ પહેરી જોડાયા હતા. આ ઉપરાંત ૨૫ જોડી વાજિંત્રો સાથે સાંસ્કૃતિક માહોલ સર્જાયો હતો અને તમામ ઉપસ્થિત લોકો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. નેતાઓએ સભામાં ખેડૂતો અને સામાન્ય પ્રજાના પડતર પ્રશ્નો ઉઠાવી સરકાર સામે આકરા પ્રહાર કર્યા હતા મોંઘવારીના મુદ્દે સરકાર પર આકરા પ્રહારો કરતાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪માં ‘બહુત હુઈ મહંગાઈ કી માર, અબકી બાર મોદી સરકાર’ અને ૧૦૦ દિવસમાં મોંઘવારી ઘટાડવાના વાયદા આપીને ભાજપે સત્તા મેળવી હતી. પરંતુ આજે ત્રીજી મુદતમાં પણ સામાન્યપ્રજા મોંઘવારીમાં પીસાઈ રહી છે. ખાંડ, શાકભાજી, કસ્તુરી સમાન ડુંગરી, તેલ, ગેસ, પેટ્રોલ અને ડીઝલના ભાવ આસમાને પહોંચ્યા છે. ઉદ્યોગપતિઓ કમાઈ રહ્યા છે જ્યારે સામાન્ય પરિવાર માટે ઘર ચલાવવું મુશ્કેલ બન્યું છે. નેતાઓએ આક્ષેપ કર્યા કે પ્રજાની પીડા સામે આ ડબલ એન્જિન સરકાર કુંભકર્ણની જેમ ઊંઘી રહી છે વલસાડ જિલ્લા ઉપપ્રમુખ વસંત પટેલે જણાવ્યું કે આ કાર્યક્રમ ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વર્ગસ્થ ઈન્દિરા ગાંધી દ્વારા આ વિસ્તારના ૧૪,૦૦૦ જેટલા ખેડૂતોને આપવામાં આવેલી સનદ ની યાદમાં અને નવી પેઢીને તેનો ઈતિહાસ જણાવવાના હેતુથી યોજાયો હતો. આ સાથે જ ખેડૂતો અને યુવાનોના પડતર પશ્નો સરકાર સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

ગુજરાત વિધાનસભા ચૂંટણીને હવે ગણતરીના ૧૪ મહિના બાકી રહ્યા છે, ત્યારે કોંગ્રેસના શીર્ષ નેતાઓએ જનતાને પડતી મુશ્કેલીઓ દૂર કરવા અને ખેડૂતોના હિત માટે કોંગ્રેસને વિજયી બનાવવા લોકોને અપીલ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પારડી તાલુકા કોંગ્રેસ પ્રમુખ સતીશ પટેલે કર્યું હતું.



## ખેડ સત્યાગ્રહ માત્ર ભૂતકાળની ઐતિહાસિક ઘટના નથી, પરંતુ જમીન, મહેનત અને અધિકાર માટેના સંઘર્ષની પ્રેરણાદાયી ગાથા છે : જીતુભાઈ ચૌધરી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા.૦૧ :** પારડી વિભાગ ખેડૂત પંચાયત દ્વારા ઐતિહાસિક પારડી ખેડ સત્યાગ્રહની સ્મૃતિમાં તા. ૧ સપ્ટેમ્બરના રોજ પારડી તાલુકાના રોહિણા ખાતે ‘કિસાન મુક્તિ દિવસ’ની ઉજવણી સાથે કિસાન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ એચ. ચૌધરીની અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં ખેડૂતો, આગેવાનો, યુવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

આ પ્રસંગે ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ‘ખેડ સત્યાગ્રહ માત્ર ભૂતકાળની ઐતિહાસિક ઘટના નથી, પરંતુ જમીન, મહેનત અને અધિકાર માટેના સંઘર્ષની પ્રેરણાદાયી ગાથા છે.’ તેમણે જણાવ્યું કે ઉત્તમભાઈ પટેલ અને ઈશ્વરભાઈ દેસાઈ સહિતના આગેવાનો અને ખેડૂતોએ પોતાના હક્કો માટે કરેલો સંઘર્ષ આજે પણ નવી પેઢી માટે પ્રેરણારૂપ છે. આ સંઘર્ષના પરિણામે આદિવાસી સમાજને જમીનના હક્કો મળ્યા અને ખેતી તથા શિક્ષણના વિકાસથી સમાજ આગળ વધ્યો છે. ખેડૂતોને આધુનિક ખેતી પદ્ધતિઓ અપનાવી પ્રગતિ તરફ આગળ વધવા તેમણે અનુરોધ કર્યો હતો. ખેડ સત્યાગ્રહી મંગળભાઈ એલ. પટેલે જણાવ્યું કે આઝાદી પહેલાં અને ત્યારબાદના સમયગાળામાં ખેડૂતો પર થતા અન્યાય સામે અહિંસક રીતે લડત આપવામાં આવી હતી. તેમણે ઉત્તમભાઈ પટેલ અને ઈશ્વરભાઈ દેસાઈને રેલીના પ્રણેતા ગણાવી ઐતિહાસિક સંઘર્ષને યાદ કર્યો હતો. તેમણે જણાવ્યું કે જ્યાં અગાઉ ઘાસનાં મેદાનો હતાં ત્યાં આજે ખેતરો લહેરાઈ રહ્યા છે અને વલસાડ જિલ્લામાં હજારો એકર જમીન ખેડૂત સમાજને પ્રાપ્ત થઈ છે. કાર્યક્રમ દરમિયાન મંગળભાઈ પટેલ અને ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ સાથે મળીને ‘ધરતીનું ગીત’ રજૂ કર્યું હતું. ‘હાંરે અમે ધરતીના ખેડૂત જાગ્યા કે, ખેડે તેની ભોંય થાશે...’ના સૂર સાથે સમગ્ર વાતાવરણ ખેડૂતમય બની ગયું હતું સમસ્ત ધોડિયા સમાજના પ્રમુખ ચંપકલાલ એમ. વાઢવાએ ઉત્તમભાઈ પટેલના જીવન અને સામાજિક કાર્યોનો પરિચય આપ્યો હતો. તેમણે શિક્ષણથી રાજકીય કારકિર્દી સુધીના તેમના યોગદાન તેમજ ખેડ સત્યાગ્રહની વિવિધ કડીઓ અંગે માહિતી આપી હતી. ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે જણાવ્યું કે રોહિણા આશ્રમશાળા સહિતની શૈક્ષણિક પ્રવૃત્તિઓ ખેડ સત્યાગ્રહની મહત્વપૂર્ણ દેન છે. ઉત્તમભાઈ પટેલ અને ઈશ્વરભાઈ દેસાઈના વિચારો નવી પેઢી સુધી પહોંચાડવા પ્રયાસો કરવા જોઈએ.સ્વાગત પ્રવચનમાં નટુભાઈ પટેલે ખેડ સત્યાગ્રહની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ રજૂ કરી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોને વ્યસનમુક્તિ માટે પ્રતિજ્ઞા પણ લેવડાવવામાં આવી હતી. રોહિણા આશ્રમશાળા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં પૂર્વ અધિક કલેક્ટર જે.ડી. પટેલ, પારડી તાલુકા પંચાયત પ્રમુખ કિન્નરીબેન પટેલ, નાનાપોઢા તાલુકા પંચાયત પ્રમુખ મનીષાબેન પટેલ, કપરાડા તાલુકા પંચાયત પ્રમુખ ભરતભાઈ ગાવઢા, કપરાડા પ્રભારી તથા પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય શૈલેષભાઈ પટેલ, કપરાડા ભાજપ પ્રમુખ અરવિંદભાઈ કોંતી સહિત જિલ્લા-તાલુકા પંચાયતના સભ્યો, સરપંચો અને વિવિધ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. રેલીમાં ‘જય જવાન, જય કિસાન’ના નારા સાથે ખેડૂત એકતા અને હક્કોનો સંદેશ આપવામાં આવ્યો હતો.

# વલસાડમાં ઔરંગા નદી પર જેટી બિસ્માર

## કિનારો ધસી પડવાની શકયતા : મુંબઈ જેવી દુર્ઘટના ન બને તે માટે ૬ મુદ્દા સાથે ગણેશ મંડળો દ્વારા આવેદનપત્ર પાઠવાયું







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૧ :** વલસાડ શહેરમાં તાજેતરમાં આવેલા વિનાશક પૂર બાદ ઔરંગા નદી સ્થિત ગણેશ વિસર્જન જેટી (ધક્કો) અત્યંત જર્જરિત અને જોખમી હાલતમાં ફેરવાઈ ગઈ છે. સમગ્ર તટ પર મોટા ખાડા પડી જતાં અને કિનારો ધસી પડવાનો ભય ઊભો થતાં વલસાડના સમસ્ત ગણેશ મંડળોએ જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરી તાત્કાલિક ડ્રેજિંગ અને સમારકામ હાથ ધરવા ચેતવણી આપી છે. ગણેશ મંડળોના આગેવાનોએ રજૂઆતમાં જણાવ્યું છે કે, હાલની સ્થિતિમાં વિસર્જન માટે ઉપયોગમાં લેવાતી ભારે ક્રેન ચાલી શકે તેમ પણ નથી. જો સમયસર કામગીરી નહીં થાય તો મુંબઈ જેવી ગંભીર દુર્ઘટના વલસાડમાં ઘટી શકે છે. છેલ્લા ૧૫ વર્ષથી આ પ્રશ્ને તંત્ર સમક્ષ રજૂઆતો કરવામાં આવી રહી છે, પરંતુ માત્ર આશ્વાસનો જ મળ્યા છે. જો આ વખતે માત્ર ‘થૂંકના સાંધા’ મારવા જેવી કામચલાઉ કામગીરી થશે, તો શહેરના તમામ મોટા ગણેશ મંડળો આક્રમક વલણ અપનાવશે.

મંડળો દ્વારા માંગણી કરવામાં આવી કે મોટા હિટાચી મશીન દ્વારા ઓરંગા નદીના પટનું ડ્રેજિંગ કરી જેટીનો સર્વાંગી વિકાસ કરવો, જેટી સુધી પહોંચવા માટે હોટમિક્સ/થ્રી-મિક્સ રોડ બનાવવો તેમજ હાઈમાસ્ટ લાઈટની સુવિધા ઊભી કરવી, વિસર્જનના પર્વે ભક્તો માટે પીવાના શુદ્ધ પાણી અને મોબાઈલ ટોયલેટની પૂરતી વ્યવસ્થા કરવી.

ગત વર્ષે વાહનો પલટી જવાની ઘટનાઓ બની હોવાથી હનુમાન ભાગડાવાડા વાળો અત્યંત બિસ્માર રસ્તો તાત્કાલિક બંધ કરવો, તરિયાવાડથી બેરિકેડિંગ કરી વિસર્જન વાહનો માટે એક જ સુરક્ષિત 'IN / OUT' રૂટ નક્કી કરવો, લારી-ગલ્લા નિયંત્રણ : મુખ્ય રસ્તા પર ટ્રાફિક ન સર્જાય તે માટે ખાણીપીણીની લારીઓ માટે અલગ જગ્યા ફાળવવી. જગન્નાથજીની રથયાત્રા પૂર્વે તંત્ર દ્વારા જે રીતે ઝડપી કામગીરી કરવામાં આવી હતી, તે જ રીતે લાખો ગણેશભક્તોની આસ્થા અને સલામતીને ધ્યાને રાખી કલેક્ટર પોતે સ્થળ મુલાકાત લઈ તાકીદે આદેશ કરે તેવી માંગ કરવામાં આવી છે.

આ આવેદનપત્રાની નકલ સ્થાનિક સાંસદ, ધારાસભ્ય, જિલ્લા પોલીસ વડા અને નગરપાલિકા ચીફ ઓફિસર સહિતના પદાધિકારીઓને પણ મોકલી આપવામાં આવી છે.

# જિલ્લામાં ધમધમતાં મોલમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ ચેકીંગ ક્યારે કરશે?

## એક્સપાઈયરી ડેટના કઠોર, બેસન, લોટ જેવા ખાદ્ય પ્રદાર્થો પેકટ તોડી લૂઝમાં વેચી નાંખતા હોવાની બૂમ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૧ :** તહેવારો શરૂ થતા પહેલા જ વલસાડ જિલ્લામાં ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા વિવિધ હોટેલ, રેસ્ટોરન્ટ અને ખાણીપીણીની દુકાનોમાં સઘન ચેકીંગ હાથ ધરી સેમ્પલો લેવામાં આવી રહ્યા છે. સેમ્પલ ફેલ થતાં સીલ મારવાથી લઈ મોટો દંડ વસૂલવાની કાર્યવાહી પણ કરવામાં આવી રહી છે. દિવાળીને લઈને આગામી દિવસોમાં ફરસાણ અને મીઠાઈની દુકાનોમાં પણ ચેકીંગ હાથ ધરાશે. પરંતુ સામાન્ય જનતામાં એક સવાલ ઉઠી રહ્યો છે કે નાની દુકાનો પર તવાઈ બોલાવતું તંત્ર જિલ્લાના ખ્યાતનામ મોટા મોલ અને નાના મોલમાં તપાસ કેમ હાથ ધરતું નથી? સૂત્રોના જણાવ્યા મુજબ મોટા મોલમાં પેકિંગ કરેલો કેટલોક માલ ખાવા લાયક કે રસોઈમાં વાપરવા લાયક હોતો નથી.

એટલું જ નહીં, એક્સપાયરી ડેટના કઠોળ, બેસન, લોટ જેવી વસ્તુઓના પેકેટ ખોલી લૂઝમાં વેચાણ માટે મૂકી દેવાતા હોવાની બૂમરાણ પણ ઉઠી રહી છે.

આવા પેકડ ફૂડ અને કરિયાણાની ગુણવત્તા શંકાસ્પદ હોવાથી ગ્રાહકોના સ્વાસ્થ્ય સાથે ચેડા થઈ રહ્યા હોવાની ફરિયાદો ઉઠી છે. ત્યારે ફૂડ એન્ડ ડ્રગ વિભાગે માત્ર નાના વેપારીઓને જ નહીં, પરંતુ મોટા મોલમાં પણ સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરી નિયમ મુજબ કાર્યવાહી કરે તેવી લોકમાંગ બળવત્તર બની છે.


# વાપીમાં રખડતાં ઢોરોનો ત્રાસ : વાહન ચાલકો, રાહદારીઓમાં ભય



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૧ :** વાપી શહેરમાં રખડતા પશુઓની સમસ્યા ફરી એકવાર ગંભીર બની રહી છે. શહેરના વિવિધ મુખ્ય માર્ગો અને રહેણાંક વિસ્તારોમાં રખડતા પશુઓ અડ્ડો જમાવીને બેસી રહેતા હોવાથી વાહનચાલકો તેમજ સ્થાનિક રહીશો ભારે પરેશાનીનો સામનો કરી રહ્યા છે. રસ્તા વચ્ચે અચાનક પશુઓ આવી જતા અકસ્માતની શક્યતા પણ વધી રહી છે. વાપીના નેહરુ સ્ટ્રીટ, દેસાઈવાડ, હનુમાન મંદિર વિસ્તાર, કચીગામ રોડ, વાપી મુખ્ય બજાર તેમજ ઝંડાચોક સહિતના વિસ્તારોમાં મોટી સંખ્યામાં રખડતા પશુઓ જોવા મળી રહ્યા હોવાની ફરિયાદો ઉઠી છે. કેટલાક પશુઓ મકાનો અને દુકાનોની આગળ અડ્ડો જમાવીને કલાકો સુધી બેસી રહેતા હોવાથી લોકોને અવરજવર કરવામાં પણ મુશ્કેલી પડી રહી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, રસ્તા પરથી પસાર થતા રાહદારીઓ પાછળ કેટલાક રખડતા પશુઓ દોડતા થઈ જતા હોય છે અને હુમલો કરવાના બનાવો પણ બની રહ્યા છે. ખાસ કરીને બાળકો, મહિલાઓ અને વૃદ્ધોમાં રખડતા પશુઓને લઈને ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. રખડતા પશુઓના કારણે વાહનચાલકો પણ જોખમમાં મુકાઈ રહ્યા છે. રસ્તા ઉપર અચાનક પશુઓ દોડતા થઈ જતા વાહનચાલકોને બ્રેક મારવી પડતી હોવાથી અકસ્માત સર્જાવાની શક્યતા વધી રહી છે. સ્થાનિક રહીશોએ વાપી મહાનગરપાલિકા તંત્ર સમક્ષ માંગ કરી છે કે શહેરના વિવિધ વિસ્તારોમાં તાત્કાલિક રખડતા પશુઓની ઓળખ કરી પશુપાલકો સામે કાર્યવાહી કરવામાં આવે. તેમજ જે પશુઓના માલિકોની ઓળખ થઈ શકે તેમ ન હોય તેવા રખડતા પશુઓને પકડી પાંજરાપોળમાં મોકલવાની કામગીરી હાથ ધરવામાં આવે, જેથી શહેરમાં સર્જાતા અકસ્માતના જોખમ અને રાહદારીઓ ઉપર થતા હુમલાની ઘટનાઓને અટકાવી શકાય.

# દમણમાં કાજલી તીજની ઉજવણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૧ :** શ્રાવણ મહિનાના અંધારિયાની ત્રીજા દિવસે ઉજવાતો કાજલી તીજનો તહેવાર સોમવારે દમણ જિલ્લામાં ભક્તિ અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે મહિલાઓએ પરંપરાગત વિધિઓ અનુસાર ઉપવાસ રાખ્યા અને પોતાના પરિવારની સુખ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

ઘણી જગ્યાએ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા, પરંપરાગત સંગીત વાદ્યોના ગુંજારવ વચ્ચે, મહિલાઓએ તીજ ગીતો ગાયા હતા અને ઉત્સાહથી તહેવારની ઉજવણી કરી હતી. આ કાર્યક્રમો દરમિયાન મહિલાઓએ પરંપરાગત નૃત્યો પણ રજૂ કર્યા. મોડી સાંજ સુધી ચાલુ રહેલા કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં મહિલાઓએ ભાગ લીધો અને વાતાવરણ ઉત્સવમય વાતાવરણથી ભરાઈ ગયું હતું.

## જોઈએ છે

૧ વાપી ખાતે છરવાડા ગામે આવેલ શંકર ભગવાન ના મંદિર માટે પુજારીની જરૂર છે જેમેને રહેવાની સગવડ પણ આપવામાં આવશે. ઈચ્છુક વ્યક્તિ એ સંપર્ક કરવો

૨ વાપી છરવાડા ગામ ખાતે આવેલ ઓફિસ માટે લાયઝોનીંગ અને કલાર્કનુ કામ કરી શકે એવા માણસની જરૂર છે જેને લાયઝોનીંગના કામનો ઓછામાં ઓછો પાંચ વર્ષ નો હોવો જોઈએ. ઈચ્છુક વ્યક્તિ એ સંપર્ક કરવો

## વેચવાનું છે

વાપી મહાનગર પાલીકા ના છરવાડા રહેણાંક વિસ્તારમાં NA 2500 Sqf નો પ્લોટ જેમાં લાઈટ, પાણીની તથા રોડની સુવિધા સાથે વેચવાનો છે ઈચ્છુક વ્યક્તિ એ ઉપર સંપર્ક કરવો

સંપર્ક નં : 8140977999

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S

## VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)

unleash your true potential
VIDYA DHAM INTERNATIONAL SCHOOL • VAPI •
LIFE LONG LEARNING

ADMISSIONS OPEN
Academic Session
2026-2027
Nursery to Std. 10


12th Year Anniversary

SPECIAL OFFERS

% Early Bird Discount
Till 31st March

FREE Textbooks
From Nursery to Std 10

Special Concession
On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328

ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

## નેમિનાથ ટ્રેડર્સ

ખીલા
વાયર
વેલ્ડમેસ
ખીલી
હુક
જાળી
નટબોલ્ટ

ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 /

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

મુક્તિધામ ખાતે સમસ્ત પિતૃઓના મોક્ષાર્થે

## ઊંડાચમાં ભજન-ધૂનનો કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૦૧ :** દેવાધિદેવ મહાદેવની આરાધના અને પુણ્ય ઉપાર્જનના પરમ પવિત્ર શ્રાવણ માસ દરમિયાન ધાર્મિક કાર્યો, જપ-તપ અને પિતૃ તર્પણનું સવિશેષ અને અલૌકિક મહત્વ રહેલું છે. શ્રાવણ માસમાં થતાં સત્કર્મો અને હરિનામ સંકીર્તનથી પિતૃઓને ઉત્તમ ગતિ પ્રાપ્ત થાય છે. તેવી લોકશ્રદ્ધા સાથે ઊંડાચ ગામના રાઘવ ફળીયા સ્થિત મુક્તિ ધામ ખાતે સમસ્ત માતૃ-પિતૃઓના મોક્ષાર્થે ૧૨ કલાક અખંડ ભજન, ધૂન અને સંકીર્તન મહોત્સવનું ભવ્ય અને ભાવપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું. ધાર્મિક મહોત્સવ રવિવારે સવારે ૧૦ વાગ્યાથી પ્રારંભ થઈ રાત્રિના ૧૦ વાગ્યા સુધી અવિરતપણે ૧૨ કલાક ચાલ્યો હતો. હારમોનિયમના મધુર સૂર અને તબલા-ઢોલકના તાલે ભજન મંડળીઓ દ્વારા શિવ આરાધના, ઈશ્વર સ્તુતિ તેમજ ભક્તિરસથી છલકાતા ભજનો અને રામધૂનની રમઝટ 'બોલાવવામાં આવી હતી. ' બંકિમ સાઉન્ડ સિસ્ટમૅ દ્વારા પ્રથમ વર્ષના ઉપલક્ષ્યમાં ધ્વનિ વ્યવસ્થા સંભાળવામાં આવી હતી. મુક્તિધામ જેવા પવિત્ર સ્થળે પિતૃઓના કલ્યાણ અને મોક્ષાર્થે આયોજિત આ ભજન-ધૂન કાર્યક્રમમાં ગામ તેમજ આસપાસના વિસ્તારના ભાવિક ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભક્તિમાં લીન બની ધન્યતા અનુભવી હતી.

## ખેરગામમાં ગામસૂચક બોર્ડ બિનઉપયોગી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા. ૦૧ :** આ છબીમાં દેખાતું સાત વિવિધ બીનઉપાયોગી નામ સૂચક મોટું ખર્ચાળ પાટીયું જેમાં માત્ર તીર સૂચક નાનકડું પાટિયું -તાડ ફળીયા- ખેરગામ - લખેલું મૂકવાના બદલે મામ વિભાગે રોડફર્નિચરના નામે ખર્ચાળ ઊભું પાટીયું મુકેલુ છે જે સાંકડા રસ્તે જનારા માટે બિનઉપયોગી છે તેને આ ૭ નામ ખેરગામ બજાર, પાણીખડક જામનપાડા ચીમનપાડા વલસાડ અટગામ ગુંડલાવ, (ગુંદલાવ હોવું જોઈએ) પુષ્પ શાંતિ (શું છે) - વાંચવાની જરૂર પડતી નથી. તેનું લક્ષ્ય માત્ર તાડ ફળિયામાં જવાનું છે, જે લખાયું નથી. જ્યારે બાજુમાં ઉભેલા દિતીયા બાપા સ્થાનકના વડીલ મોટી છત્રી ખભે ભેરવીને ઉભા છે. આ રીતે છત્રી ભેરવીને ચાલનાર માત્ર ગામડામાં જ જોવા મળે, શહેરમાં નહીં! મોટી છત્રી હજી પણ ગામડાઓમાં જ ઉપયોગી બની છે. જેનજી પેઢીને તો તે પકડવી પણ શરમ જનક લાગે છે.

## ગણદેવીમાં ઓઇલ પામની વૈજ્ઞાનિક ખેતી અંગે ખેડૂત તાલીમ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૦૧ :** નેશનલ મિશન ઓન એડિબલ ઓઈલ્સ-ઓઈલપામ (NMEO-OP) અંતર્ગત નાયબ બાગાયત નિયામકની કચેરી, નવસારી દ્વારા અમલસાડ વિ.વિ.કા.સ. ખેડૂત મંડળી લિમિટેડ, તા.ગણદેવી ખાતે ઓઈલ પામની ખેતી વિષય પર એક દિવસીય 'ખેડૂત તાલીમ' કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં નવસારી જિલ્લાના જલાલપોર, નવસારી અને ગણદેવી તાલુકાની વિવિધ મંડળીઓના પ્રમુખ, ઉપ પ્રમુખ તેમજ સેક્રેટરીઓ ઉપસ્થિત રહ્યા હતાં. તાલીમ દરમિયાન નાયબ બાગાયત નિયામક દિનેશ પડાલિયા દ્વારા ખેડૂતોને ઓઈલ પામની વૈજ્ઞાનિક વાવેતર પદ્ધતિ, સરકારી સબસિડી, ગુણવત્તાયુક્ત રોપાઓ તેમજ ચાર વર્ષ સુધી આંતરપાક લઈ શકાય તે અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પતંજલિ ફૂડ્સ કંપની, આણંદના મેનેજરશ્રી ભાનુ પ્રતાપએ ખેડૂતોને ઉત્પાદિત ફ્રેશ ફ્રુટ બંચ (FFB)ની ગેરંટીડ ખરીદી (Assured Buyback), નિર્ધારિત દર, બજાર વ્યવસ્થાપન અને પ્રોસેસિંગ અંગે માહિતી આપી હતી.

આ પ્રસંગે ખેરગામ તાલુકાના વાડ ગામના પ્રગતિશીલ ખેડૂત અનિલસિંહ ઠાકોરે પોતાના સફળ અનુભવ અંગે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૬માં ૨ હેક્ટર વિસ્તારમાં ૨૮૬ ઓઈલ પામના રોપા વાવીને શરૂઆત કરી હતી. છેલ્લા ૧૦ વર્ષથી ઓઈલ પામના પાક થકી તેમને નિયમિત અને સતત આવક મળી રહી છે. પતંજલિ કંપનીની ગેરંટીડ ખરીદીને કારણે દર મહિને સીધી બેંક ખાતામાં ચુકવણી મળતી હોવાથી બજારના ઉતાર-ચઢાવનો સામનો કરવો પડતો નથી. ખેરગામ તાલુકાના આછવણી ગામના ખેડૂત મહેશ ગુલાબએ પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી ઓઈલ પામનું વાવેતર કરી મેળવેલા પોતાના સફળ અનુભવની માહિતી અન્ય ખેડૂતો સાથે શેર કરી હતી. ઓઈલ પામમાં ગેરંટીડ ખરીદી, ઓછા શ્રમ અને ઓછી મજૂરીથી વધુ આવકની શક્યતા તેમજ બાગાયત વિભાગ દ્વારા બોરવેલ અને ટ્રેક્ટર જેવા ઘટકોમાં મળતી સહાય અંગે માહિતી મેળવવા વિસ્તારના મોટી સંખ્યામાં ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

પ્રધાનમંત્રીના નવસારી જિલ્લાના પ્રવાસ કાર્યક્રમ સંદર્ભે

## નવસારીમાં સમીક્ષા બેઠક મળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૦૧ :** દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આગામી તા.૮મી સપ્ટેમ્બરના રોજ નવસારી જિલ્લા ખાતેના પ્રવાસ કાર્યક્રમને અનુલક્ષીને પ્રોટોકોલ મુજબ કાર્યક્રમનું સુચારૂ, સલામત અને સુવ્યવસ્થિત આયોજન થાય તે હેતુથી નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના અધ્યક્ષસ્થાને જિલ્લા કલેકટર કચેરીના સભાખંડમાં સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી , જિલ્લા પોલીસ અધિક્ષક રાહુલ પટેલ, નિવાસી અધિક કલેકટર જે.એન. લિખીયા, નાયબ મ્યુનિસિપલ કમિશનર, પ્રાંત અધિકારીઓ, માર્ગ અને મકાન, મામલતદારઓ, વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતાં. જિલ્લા કલેક્ટરએ પ્રધાનમંત્રીના કાર્યક્રમ સંદર્ભે અલગ-અલગ વિભાગોની બનાવવામાં આવેલી સમિતિઓને સોપાયેલી કરવાની અંગે વિગતવાર સમીક્ષા કરી હતી. તમામ અધિકારીઓને પરસ્પર સંકલન જાળવીને કાર્યક્રમ સુચારૂ રીતે સંપન્ન થાય તે માટે જરૂરી સુચનાઓ આપી હતી. સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા, વી.વી.આઈ.પી. સુરક્ષા બંદોબસ્ત, પાર્કિંગ, સભા સ્થળ/ હેલિપેડ ખાતે સુરક્ષા મોનિટરિંગ, એસપીજી અને અન્ય સુરક્ષા એજન્સીઓ સાથે સુચારુ સંકલન, મુખ્ય સ્ટેજ અને બેઠક વ્યવસ્થા, પ્રોટોકોલ મુજબ મંચ પર અગ્રણીઓ તથા મહાનુભાવો માટે બેઠક આયોજન અને પાસ ઈશ્યુ કરવા અંગે સંબધિત અધિકારીઓને નિર્દેશ આપ્યા હતાં. વીજ પુરવઠો જળવાય રહે, સભા સ્થળ, સ્ટેજ અને હેલિપેડ પર અવિરત વીજ પુરવઠો અને જનરેટર સેટની સુવિધા, બીએસએનએલ અને NIC દ્વારા હોટલાઈન બ્રોડબેન્ડની કનેક્ટિવિટી પૂરી પાડવા, સફાઈ, પીવાનું પાણી અને ફૂડ સેફટી સહિતની વ્યવસ્થાઓ કરવાની સુચના આપી હતી.

## નવસારી પોસ્ટ ખાતાની ડાક અદાલત યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૦૧ :** - સિનીયર સુપ્રીટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફીસીસ, નવસારી ડીવીઝન દ્વારા પોસ્ટ ખાતાની ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. આ ડાક અદાલત તા. ૦૭/૦૯/૨૦૨૬ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે યોજાશે. આ ડાક અદાલતમાં ટપાલ ખાતાના નીતિ-વિષયક મુદ્દાઓ સિવાયની તથા ટપાલ સેવામાં એક જ વિષયને સ્પર્શતી ફરિયાદો રજૂ કરી શકાશે. નાગરિકોએ પોતાની ફરિયાદ લેખિતમાં ઓફિસ ઓફ સિનીયર સુપ્રીટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફીસીસ, નવસારી ડીવીઝન, નવસારી-૩૯૬૪૪૫ના સરનામે મોકલવાની રહેશે.

ફરિયાદો ઉપરોક્ત કચેરીને તા.૦૨/૦૯/૨૦૨૬ સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે. તા.૦૨/૦૯/૨૦૨૬ બાદ મળનાર ફરિયાદો ડાક અદાલતમાં ધ્યાનમાં લેવામાં આવશે નહીં. નાગરિકોને પોતાની ટપાલ સેવા સંબંધિત યોગ્ય ફરિયાદો નિયત સમયમર્યાદામાં મોકલી ડાક અદાલતનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

નંદુરબાર આહિર સુવર્ણકાર સમાજ દ્વારા

## ડાંગના નિવૃત્ત ગ્રંથપાલ દત્તાત્રેય મોરેનું 'સુવર્ણરત્ન' સન્માન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા.૦૧ :** ૧૯૯૦માં સ્થપાયેલી ૩૬ વર્ષ જૂની પ્રતિષ્ઠિત સંસ્થા નંદુરબાર આહિર સુવર્ણકાર સમાજ દ્વારા વિદ્યાર્થી ગુણગૌરવ અને સ્નેહમિલન સોહળો ૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદના સંજય બાબુરાવ બાગુલના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં ગુજરાત અને મહારાષ્ટ્રના ૩૦ જિલ્લા પ્રમુખો સહિત ૩૫૦થી વધુ સમાજબંધુઓ ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમની શરૂઆત ગત એક વર્ષમાં સ્વર્ગસ્થ થયેલા સમાજબંધુઓને તથા આસામ અને નેપાલના કુદરતી હોનારતીરાર્થીને મૌન શ્રદ્ધાંજલિ સાથે કરાઈ હતી. સોનાર સમાજના આરાધ્ય સંત શિરોમણી નરહરી મહારાજની પ્રતિમા સમક્ષ દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. સમાજના ઉપાધ્યક્ષ અજય વાઘે સ્વાગત પ્રવચન કર્યું હતું. આ પ્રસંગે મુંબઈના આદ્ય સમાજસેવક, નવી મુંબઈના શિલ્પકાર અને કન્યા કેળવણીના પ્રણેતા નાના શંકરશેઠની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું.

સુવર્ણરત્ન પુરસ્કારથી સન્માન આ વર્ષનો માનનો સુવર્ણરત્ન પુરસ્કાર ૨૦૨૬ ડાંગના નિવૃત્ત ગ્રંથપાલ અને શૈક્ષણિક, સામાજિક અને આધ્યાત્મિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર શ્રી દત્તાત્રેય બંસીલાલ મોરે (આહવા-સુરત) ને એનાયત કરવામાં આવ્યો.

આ ઉપરાંત ભગવાનશેઠ ખારોટે (દેવલા), મંગળતાઈ આહીરરાવ (પિંપળનેર), એમ.કે. ભામારે (શિરપુર) અને સુરેશશેઠ વાનખેડે (નંદુરબાર) ને પણ સુવર્ણચંદ્રકથી સન્માનિત કરાયા હતાં. આ પુરસ્કાર મે. સ્નેહા ઈલેક્ટ્રિકલ્સ, નંદુરબારના લક્ષ્મણ અને રાહુલ પિંગળેના સૌજન્યથી આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે ૮૫ વર્ષથી વધુ વયના વડીલોનો જીવનગૌરવ પુરસ્કાર અને ધો. ૫ થી કોલેજ સુધીના ૬૦ તેજસ્વી વિદ્યાર્થીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન કોપરલી હાઈસ્કૂલના શ્રી ભૂષણ સોનાર અને પંકજ વાનખેડેએ કર્યું હતું. વંદેમાતરમ સાથે કાર્યક્રમ પૂર્ણ થયો હતો.વિશેષ આકર્ષણ જગપ્રસિદ્ધ કલાકાર ભગવાનશેઠ ખારોટે દ્વારા માત્ર ૧ મિલી એટલે કે ૦.૦૦૧ ગ્રામ સોનામાં બનાવેલી ૨૫૬ ગણપતિ મૂર્તિઓનું પ્રદર્શન, જે ફક્ત સૂક્ષ્મદર્શક યંત્રથી જ જોઈ શકાય છે, તે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

## નવસારીમાં જિલ્લા મેજિસ્ટ્રેટે ધ્વનિ પ્રદુષણ અંગે જાહેરનામા દ્વારા પ્રતિબંધ ફરમાવ્યો

(દમણગંગા ટાઈમ્સ)

**નવસારી, તા. ૦૧ :** ધ્વનિ પ્રદુષણને અંકુશમાં લાવવા અને જાહેર જનતાના જીવનધોરણની ગુણવત્તા જરૂરી છે. વિભિન્ન પાર્ટી પ્લોટ, જાહેર સંસ્થાઓ, ખાનગી માલિકોના ફાર્મ તથા અન્ય જગ્યાઓએ મોટા અવાજ કરતા યંત્રો વગાડીને જાહેર જનતાને નુકશાન થાય તેવી રીતે વર્તતા હોય છે. સરઘસો, રેલીઓ અને વરઘોડામાં માઈક, લાઉડ સ્પીકર તથા ડી.જે. (ડીસ્ક જોકી) સિસ્ટમ વગાડનારાઓ લાંબા સમય સુધી જાહેર માર્ગો પર ઉભા રહી ટ્રાફિકને અડચણ કરી ટ્રાફિક જામ કરે છે અને વધુ ધ્વનિ તીવ્રતાથી મોટા કર્ણભેદી અવાજો, ઘોંઘાટમય સંગીત, ગીતો રેલાવી વિદ્યાર્થીઓના અભ્યાસમાં, દર્દીઓના આરામમાં, સિનિયર સીટીઝન અને લોકોના સ્વાસ્થ્યને નુકશાન કરી /કરાવી તબીબોના કામમાં ખલેલ પહોંચાડે છે. માઈક, લાઉડ સ્પીકર તથા ડી.જે. (ડીસ્ક જોકી) સિસ્ટમના અનિયંત્રિત પ્રયોગથી સંવેદનશીલ વિસ્તારોમાં સાંપ્રદાયિક અથડામણોના બનાવો પણ બની શકે છે. તેના પરિણામે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વિપરીત અસર થવાની સંભાવનાઓ વધી જાય છે.

જેને અનુલક્ષીને નવસારી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ જે.એન. લિખિયાએ મળેલી સત્તાની રૂએ એક જાહેરનામાં દ્વારા જિલ્લામાં કોઈ પણ પ્રકારની સુલેહશાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે કેટલાક કૃત્યો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યાં છે.

લાઉડ સ્પીકર/કોઈપણ પ્રકારની સાઉન્ડ સિસ્ટમ લગાવેલા ડી.જે. ટ્રક ધ્વનિ પ્રદૂષણના નિયમોનું ઉલ્લંઘન કરે તો તેમના વિરુદ્ધ તાત્કાલિક નિયમાનુસાર પગલાં લેવાના રહેશે. લાઉડ સ્પીકર/કોઈપણ પ્રકારની સાઉન્ડ સિસ્ટમ લગાવેલા કોઈપણ નવા ડી.જે. ટ્રકને અન્ય સૂચનાઓ પ્રસિદ્ધ ન થાય ત્યાં સુધી પરવાનગી આપવાની રહેશે નહિ. ડી.જે. ટ્રક માટે સંબંધિત સત્તાવાળાની પરવાનગી લેવામાં આવેલ છે કે કેમ તે અંગેની સંબંધિત સત્તાવાળાએ પૂરતી ચકાસણી કરવાની રહેશે તેમજ પરવાનગી વિના ડી.જે. ટ્રક ઉપયોગમાં લેવાતા હોવાની બાબત ધ્યાનમાં આવે તે કિસ્સામાં તાત્કાલિક આવા ડી.જે. ટ્રક જપ્ત કરવાના રહેશે.

## સુબિર વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સુરક્ષાકર્મીઓ અને સરકારી કર્મીઓને રક્ષાબંધનની ભેટ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૦૧ :** પવિત્ર તહેવાર એવા રક્ષાબંધનના અવસરે વિશ્વ હિન્દુ પરિષદ (વિહિપ) સુબિર પ્રખંડ દ્વારા એક પ્રેરણાદાયી અને હૃદયસ્પર્શી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત સુબિર તાલુકાના અવિરત લોકસેવામાં કાર્યરત વિવિધ સરકારી કાર્યાલયોના સ્ટાફ અને સુરક્ષાકર્મીઓને બહેનોએ પોતાના હાથે રાખડી બાંધી ઉત્સાહપૂર્વક રક્ષાબંધનની ઉજવણી કરી હતી. પ્રજાની સુરક્ષા, કાયદો અને વ્યવસ્થા તેમજ લોકકલ્યાણના કાર્યોમાં સતત ખડેપહેલે રહેતા કર્મચારીઓની નિષ્ઠાને બિરદાવવા માટે સુબિર પ્રખંડની બહેનોએ ઉત્સાહભેર વિવિધ સરકારી સંસ્થાઓની મુલાકાત લીધી હતી. આ અભિયાન દરમિયાન બહેનો દ્વારા સુબિર તાલુકા પંચાયત કચેરી, મામલતદાર કચેરી સુબિર, ફોરેસ્ટ ઓફિસ સુબિર અને પોલીસ સ્ટેશન સુબિર ખાતે ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓને રોળ, તિલક કરી, મોં મીઠું કરાવીને રક્ષા સૂત્ર (રાખડી) બાંધવામાં આવી હતી. દિવસ-રાત જોયા વગર જનસેવા અને દેશસેવામાં સમર્પિત રહેતા આ તમામ સ્ટાફગણે બહેનોના હસ્તે રાખડી બંધાવીને આશીર્વાદ અને સ્નેહ પ્રાપ્ત કર્યો હતો. સાથે જ, ઉપસ્થિત તમામ અધિકારીઓએ બહેનોની સુરક્ષા અને સન્માન માટે હંમેશા તત્પર રહેવાની પોતાની પ્રતિબદ્ધતા દોહરાવી હતી. વિશ્વ હિન્દુ પરિષદ સુબિર પ્રખંડ દ્વારા યોજાયેલા આ વિશિષ્ટ કાર્યક્રમે ભાઈ-બહેનના પવિત્ર સંબંધોની સાથે-સાથે પ્રશાસન અને પ્રજા વચ્ચેના સેતુને વધુ મજબૂત બનાવ્યો હતો, જેને લઈને સમગ્ર સુબિર પંથકમાં ખુશી અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

## બોરીયાચ પ્રા. શાળા ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો




**નવસારી, તા.૦૧ :** બોરીયાચ ગામની પ્રાથમિક શાળા ખાતે ગ્રામજનોને સરકારની વિવિધ યોજનાઓ અને સેવાઓનો લાભ સરળતાથી મળી રહે તે હેતુથી સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન ગ્રામજનોને વિવિધ સરકારી સેવાઓ તથા યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું તેમજ જરૂરી સેવાઓનો લાભ સ્થળ પર જ મળી રહે તે માટે કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ પ્રસંગે તાલુકા પંચાયત સભ્ય ઉમેશભાઈ તાલાવીયા, બોરીયાચના સરપંચ સુનિલભાઈ હળપતિ, ડેપ્યુટી સરપંચ નિહાલ પટેલ, અષ્ટગામના સરપંચ વિશાલભાઈ તથા ગ્રામ પંચાયત સભ્ય હસમુખભાઈ માહ્યાવંશી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૦૨-૦૯-૨૦૨૬, **વાર :** બુધવાર **તિથિ :** શ્રાવણ, છઠ, **સૂર્યોદય :** ૦૬ : ૨૬ **સૂર્યાસ્ત** ૦૬ :૫૨, **ચંદ્રોદય** - ૧૦:૧૧ **ચંદ્રાસ્ત** - ૧૨:૦૭ **ચંદ્ર રાશિ :** મેષ, **નક્ષત્ર** - ભરણી

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** ચંદ્ર તમારી જ રાશિમાં હોવાથી આત્મવિશ્વાસ વધશે. ઓફિસ અને કરિયરમાં પોતાની જવાબદારીઓ જાતે સંભાળવાની ઈચ્છા થશે.

**વૃષભ (બ, વ, ઉ) :** આજના દિવસે અચાનક મોટો ખર્ચ થવાની સંભાવના છે, તેથી બજેટ પ્રત્યે સાવધ રહેવું. કાર્યક્ષેત્રમાં ધીરજ અને સમજદારીથી કામ લેવું.

**મિથુન (ક, ઘ, ચ) :** તમારી રાશિમાં મંગળ હોવાથી કમાણી વધારવાના પ્રયાસો ઝડપી બનશે.

**કર્ક (ડ, હ) :** ગુરુના પ્રભાવથી ભવિષ્ય પ્રત્યેનો ભરોસો અને આત્મવિશ્વાસ મજબૂત થશે. ઓફિસ કે વેપારમાં વરિષ્ઠ અધિકારીઓનો સહયોગ મળશે.

**સિંહ (મ, ટ) :** સૂર્ય અને બુધ તમારી રાશિમાં હોવાથી કાર્યક્ષેત્રમાં તમારી વાણીનો પ્રભાવ વધશે અને નવી ઓળખ મળશે. નાણાકીય નિર્ણયોમાં આત્મવિશ્વાસ જણાશે.

**કન્યા (પ, ઠ, ણ) :** આર્થિક બાબતોમાં વધારે સતર્કતા રાખવી જરૂરી છે. તમારા કામમાં ચોકસાઈ અને સફાઈ જાળવવાનો આગ્રહ રાખશો.

**તુલા (ર, ત) :** તમારી રાશિના સ્વામી શુક્ર બપોર પછી તમારી જ રાશિમાં પ્રવેશ કરી રહ્યા હોવાથી આર્થિક નિર્ણયો અને સંબંધોમાં સારો તાલમેલ જોવા મળશે.

**વૃશ્ચિક (ન, ય) :** નાણાકીય બાબતો અને ભવિષ્યની યોજનાઓને ગુપ્ત રાખવી વધુ ફાયદાકારક રહેશે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** સમજી-વિચારીને કરેલું રોકાણ ભવિષ્યમાં મોટો લાભ આપી શકે છે.

**મકર (ખ, જ) :** આજના દિવસે પરિવાર અને કામકાજ વચ્ચે સંતુલન જાળવવું પડશે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** તમારી બૌદ્ધિક ક્ષમતા અને નવી વિચારસરણીને કારણે કાર્યક્ષેત્રમાં લાભ થશે.

**મીન (દ, ચ, થ, ઝ) :** શનિની સ્થિતિને કારણે જૂના અટકેલા કાર્યો કે દસ્તાવેજોની ફરી તપાસ કરવી જરૂરી બનશે.

## દમણ રેડિયો

**102.3 FM**

બુધવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫ઃ૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૬૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 5 | | 1 | | 4 | | 3 | |
| | | 6 | | | | 8 | | |
| 4 | | | 2 | | 9 | | | 6 |
| 7 | | 9 | 6 | | 8 | 5 | | 2 |
| | | | | | | | | |
| 8 | | 4 | 3 | | 5 | 7 | | 1 |
| 1 | | | 4 | | 2 | | | 3 |
| | | 7 | | | | 2 | | |
| | 8 | | 5 | | 1 | | 7 | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૬૪ નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 1 | 2 | 7 | 5 | 9 | 6 | 3 | 6 |
| 6 | 8 | 3 | 2 | 4 | 1 | 7 | 5 | 9 |
| 9 | 7 | 5 | 3 | 8 | 6 | 4 | 1 | 2 |
| 7 | 5 | 4 | 6 | 3 | 8 | 2 | 9 | 1 |
| 8 | 6 | 9 | 5 | 1 | 2 | 3 | 7 | 4 |
| 2 | 3 | 1 | 9 | 7 | 4 | 6 | 8 | 5 |
| 3 | 4 | 7 | 1 | 6 | 5 | 9 | 2 | 8 |
| 5 | 9 | 6 | 8 | 2 | 7 | 1 | 4 | 3 |
| 1 | 2 | 8 | 4 | 9 | 3 | 5 | 6 | 7 |

VAPI PAGE - 03

# સ્થાનિક સમાચાર

● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ

Wednesday 02, September 2026

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત

## ધરમપુર પોલીસે રૂા. ૨.૨૩ લાખનો મુદ્દામાલ મૂળ માલિકોને પરત કર્યો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૧ :** ધરમપુર પોલીસ સ્ટેશન દ્વારા તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત નાગરિકોના ખોવાયેલા તથા ગુમ થયેલા ૧૨ મોબાઈલ ફોન અને સોનાનું બ્રેસલેટ તથા ચેઈન મળી કુલ રૂ. ૨.૨૩ લાખનો મુદ્દામાલ મૂળ માલિકોને પરત કરવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા ખોવાયેલા મોબાઈલ ફોનની ઘ્દ્દ્ પોર્ટલ પર નોંધણી સહિતની કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરી મોબાઈલ ફોન પરત કરવામાં આવ્યા હતા. તેમજ ધરમપુર પોલીસ સ્ટેશનના ગુના નં. ૦૬૧૯/૨૦૨૬માં કબજે કરાયેલ સોનાનું બ્રેસલેટ અને ચેઈન પણ તેના મૂળ માલિકને સોંપવામાં આવ્યા હતા. આ કામગીરી મદદનીશ પોલીસ અધિક્ષક ડૉ. સંદીપ ટી. (IPS), ધરમપુર વિભાગ તથા ધરમપુર પોલીસ સ્ટેશનના પી આઈ એન. ઝેડ. ભોયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.

## જીઆઈડીસીના પ્લોટ ધારકો માટે એમ્નેસ્ટી યોજના જાહેર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૧ :** ગુજરાત સરકારે 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'ને વધુ વેગ આપવા માટે જીઆઈડીસી ના પ્લોટ ધારકો માટે મહત્વપૂર્ણ એમ્નેસ્ટી યોજના જાહેર કરી છે. આ યોજનાથી જૂની બાકી સ્ટેમ્પ ડ્યુટીના મામલામાં પાત્ર MSME એકમોને મોટી રાહત મળશે. અને ફક્ત ૨૦ ટકા પેનલ્ટી ભરી રેગ્યુલેશન કરાશે

ગુજરાત સરકાર ના ઉદ્યોગ મંત્રાલય દ્વારા જાહેર કરેલ આ યોજનાને વાપી વીઆઈએના પ્રમુખ સતિષભાઈ પટેલ અને તેમની ટીમ તથા વાપીના ઉદ્યોગકારો માં ખુશીની લહેર ફેલાઈ જવા પામે છે.

આ યોજના હેઠળ માન્ય ઉદ્યમ સર્ટિફિકેટ ધરાવતા ઘ્દ્દ્ એકમોને જૂની બાકી સ્ટેમ્પ ડ્યુટીમાં ૮૦ ટકા સુધીની રાહત આપવામાં આવશે. લાભાર્થી પક્ષકારોએ બાકી ડ્યુટીના માત્ર ૨૦ ટકા તેમજ લાગુ પડતી પેનલ્ટી ભરવાની રહેશે આ એમ્નેસ્ટી યોજનામાં ૩૦ જૂન, ૨૦૨૫ સુધી થયેલા એલોટમેન્ટ લેટર, શેર ટ્રાન્સફર તેમજ મિલકત તબદીલીના વ્યવહારોને આવરી લેવામાં આવ્યા છે. જોકે, દંડ અને ડ્યુટીની રકમ ભર્યા બાદ સંબંધિત મિલકતની કાયદેસર નોંધણી કરાવવી ફરજિયાત રહેશે.આ ઉપરાંત, જે મામલાઓમાં કોર્ટમાં પિટિશન અથવા અપીલ કરવામાં આવી હોય તેમાં તે પરત ખેંચવાની શરતે પણ યોજનાનો લાભ મળી શકશે.

સરકારના આ નિર્ણયથી વાપી જીઆઈડીસી માં આવેલા ઉદ્યોગ સમૂહના વીઆઈ એ ના પ્રમુખ સતિષભાઈ પટેલ અને તેમની ટીમ દ્વારા પણ આવકારી છે.

## નાનાપોંઢામાં 'સેવા સેતુ' કાર્યક્રમ યોજાયો

**અંદાજે ૮૦૦ નાગરિકોના પ્રશ્નો અને રજૂઆતો સાંભળવામાં આવી**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૦૧ :** મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારનું 'સેવા સેતુ' અભિયાન લોકાભિમુખ અને સંવેદનશીલ પ્રશાસનનું ઉત્તમ ઉદાહરણ છે. જે અંતર્ગત આજરોજ નાનાપોંઢા ખાતે આદર્શ નઈ તાલીમ પ્રાથમિક શાળામાં ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને તાલુકા કક્ષાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અંદાજે ૮૦૦ જેટલા નાગરિકોના પ્રશ્નો અને રજૂઆતોને સાંભળવામાં આવી હતી. ધારાસભ્યએ સંબંધિત વિભાગના અધિકારીઓને જરૂરી કાર્યવાહી માટે માર્ગદર્શન પણ આપ્યું હતું. આ પ્રસંગે લાભાર્થીઓને સંબોધતા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ જણાવ્યું કે, સરકારી યોજનાઓનો લાભ છેવાડાના નાગરિક સુધી પહોંચે અને પ્રજાના પ્રશ્નોનું સમયસર તથા અસરકારક નિરાકરણ થાય તે માટે રાજ્ય સરકાર હરહંમેશ કટિબદ્ધ છે.

## વાપીની શ્રી એલ.જી. હરિયા મલ્ટી પર્પઝ શાળાનું ગૌરવ

**વિદ્યાર્થીઓ જિલ્લાકક્ષાની વોલીબોલ સ્પર્ધામાં ઝળકયા : રાજયકક્ષા માટે ક્વોલિફાય થયા**





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૧ :** વાપીની શ્રી.એલ.જી હરિયા મલ્ટી પર્પઝ સ્કૂલને ગર્વ થાય છે, કે શાળાના વિદ્યાર્થીઓએ ૨૫મીઓગસ્ટે ૨૦૨૬ ના રોજ જિલ્લા કક્ષાની SGFI બીચ વોલીબોલ સ્પર્ધામાં ભાગ લીધો હતો. અને શાનદાર પ્રદર્શન કરીને( સ્ટેટ લેવલ ) રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે ક્વોલિફાય થયા છે. જેમાં અંડર-૧૪ છોકરીઓની ટીમેં કુમારી અદિતિ શર્મા, જિયા ભાનુશાલી અને વૈભવી સિંગે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને ચેમ્પિયન બનવાનો ગૌરવ મેળવ્યો છે અને રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે ક્વોલિફાય થયા છે.અંડર-૧૪ છોકરાઓની ટીમેં માસ્ટર યશ પ્રતાપ સિંગ , સુશાંત સિંગ અને અંશ પવારે શાનદાર પ્રદર્શન કરીને ચેમ્પિયન બનવાનો ગૌરવ મેળવ્યો છે અને રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામી છે. અંડર-૧૯ છોકરીઓની ટીમેં કુમારી પરિધી પાટીલ, અંકિતા માલી અને સુમન યાદવે ઉત્તમ રમતનું પ્રદર્શન કરીને દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. તમામ પ્રતિભાગીઓ વિજેતાઓને,શ્રી કૌશિક હરિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશન ચેરમેન એ.કે શાહ અને મેનેજિંગ ટ્રસ્ટ બિમલ હરિયા અને શાળાના આચાર્ય બીન્ની પોલ તથા સ્ટાફ વતી અભિનંદન અને આશીર્વાદ પાઠવવામાં આવે છે.

## સલવાવની ફાર્મસી કોલેજનું ગૌરવ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૧ :** ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા સમર-૨૦૨૬ માં લેવાયેલી પ્રથમ વર્ષ બી. ફાર્મસીના બીજા સેમેસ્ટરની પરીક્ષાનું ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા તારીખ ૨૯/૦૮/૨૦૨૬ શનિવારના રોજ જાહેર કરેલ પરિણામમાં શ્રીમતી ભાવનાબેન નાનુભાઈ બાંભરોલીયા સ્વામિનારાયણ ફાર્મસી કોલેજના ૫ વિદ્યાર્થીઓએ સમગ્ર ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના ટોપ-૧૦ માં ૧૦.૦૦ માંથી ૧૦.૦૦ એસ.પી.આઈ. પ્રાપ્ત કરી ઐતિહાસિક સિધ્ધી મેળવી કોલેજનું ગૌરવ વધાર્યું જી.ટી.યુ. ટોપ-૧૦ માં સ્થાન મેળવવાની ગૌરવપૂર્ણ પરંપરા યથાવત જાળવી રાખી છે અને ૪૭ વિદ્યાર્થીઓએ ૮.૦૦ થી વધુ એસ.પી.આઈ. મેળવી કોલેજ અને સંસ્થા માટે ગૌરવપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના ટોપ-૧૦માં સ્થાન મેળવનારા વિદ્યાર્થીઓના સી.પી.આઈ. અને એસ.પી.આઈ. વાઈઝ પરિણામોમાં કોલેજના વિદ્યાર્થીઓએ નોંધપાત્ર ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. જેમાં યશ્વી દોલત પટેલ ૯.૭૮ સી.પી.આઈ. તથા ૧૦.૦૦ માંથી ૧૦.૦૦ એસ.પી.આઈ. મેળવી સમગ્ર ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી પોતાની ઉત્કૃષ્ટ સિદ્ધિ દ્વારા કોલેજનું ગૌરવ વધાર્યું છે. તેમજ જાસ્મીન જીતેન્દ્ર પટેલ ૯.૬૭ સી.પી.આઈ. અને ૧૦.૦૦ એસ.પી.આઈ. પ્રાપ્ત કરી ચોથા ક્રમે, સુકૃતિ અજીત રાય ૯.૬૭ સી.પી.આઈ. અને ૧૦.૦૦ એસ.પી.આઈ. પ્રાપ્ત કરી પાંચમાં ક્રમે, શીત નીતિન પટેલ ૧૦.૦૦ એસ.પી.આઈ. પ્રાપ્ત કરી સાતમાં ક્રમે અને રિયા હેમંતકુમાર બારિયા ૧૦.૦૦ એસ.પી.આઈ. મેળવી દશમો ક્રમ પ્રાપ્ત કરી કોલેજની સિધ્ધિમાં નોંધપાત્ર વધારો કરીને સંસ્થા, કોલેજ, તેમના માતા-પિતા તેમજ સમગ્ર વલસાડ જિલ્લાનું નામ રોશન કર્યું છે. વિદ્યાર્થીઓની આવી ભવ્ય સિધ્ધિ બદલ શ્રી સ્વામિનારાયણ સંસ્થાના અધ્યસ્થાપક પરમ પૂજ્ય પૂરાણી સ્વામી કેશવચરણદાસજી, મેનેજિંગ ટ્રસ્ટી પરમ પૂજ્ય પૂરાણી સ્વામી કપિલજીવનદાસજી, પૂજ્ય રામ સ્વામીજી, પૂજ્ય હરિ સ્વામીજી, ટ્રસ્ટી શ્રી. બાબુભાઈ સોડવડીયા, ટ્રસ્ટીગણ, કેમ્પસ એકેડેમિક ડીરેક્ટર પ્રોફેસર ડૉ. શૈલેષ વી. લુહાર, કેમ્પસ એડમીન ડીરેક્ટર હિતેન બી. ઉપાધ્યાય, ફાર્મસી કોલેજના આચાર્ય ડૉ. સચિન બી. નારખેડે, તેમજ સ્ટાફે વિદ્યાર્થીઓને અને તેમના વાલીઓને શુભેચ્છા પાઠવી અને ભવિષ્યમાં આવા શ્રેષ્ઠ પરિણામો યથાવત્ રહે તેવા આશીર્વચનો આપ્યા હતા.

## શ્રી સમસ્ત ગુજરાતી બ્રહ્મ સમાજ - વાપીનં રક્ષાબંધન પર્વ ઉજવાયં



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૧ :** શ્રી સમસ્ત ગુજરાતી બ્રહ્મ સમાજ - વાપી દ્વારા પવિત્ર બળેવ પર્વ નિમિત્તે જનોઈ બદલવાની ધાર્મિક વિધિ, બળેવ પર્વની ઉજવણી તથા સામાન્ય સભાનું ભવ્ય આયોજન શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, સલવાવ ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સમાજના વડીલો, ટ્રસ્ટીઓ, યુવાનો, મહિલાઓ તથા મોટી સંખ્યામાં જ્ઞાતિબંધુઓ ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત પવિત્ર બળેવ પર્વ નિમિત્તે જનોઈ બદલવાની ધાર્મિક વિધિથી કરવામાં આવી હતી.

ત્યારબાદ સમાજની સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સામાન્ય સભામાં સમાજના પ્રમુખ હાર્દિકભાઈ મહેતાએ સ્વાગત પ્રવચન કર્યુ હતું. સભામાં નવા ત્રણ સભ્યો જોડવા સાથે યુવા ટીમની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. તથા સમગ્ર વર્ષ દરમિયાન સમાજની વિવિધ પ્રવૃત્તિઓમાં સહયોગ આપનાર પૂર્વ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ સંસ્થાના સ્થાપક સ્વામી પુરાણી દાદાનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટી શરદભાઈ દ્વારા પણ પ્રેરણાત્મક સંબોધન કરવામાં આવ્યું હતું. તથા દિવંગત જ્ઞાતિબંધુઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

આ કાર્યક્રમ દરમિયાન સમાજના તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના ટ્રસ્ટીઓ ચૈતન્યભાઈ ભટ્ટ, અશોકભાઈ શુક્લા, મહેશભાઈ પંડ્યા, અગ્નિતભાઈ જાની, પૂર્વ પ્રમુખ રાજનીકાંતભાઈ મહેતા, તેમજ પિયુષભાઈ જોશી, અમિતભાઈ ભટ્ટ,

મિતેશભાઈ ત્રિવેદી, સંદીપભાઈ દવે, ચંદુભાઈ પંડ્યા, પંકજભાઈ શુક્લા, પ્રકાશભાઈ જાની સહિત સમાજના વડીલો, મહિલાઓ અને મોટી સંખ્યામાં જ્ઞાતિબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન સમાજના પૂર્વ પ્રમુખ ભદ્રેશભાઈ પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું,


જ્યારે અંતે સમાજના મંત્રી રાજતભાઈ રાવલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

## અરણાઇ ગરમ પાણીના કુંડ : પ્રકૃતિ, આસ્થા અને આદિવાસી લોક સંસ્કૃતિનું અનોખું સંગમ

**પાર નદી, ડુંગરો અને ગાઢ જંગલોની વચ્ચે આવેલું અરણાઈ પ્રકૃતિ પ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર : અરણાઈ માત્ર ગરમ પાણીનો કુંડ નથી. તે -કૃતિની ભેટ અને સ્થાનિક લોકોની આસ્થાનું કેન્દ્ર છે**







**(અહેવાલ : ઉમેશ બાવીસા)**

**વલસાડ, તા. ૦૧ :** સાતપુડાના ગિરીકંદરાની ગોદમાં વસેલા વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકામાં આવેલું અરણાઈ ગામ દક્ષિણ ગુજરાતના પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર એક ઐતિહાસિક સ્થળ છે. પાર નદી, ડુંગરાળ ભૂપ્રદેશ અને ગાઢ જંગલોથી ઘેરાયેલું અરણાઈ પોતાના ગરમ પાણીના કુદરતી કુંડ માટે વિશેષ ઓળખ ધરાવે છે. સ્થાનિક તળપદી બોલીમાં અરણાઈને અઢણાઈ તરીકે પણ ઓળખવામાં આવે છે. ગરમ પાણીના કુંડનું સૌથી મોટું આકર્ષણ તેનું કુદરતી સ્વરૂપ છે. જમીનની અંદર રહેલી ભૂપ્રતાપીય પ્રક્રિયાઓને કારણે કેટલાક વિસ્તારોમાં ભૂગર્ભ જળ ગરમ થઈને સપાટી પર આવે છે. આવા કુદરતી ગરમ પાણીના ઝરા વિશ્વના વિવિધ વિસ્તારોમાં જોવા મળે છે.

અરણાઈમાં કુદરત, આસ્થા અને આદિવાસી સંસ્કૃતિ ત્રણેયનું સુંદર સંયોજન જોવા મળે છે. પાર નદીનો વિસ્તાર, ડુંગરાળ ભપ્રદેશ, જંગલ અને ગરમ પાણીના કુંડ તેને દક્ષિણ ગુજરાતના સંભવિત કુદરતી પ્રવાસન સ્થળ તરીકે વિશિષ્ટ બનાવે છે.

અરણાઇ ગરમ પાણીના કુંડ અંગે અનેક લોકકથાઓ પ્રચલિત છે. અરણાઇ ગામના વડીલ નાગજીભાઇ ધીરૂભાઇ ગાંવિત જણાવે છે કે, સૌથી જાણીતી માન્યતા ભગવાન શ્રીરામના વનવાસ સાથે જોડાયેલી છે. લોકવાયકા મુજબ, વનવાસ દરમિયાન સીતાજીને સ્નાન કરવાની ઈચ્છા થઈ હતી. ત્યારે ભગવાન શ્રીરામે પોતાના બાણથી જમીનમાં પ્રહાર કરતાં અહીંથી ગરમ પાણીનો ઝરો પ્રગટ થયો હતો. આ કારણે આ સ્થળને રામાયણકાળ સાથે જોડીને જોવામાં આવે છે. આ કથા સ્થાનિક લોકોની ધાર્મિક આસ્થા અને મૌખિક લોકપરંપરાનો ભાગ છે. ભગવાન શ્રીરામનું પુરાણું મંદિર પણ અહી છે.

તેઓ વધુમાં જણાવે છે કે, કુંડમાં પાણી વધુ વરસાદ હોય તેમ વધારે ગરમ હોય છે, શિયાળામાં પણ વધારે ગરમ હોય છે. જયારે ઉનાળામાં પાણી ઓછુ ગરમ હોય છે. અરણાઈ લોકોમાં આસ્થાનું કેન્દ્ર તો છે જ પણ સાથે સાથે સ્થાનિક સ્તરે તેને પ્રાકૃતિક અને ઔષધીય ગુણ ધરાવતું સ્થળ તરીકે પણ માનવામાં આવે છે. ચામડીના રોગો વગેરે ગરમ પાણીના સ્નાનથી દૂર થાય છે. એવી માન્યતા પણ લોકોના માનસપટમાં છે.

બીજી માન્યતા એવી પણ છે કે, ગરમ પાણીના કુંડ સ્થળે કાદવમાં ગાયમાતાના પગ ખુપી ગયા હતા. ગ્રામજનોએ મહેનત કરીને ગાયને બહાર કાઢી અને પગ બહાર કાઢયા ત્યાંથી પાણીના ઝરા નીકળ્યા હોવાનું ગામના વડીલો જણાવે છે. એક વાત ચોકકસ છે કે, અહીંનો ઈતિહાસ વર્ષો જુનો છે. અરણાઈનું સાચું સૌંદર્ય તેની કુદરતી અને સાંસ્કૃતિક ઓળખમાં રહેલું છે. તેથી પ્રવાસન વિકાસ સાથે કુંડની સ્વચ્છતા, જળસ્રોતનું સંરક્ષણ, જંગલ અને પર્યાવરણની જાળવણી તથા સ્થાનિક આદિવાસી પરંપરાઓનું સન્માન જળવાઈ રહે તે જરૂરી છે. અરણાઈ માત્ર ગરમ પાણીનો કુંડ નથી. તે પ્રકૃતિની ભેટ, સ્થાનિક લોકઆસ્થાનું કેન્દ્ર અને દક્ષિણ ગુજરાતની આદિવાસી લોકસંસ્કૃતિની જીવંત પરંપરાનું પ્રતીક છે.



### રામ, સીતા અને લક્ષ્મણ કુંડ

સ્થાનિક પરંપરા અનુસાર અરણાઈ વિસ્તારમાં આવેલા કુંડોને રામ કુંડ, સીતા કુંડ અને લક્ષ્મણ કુંડ તરીકે ઓળખવામાં આવે છે. આ નામો સ્થળ સાથે જોડાયેલી ધાર્મિક માન્યતાઓને પ્રતિબિંબિત કરે છે. આ કુંડ માત્ર કુદરતી જળસ્રોત તરીકે નહીં પરંતુ સ્થાનિક લોકો માટે શ્રદ્ધાનું સ્થાન પણ રહ્યા છે. ગરમ પાણીના ઝરા પ્રત્યે લોકોમાં પ્રાચીન સમયથી કુદરત પ્રત્યેની આસ્થા અને અદ્ભુતતાની ભાવના જોવા મળે છે.

### આદિવાસી આસ્થા અને લોકપરંપરા સાથે જોડાયેલું મહત્વનું સ્થળ

નાનાપોંઢા વિસ્તાર દક્ષિણ ગુજરાતના આદિવાસી સાંસ્કૃતિક પ્રદેશનો મહત્વનો ભાગ છે. અરણાઈને પણ સ્થાનિક આદિવાસી આસ્થા અને લોકપરંપરા સાથે જોડાયેલું મહત્વનું સ્થળ ગણવામાં આવે છે. જો અહીં સુવિધાઓનો સુવ્યવસ્થિત વિકાસ કરવામાં આવે તો અરણાઈમાં સ્થાનિક રોજગારી, ગ્રામ્ય પ્રવાસન અને આદિવાસી સંસ્કૃતિના સંવર્ધન માટે નવી તકો ઊભી થઈ શકે છે.

### કેવી રીતે પહોંચી શકાય

ધરમપુર થી આશરે ૨૩ કિ.મી. ના અંતરે આવેલા અરણાઇ ગરમપાણીના કુંડ સુધી પહોંચવા મોટી વહીયાળ પાનસ ખુંટલી થઇ અને નાનાપોંઢા થી આમધા થઇને પણ જઇ શકાય છે. અન્ય રસ્તો ધરમપુર થી બિલપુડી, માકડબંધ, ધામણી થઇ અરણાઇ જવાનો રસ્તો છે.

### રસ્તા અને વાહન વ્યવહારની સુવિધા હોવાથી પર્યટકોનું ધ્યાન ખેંચાયું

એક સમય હતો જ્યારે અરણાઈનો વિસ્તાર ગાઢ જંગલો અને ડુંગરોથી ઘેરાયેલો હોવાથી બહારની દુનિયા માટે લગભગ અજાણ્યો હતો. સ્થાનિક લોકો અને આસપાસના ગામોના રહેવાસીઓ આ કુદરતી જળસ્રોતથી પરિચિત હતા. હવે અહીં આસ્થા સાથે ઘણા પ્રવાસી આવે છે. આજે રસ્તા અને વાહનવ્યવહારની સુવિધાઓમાં વધારો થતાં અરણાઈ જેવા કુદરતી સ્થળો તરફ લોકોનું ધ્યાન વધ્યું છે.

## પુનાટ કેનાલ રોડ સામે ગ્રામજનોના કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૦૧ :** ઉમરગામ તાલુકાના સરીગામ જીઆઈડીસી વિસ્તારમાં આવેલી હેરામ્બા કંપનીથી કેનાલ પર થઈ પુનાટ તરફ જતા ૫૦ લાખના ખર્ચે મંજૂર કરાયેલા રોડના કામ સામે સ્થાનિક ગ્રામજનોમાં ભારે વિરોધ કર્યો છે. આ રોડ સંપૂર્ણપણે બિનજરૂરી હોવા છતાં પ્રજાના ટેક્સના નાણાંનો વેડફાટ કરી માત્ર અંગત લાભ ખાતર બનાવવામાં આવી રહ્યો હોવાના ગંભીર આક્ષેપ સાથે વલસાડ જિલ્લા કલેક્ટરને લેખિત આવેદન પત્ર પાઠવી આ કામ તાત્કાલિક રદ કરવાની માંગ કરાઈ છે.

અરજદાર રાકેશ કમલાશંકર રાય તથા સ્થાનિક ગ્રામજનો દ્વારા અપાયેલા આવેદન પત્રમાં જણાવ્યા અનુસાર, સર્વગ્રાહી વિકાસ અમલીકરણ સમિતિ (નિર્દિષ્ટ વિસ્તાર, સરીગામ) દ્વારા ૫૦ લાખના ખર્ચે કન્સ્ટ્રક્શન ઓફ કરજગામ (હેરામ્બા કંપની) ટુવર્ડ્સ પુનાટ કેનાલ રોડ મંજૂર કરવામાં આવ્યો છે. જોકે, આ રસ્તાનો ઉપયોગ કરજગામ કે પુનાટ ગામના કોઈ ખેડૂતો, ગ્રામજનો કે માનવ વસ્તી કરી શકે તેમ નથી. રસ્તાની આસપાસ કોઈ રહેણાંક વિસ્તાર કે ફળિયા પણ નથી. સ્થાનિક ધારાસભ્યની ભલામણથી માત્ર મળતીયાઓ તથા જમીન રોકાણકારોની જમીનોના ભાવ વધારવાના અંગત સ્વાર્થ ખાતર જ આ કામ મંજૂર કરાયું હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

આવેદનમાં ઉલ્લેખ કરાયો છે કે, સદર રોડ નહેર પરથી પસાર થવાનો છે, જેના માટે નહેર વિભાગ પાસેથી કોઈ પણ પ્રકારની પૂર્વ મંજૂરી લેવામાં આવી નથી.

અગાઉ પુનાટ ગ્રામ પંચાયતના સરપંચશ્રી તથા સ્થાનિક ખેડૂતો-ગ્રામજનોએ પણ આ રસ્તા સામે સખત વિરોધ દર્શાવી વહીવટી તંત્રને લેખિત વાંધા રજૂ કર્યા હતા.

સ્થાનિકોએ જણાવ્યું હતું કે, સરીગામ, માંડા અને કરજગામના લોકોએ જીઆઈડીસી સ્થાપના માટે પોતાની ફળદ્રુપ જમીનો ગુમાવી છે અને વર્ષોથી હવા-પાણીના ભયંકર પ્રદૂષણનો ભોગ બની રહ્યા છે.

આ વિસ્તારના લોકોના આરોગ્ય અને સુખાકારી માટે વાપરવાની ગ્રાન્ટ આવા બિનજરૂરી રસ્તાઓમાં વેડફાઈ રહ્યા છે. અને સરકારી તિજોરી અને પ્રજાના ટેક્સના નાણાંનો થતો દુરુપયોગ અટકાવવા માટે જિલ્લા કલેક્ટર કક્ષાએથી તટસ્થ તપાસ હાથ ધરી, આ ૫૦ લાખના રોડનું કામ તાત્કાલિક ધોરણે રદ કરવામાં આવે તેવી ગ્રામજનોએ ભારપૂર્વક માંગણી કરી છે.

## અટગામમાં ગુરુવારે આયુષ્માન ભવ યજ્ઞ યોજાશે

**વલસાડ, તા.૦૧ :** તા.૦૩/૦૯/૨૦૨૬ ગુરુવારે અટગામ ના સામૂહિક આરોગ્ય કેન્દ્ર -રેફરલ હોસ્પિટલમાં સવારે ૧૦ થી બપોરે વાગ્યા સુધી અટગામ વિસ્તારના લાગુ ગામડાની આરોગ્ય સેવા ઈચ્છતી પ્રજાના માટે વલસાડ સરકારી મેડિકલ કોલેજના તબીબોની ઉપસ્થિતિમાં વિશેષ સારવાર નિદાન યજ્ઞ યોજાયો છે. જેમાં ઉપલબ્ધ સેવાઓ મેડિસીન, ગાયનેકોલોજી, ઑર્થોપેડીક. પીડીયાટ્રીક, ઓપ્થેલ્મોલોજીસ્ટ,આખકાન, જનરલ સર્જન, ચર્મ રોગ્ વી.ડી. દાંતની સારવાર,સાયક્યાટ્રીક વિ.ના નિષ્ણાત તબીબો નિદાન કરશે જેઓને અત્રેના તબીબ વૃન્દ ડૉ. રેણુકા ડૉ. ક્રિષ્ના,ડૉ. પ્રચિન પરમાર સહભાગી થશે એમ અધિક્ષક ડૉ. જયાબેન પટેલ દ્વારા ગ્રામજનોને લાભ લેવા જણાવાય છે અને સેગવા પ્રા. આરોગ્ય કેન્દ્રના ઘડોઈ, મૂળી, પીઠા વિ. સબ સેન્ટરના પણ ઈચ્છુકો વિશેષ તપાસ કરાવી શકે છે.

આ જાહેર આરોગ્ય યજ્ઞનો મોટી સંખ્યામા લોકોને લાભ લેવા આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

# વિશેષ વાંચન

Wednesday 02, September 2026
દમણગંગા ટાઈમ્સ

# દમણગંગા અને કોલક નદીથી વિંટાળાયેલા વાપી નગરની હાલત ‘પાની મેં મીન પ્યાસી’ જેવી!

**વાપીના ઉદ્યોગો, ઉદ્યોગનગરના રહીશો અને વાપી ટાઉનના લોકો આ વિયરના પાણી પર નિર્ભર છે : વાપી ટાઉનના પ્રજાજનોની પેયજળની તકલીફ વાપી નગર પંચાયત સમયની : નગર પાલિકા સમયથી વાપીની સ્વાયત્ત પાણી પુરવઠા યોજના આકાર પામી છતાં સમયાંતરે કોઈને કોઈ કારણે પેયજળનો પુરવઠો ખોરવાતો રહે છે : વાપી મહાનગરપાલિકાના પાણી પુરવઠા વિભાગના એક કર્મચારી ભારે ખેલાડી નીકળ્યા : પેયજળની ફરિયાદની તપાસ કરવા આવેલા આ કર્મચારીએ ફરિયાદીના બોરિંગનો નળ ખોલી વહેતા પાણીનો વિડીયો ઉતારી, ડેપ્યુટી મેયર મિતેશભાઇ દેસાઈને આ બોગસ વિડિયો મોકલી જણાવી દીધુ કે મહાનગરપાલિકાનું પાણી તો ભરપુર આવે છે ! : દ..ગુ.વી.કા. વાપી પશ્ચિમની ભુગર્ભ કેબલ સંદર્ભ પ્રશંસનીય કામગીરી**

વાપી મહાનગર પાલિકા વિસ્તારમાં જે રીતે સમયાંતરે પીવાના પાણીની સમસ્યા સર્જાય છે તે જોતા એમ જરુર થાય કે વાપીના નગરજનો પી મે મીન પ્યાસી ના માહોલમાં જીવી રહ્યાં છે.

અને વાપીની આસપાસ દમણગંગા નદી અને કોલક નદી છે. જેને આપણે ગટર કહી શકીએ એવી બીલખાડી છે. આ પૈકી આપણે દમણગંગા નદીની જ વાત કરીએ તો વાપી નગર અને જીઆઈડીસી વિસ્તાર લોકો પેયજળ બાબત ફકતને ફકત દમણગંગા નદીના પાણી ઉપર જ નિર્ભર છે. એ વાત જુદી છે કે, આ ત્રણે લોકમાતાઓને વાપી દાદરા નગર હવેલી અને દમણના ઉદ્યોગોએ પ્રદુષિત કરેલી છે.

વાપીમાં જીઆઈડીસી ઔદ્યોગિક વસાહત ઉભી કરવામાં આવી ત્યારે ઔદ્યોગિક એકમોને અને રહીશોને પીવાનું પાણી પુરુ પાડવા દમણગંગા નદી ઉપર એક વિયર બનાવવામાં આવ્યો હતો. આ વિયરની પાસે કેટલાક ઈન્ટેક વેલ્સ પણ બનાવાયા જયાથી પાણી ખેંચી વાપી જીઆઈડીસી અને વાપી ટાઉનને પેયજળ પુરુ પાડવામાં આવે છે. દમણગંગા જળાશય યોજનાના આ વિયરને બારેમાસ છલોછલ રાખે છે.ભૂતકાળમાં ડુબકી મારીએ તો, વાપીમાં નગરપંચાયતનું શાસન હતુ ત્યારે વાપી નગરના રહીશો પુરેપુરા વાપી જીઆઈડીસીની પાણી પુરવઠા લાઈન ઉપર નિર્ભર હતાં. વાપી જીઆઈડીસી સાથે થયેલા કરાર મુજબ વાપી નગરપંચાયતના રહીશોને જીઆઈડીસી વાળા વાલ્વ ખોલી પાણી ધકેલતાં. જીઆઈડીસીની મહેરબાનીવાળું આ પીવાનું પાણી પર્યાપ્ત ન હોતું. એટલે ટાઉનના ઘણા રહીશો પાણી ચાલુ થાય ત્યારે બુસ્ટર મોટર્સ મુકી પાણી ખેંચી લેતા એટલે પાણીની સમસ્યા માથાનો દુખાવો બની ગઈ હતી.

પાણીની આ મુશ્કેલી દુર કરવા તે સમયના વલસાડના સાંસદ, જે ઓ પછી કેન્દ્રના ગ્રામીણ વિકાસમંત્રી પણ બન્યા હતાં. તે ઉત્તમભાઈ હરજીભાઈ પટેલે વાપીની જનતાના પાણીના પોકાર બાબત ખાસ રસ દાખવેલો અને તે સમયના વાપી નગરપંચાયતના પ્રમુખ અમ્રતભાઈ એલ. દેસાઈ, ખંડુભાઈ વસનજી દેસાઈ વગેરે સહિતના એક પ્રતિમંડળની રચના કરી વાપીને અલગ પાણી પુરવઠા યોજના મળે તે માટે ગાંધીનગરમાં ગુજરાતના તે સમયના ચીફ સેક્રેટરી પાટણકરને મળવાનું ગોઠવેલું. આ બેઠક સમયે જીઆઈડીસીના ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહે એવી ગોઠવણ પણ કરેલી જેથી પાણી પુરવઠા યોજનાને આખરી ઓપ આપી શકાય.


ગાંધીનગર ખાતેની આ બેઠકમાં એવો નિર્ણય લેવાયેલો કે વાપી નગરમાં પાણી પુરવઠા યોજના ઉભી કરવી. આ સ્થળે જીઆઈડીસી દ્વારા પાણી પુરુ પાડવામાં આવે તે સમ્પમાં ભરવુ અને વિશાળ ઓવરહેડ ટાંકી બનાવી આ પાણી એ ટાંકી દ્વારા વાપીના નગરજનોને પહોચાડવું.

હાલના વાપીના ટાંકી ફળિયાની પાણી પુરવઠા યોજનાનો યશ ઉત્તમભાઈ પટેલ અને વાપી નગરપંચાયતના પ્રમુખ અમ્રતલાલ દેસાઈ અને વાપી પદાધિકરીઓને આપવો પડે એમ છે.

કમનસીબી એ રહેલી કે વાપી નગરપંચાયતને પાણી પુરવઠા યોજના ઉભી કરવામાં ઓછામાં ઓછો ખર્ચ ભોગવવો પડે એ પ્રકારની રજુઆત ગાંધીનગરમાં પાટટણકર સાથેની બેઠકમાં ઉત્તમભાઈ પટેલે કરેલી છતાં, જયારે વાપી નગરપાલિકાની ચૂંટણી ૧૯૯૪માં થયેલી ત્યારે આ ટાંકી ફળિયાની ટાંકીના શુભારંભ પ્રસંગે ઉત્તમભાઈ પટેલની પુરી અવગણના થયેલી હોવાનું જણાયુ હતું. શકય છે સ્થાનિક રાજકારણે આ બાબત ભૂંડો ભાગ ભજવ્યો હશે.

એ પછી એ ટાંકી ફળિયાની આ પાણી પુરવઠા યોજના પુરેપુરી વાપી નગરપાલિકા હસ્તક આવી ગઈ હતી. જીઆઈડીસીનો દમણગંગા નદી ઉપરનો એક ઈન્ટેકવેલ વાપી નગરપાલિકાને ફાળવવામાં આવ્યો હતો. ટાંકી ફળિયામાં ફીલ્ટરેશન પ્લાન્ટ પણ ઉભો કરવામાં આવ્યો હતો. અને સમગ્ર સંચાયત વાપી નગરપાલિકા હસ્તક આવી ગયું હતું.

વાપીની વધતી જતી પાણીની માંગના કારણે આશરે પચાસેક વર્ષ પહેલા વાપી પૂર્વ અને પશ્ચિમમાં પીવાનું પર્યાપ્ત પાણી રહીશોને મળી રહે એ માટે સારા એવા ખર્ચે પાણીની પાઈપલાઈન પણ નાંખવાનું આયોજન કરવામાં આવેલું. આ પાઈપલાઈનની પુરી યોજના ઠેકેદારે ત્રણથી ચાર માસમાં પુરી કરવાની હતી. પરંતુ વાપીની ઓળખ જેવા વિલંબનું ગ્રહણ આ યોજનાને લાગેલું અને



**દમણગંગાના તીરેથી**
**- પ્રવિણસિંહ પરમાર**
(વરિષ્ઠ પત્રકાર, વાપી)
મો. નં. ૯૮૨૫૧ ૫૦૯૯૯

પાઈપલાઈનનું કામ ૭ વર્ષ સુધી ચાલ્યું હતું. અમને યાદ છે ત્યા સુધી, તે સમયના વાપી નગરપાલિકાના પદાધિકારી રોહિતભાઈ સોમપુરાએ જીલ્લા કલેકટરને એક પત્ર પાઠવી પાઈપલાઈનના ઠેકેદારોનું બિલ અટકાવવાની પણ રજુઆત કરી હતી.

એ પછી, વાપી નગર ઉપ,ર અજગરપાશ જેવો રૂા. ૧૪૪.૨૦ કરોડના ફોરલેન રેલ્વે ઓવરબ્રીજની યોજના ચારેક વર્ષ પહેલાં મંજુર થયેલી. આ ઓવરબ્રીજની યોજના જાણે દસ વર્ષય હોય એવી રીતે તેનું કામ હોતા હે ચલતા હે ની ઢબે ચાલતુ રહ્યુ. આ ઓવરબ્રીજના પિલરોના ખાડાઓ ખોદતી વખતે પણ પીવાના પાણીની પાઈપલાઈન તુટતી રહી. પુલના કામની સાથે ખાનગી કંપનીઓના અન્ડર ગ્રાઉન્ડ કેબલના ખોદકામે કેટલીયવાર પીવાના પાણીની પાઈપલાઈન નો ભુક્કો બોલાવાયેલો. પરિણામે પાણી પુરવઠો ખોરવાતો જ રહેલો. આમ છતાં જવાબદાર સામે પાલિકાએ કોઈ પગલા લીધા નહોતાં.

અખા સિવાય, પાણી પુરવઠા યોજની જાળવણીના કામે પણ સમયાંતરે પાણી પુરવઠો બંધ કરી દેવામાં આવે. નહીં નહી તોય મહાનગરપાલિકા વિસ્તારમાં પચાસેક હજાર ઘરોને પીવાનું પાણી મળતું બંધ થઈ જાય. કેવળ મહાનગરપાલિકા દ્વારા અપાતા પાણી ઉપર જ નિર્ભર એવા નગરજનોએ ગાંઠના ગોપીચંદ ખર્ચી પાણીના મોટા બાટલા ખરીદવા પડે એ પણ તંત્રની શરમ જ ગણાય.

ગઈ તા. ૨૭-૮-૨૬ના દિવસે મેન્ટેનન્સના કામે વાપીના જુના ટાઉન વિસ્તારનું પાણી બંધ રહેનાર હતું. જાળવણીના કામે તા. ૨૭મી પાણી બંધ રહે એ સમજયા. પણ વાપી આઝાદનગરના અમારા નિવાસસ્થાનમાં મહાનગરપાલિકાનું પીવાનું પાણી તા. ૨૮-૮-૨૬ના દિનેય ન આવ્યુ અને તા. ૨૯-૮-૨૬ના દિવસેય પાણીનું ટીપુય ન આવ્યુ!

ન્હાવાધોવા માટે અમે બોરિંગનું પાણી અમારી ઓવરહેડ ટાંકીમાં ચઢાવ્યુ અને પીવા માટે બજારમાંથી પાણીના બાટલા ખરીદવા પડયા. વર્ષે દહાડે વાપી મહાનગરપાલિકાને પાણી વેરારૂપે રૂા. ૮૨૦.૦૦ ભર્યા પછી પણ આ હાલત. વિચારો, સંજોગોમાં એપાર્ટમેન્ટવાળાની હાલત કેવી થતી હશે ?

અમારા સદનસીબે શુભેચ્છકો ઘણાં બધા. પીવાના પાણીની સમસ્યા દુર થાય એ માટે મહાનગરપાલિકાના પદાધિકારીઓ જેવા શુભેચ્છકો અને વાપીના અગ્રણી મિલનભાઈ દેસાઈએ પણ સહકારનો હાથ લંબાવ્યો.

આ દરમ્યાન તા. ૨૯-૮-૨૬ના દિવસે પાણીની મોકાણ અંગે તપાસ કરવા વાપી મહાનગરપાલિકાના એક પાણી વિભાગના કર્મચારી ઘરે આવ્યા. તેમણે એવો ખેલ પાડયો કે ઘ્અમારા ઘરના બોરિંગના પાણીનો નળ ખોલી, વિડીયો ઉતાર્યો અને એ બોગલ વિડીયો મહાનગરપાલિકાના પાણીનો છે એમ જણાવી મહાનગરપાલિકાના ડેપ્યુટી મેગર મિતેશભાઈ દેસાઈને મોકલી તેઓને પણ ગેરમાર્ગે દોર્યા.

આ વિડીયો જોઈ મિતેશભાઈ દેસાઈએ પણ માની લીધુ કે મહાનગરપાલિકાનુ પાણી તો આવે છે.

એટલે ખામી તમારી ખાનગી લાઈનમાં જ છે અને તે દુરસ્ત કરવાની જવાબદારી જોડાણકર્તાની, એટલે કે અમારી છે!

જો કે બે દિવસ પીવાના પાણીની તકલીફ ભોગવ્યા પછી ત્રીજા દિવસે મહાનગરપાલિકાનું પાણી નસીબ થયુ. આ મોકાણે એ તો પુરવાર કરી દીધુ કે વાપી મહાનગરપાલિકાના પાણી પુરવઠા વિભાગના કર્મચારી ગુલાંટ મારવામાં નિષ્ણાંત છે!

## વાપી (પશ્ચિમ) દ.ગુ. વીજ કંુ. લી.ના નાયબ કાર્યપાલક ઈજનેરની ભુગર્ભ કેબલ સંદર્ભમાં પ્રશંસનીય કામગીરી

વાપી જીઆઈડીસી અને વાપી ટા.નમાં વીજળીની ભુગર્ભ કેબલ લાઈનની યોજાનનો યશ નાણામંત્રી કનુભાઈ દેસાઈને આપવો ઘટે. તેઓના હસ્તક ઉર્જા ભાગ હતો ત્યારે તેમણે વાપી વિભાગમાં ભુગર્ભ વીજકેબલનું આયોજન કરેલુ.

વાપી પુર્વ અને પશ્ચિમ બે વિભાગમાં વર્ષ ૨૦૧૪માં અલગ થયેલ. તે સમયે વાપી પશ્ચિમમાં ૩૧ હજાર જેટલા વીજગ્રાહકો હતા. આજે આ સંખ્યા ૫૩ હજાર પર પહોંચી છે.

વીજળીના ઓવરહેડ વાયરોને કારણે ગણેશ ચતુર્થી સમયે ચોમાસામાં, મકરસંક્રાંતિ સમય સલામતી ખાતર પાવર સપ્લાય બંધ રાખવો પડતો. જેને લઈ વીજગ્રાહકોને ભારે હેરાનગતી થતી હતી. વર્ષ ૨૦૧૫થી ૨૦૨૦ ના પાંચ વર્ષ અને હાલમાં વાપી પશ્ચિમ દક્ષિણ ગુજરાત વીજ કંુ. લી.ના નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે વી.બી. પટેલ કાર્યરત છે તેઓએ નાણામંત્રીની ભુગર્ભ કેબલની યોજના ઝડપથી પુરી થાય એ માટે ખાસ રસ દાખવતા વાપી પશ્ચિમ વીજ ડિવિઝનના વટર, મોરાઈ અને કુંતામાં ૬૦ ટકા ઉપરાંત ભુગર્ભ કેબલનું કામ પુરુ થયુ છે અને વાપી ટાઉનમાં ૯૦ ટકા કામ પુર્ણ થયુ છે.


અગાઉ, ઉપરજણાવ્યા પ્રમાણે ગણેશની મુર્તિઓના આગમન અને વિસર્જનના ટાણે, મકરસંક્રાંતિ સમયે વાયરોમાં પતંગના દોરા ભેરવાઈ જતા શોર્ટ સર્કિટના કારણે અને ચોમાસામાં જોરદાર પવનના કારણે ઓવરહેડ કેબલોમાં વારંવાર ફોલ્ટ આવતા હતાં. આ ઉપરાંત વરસાદ પૂર્વે પ્રિ મોન્સુન કામગીરીમાં વીજ વિભાગે કેબલોને વહાલ કરતી ઝાડની ડાળીઓને કાપવાના કામે વીજ પુરવઠો બંધ રાખવા પડતો હતો. પરંતુ હવે વાપી પશ્ચિમમાં વીજળીના ભુગર્ચ કેબલો નંખાતા, વીજ પુરવઠો ખોરવાઈ જવામાંથી કાયમી મુકિત મળી છે.

# હિન્દુપ્રજા સાંપ્રદાયિક પ્રજા છે અને આત્મલક્ષી પ્રજા છે

(ગતાંકથી શરુ)

મુસ્લિમોના આગમન પહેલાં જે જે વિદેશી રાજાઓ અને પ્રજાઓ આવ્યાં તેણે કોઈનું પણ કશું ધર્માંતરણ ન કર્યું. તે પોતે ચાલુ પ્રવાહમાં ભળી ગયા. જેથી રાષ્ટ્રીય એકતા દ્રઢ થઈ. ધર્માંતરણ મુસ્લિમોના આગમન પછી વધ્યું. કારણ કે તેમનો એક મહત્ત્વનો હેતુ હતો પરાજિત રાજા કે પ્રજાને ધર્માંતરણ કરાવવું. ખ્રિસ્તી ધર્મના પાદરીઓ, શાસકોના આવતાં પહેલાં અહીં પહોંચી ગયા હતાં પણ ખાસ ધર્માંતરણ થતું નહિ. મહારાણી વિક્ટોરિયાના અવસાન પછી અંગ્રેજોનો હેતુ ધર્માંતરણનો ન રહ્યો. તેથી પાદરીઓ બહુ ધીમી ગતિએ ધર્માંતરણ કરતા હતા મોટા ભાગે આવું ધર્માંતરણ દલિતોના એક ખાસ વર્ગ પૂરતું જ થતું. ધર્માંતરણ થયા પછી પણ આ વર્ગનો રોટી-વ્યવહાર અને બેટી-વ્યવહાર ચાલુ રહેતો. એટલે સમાજ એક જ રહેતો. ભારતની આઝાદી પછી ધર્માંતરણની પ્રવૃત્તિ ખૂબ જોરથી વધવા લાગી. હવે ધર્માંતરણનો હેતુ માત્ર ધર્મ બદલવા પૂરતો જ ન રહ્યો પણ તેનો હેતુ રાજકીય પણ થતો ગયો છે. ઈસ્લામ, ખ્રિસ્તી અને બૌદ્ધધર્મ પ્રસારક્ષમ છે. તે બધાને પોતાના ધર્મમાં દીક્ષિત કરવા માગે છે, કરે છે. હિન્દુ-જૈન-પારસી-યહૂદી વગેરે ધર્મો પ્રસારેબલ (પ્રસારક્ષમ) નથી. તે કોઈને પોતાના ધર્મમાં પ્રવેશ આપી શકતા નથી. કદાચ કોઈ પ્રવેશે તો રોટી-વ્યવહાર તો કરી શકે છે. (તે પણ હવે, પહેલાં નહિ) પણ બેટી-વ્યવહાર કરી શકતા નથી. તેથી આવનારને ભારે અગવડો થાય છે.

**વાસ્તવિકતા**



**સ્વામી સચ્ચિદાનંદ**

હિન્દુ-જામાં ધાર્મિક રીતે એટલી બધી ચઢ-ઊતરની કક્ષાઓ છે કે તે બધામાં એકતા અને આત્મીયતા થવી બહુ કઠિન છે. આ કારણે જે ધર્માંતર થાય છે તે માત્ર હિન્દુઓમાંથી જ થાય છે. મોટા ભાગે આવું ધર્માંતરણ આચાર-વિચારના અસંતોષથી નહિ, પણ લોભ–લાલચ આપીને પણ થાય છે. ધર્માંતરણથી હિન્દુ-જાની સંખ્યા ઘટી રહી છે, જેની પરવા સ્વયં હિન્દુ-જાને નથી, કારણ કે હિન્દુ-જા રાજકીય પ્રજા નથી. રાજકીય પ્રજાને હંમેશાં પોતાનું રાજકીય ભવિષ્ય દેખાતું હોય છે. તે પ્રમાણે તે ચાલતી હોય છે. જેમ કે મુસ્લિમ, ખ્રિસ્તી વગેરે. ધર્માંતરણના દ્વારા તેમણે ઘણાં લક્ષ્યો મેળવ્યાં છે. વિશ્વનો ઘણો ભાગ તેમણે પોતાના રંગે રંગી નાખ્યો છે. હિન્દુ પ્રજાએ પોતાનો રંગ ક્યાંય ચઢાવ્યો નથી. કારણ કે તે રાજકીય પ્રજા નથી. હિન્દુ પ્રજા, રાજકીય પ્રજા તો નથી, ધાર્મિક પ્રજા પણ નથી. હિન્દુ પ્રજા સાંપ્રદાયિક પ્રજા છે અને આત્મલક્ષી પ્રજા છે. તેને ધર્મ કરતાં પોતાના સંપ્રદાયમાં વધુ રસ છે અને આત્માનો મોક્ષ થાય તેમાં રસ છે. સંપ્રદાયવાદ અને આત્મવાદ (અધ્યાત્મવાદ) આ બન્નેના કારણે તે વૈશ્વિકવાદી નથી થઈ શકી. તેથી તેનો ક્ષય થતો રહ્યો છે. તેનામાં સાંપ્રદાયિક એકતા તો કરી શકાય છે. પણ ધાર્મિક એકતા નથી કરી શકાતી અને આત્મવાદ તેને એકાકી બનાવી મૂકે છે. હું અને મારો આત્મા અને મારો મોક્ષ. બસ, બીજું બધું કાંઈ નહિ, જેનું જે થવું હોય તે થાય. આવી સ્થિતિ છે તેની, તેમાં પછાત વર્ગો પ્રત્યે તેને પ્રબળ રાગ નથી. તેમના ધર્માંતરણને કશા જ ખળભળાટ વિના સ્વીકારી લે છે. જેથી દેશી-વિદેશી ધર્મ પ્રચારકોને છૂટો દોર મળે છે. છેલ્લા કેટલાક સમયથી આંખ ઊઘડવા લાગી છે. પણ બહુ મોડું થઈ ગયું છે. તેથી થોડો ખળભળાટ થવા લાગ્યો છે. તે પણ બહુ પ્રભાવશાળી નથી. આપણા બંધારણમાં ધર્માંતરણની છૂટ આપવામાં આવી છે. વિશ્વના બધા દેશોમાં આવી છૂટ નથી હોતી. ખાસ કરીને ઈસ્લામિક દેશોમાં આવી છૂટ નથી હોતી. ત્યાં કોઈ વ્યક્તિ મુસ્લિમ તો થઈ શકે છે પણ કોઈ મુસલમાન બીજો ધર્મ સ્વીકારી શકતો નથી. ભારતમાં લગભગ શતપ્રતિશત ધર્માંતરણ હિન્દુઓમાંથી જ થાય છે. તેથી હિન્દુ પ્રજા ઘટી રહી છે. આવા એકપક્ષીય ધર્માંતરણથી રાજકીય સમસ્યાઓ પેદા થાય છે. નાગાલૅન્ડ મિઝોરમ જેવા પૂર્વ ભારતના પ્રદેશો જુદા થવા માગે છે. જો તે ખ્રિસ્તી ન થયા હોત તો આવો પ્રશ્ન ન આવત. પાકિસ્તાનનું નિર્માણ માત્ર ને માત્ર ધર્મના કારણે જ થયું હતું. આ પ્રદેશોમાં સદીઓ પહેલાં શત-તિશત હિન્દુઓ રહેતા હતાં. (બૌદ્ધ-હિન્દુઓને એક ગણ્યા છે.) લોકો ઈસ્લામ તરફ વળ્યા કે વાળ્યા જેના પરિણામે આ ભાગોમાં મુસ્લિમ વસ્તીનું પ્રમાણ વધી ગયું. તેનું રાજકીય પરિણામ આવ્યું દેશના ભાગલાના રૂપમાં. મુસ્લિમો પ્રભાવશાળી સ્થિતિમાં આવે તો બિનમુસ્લિમોનું રાજ સ્વીકારી શકતા નથી. તેનું પરિણામ ભાગલા હતા. આ વિચારો વિશ્વભરમાં આજે પણ ચાલે છે. જે રીતે ધર્માંતરણ ચાલી રહ્યું છે તે રીતે આવનારાં વર્ષોમાં હિન્દુ પ્રજા બહુમતીમાંથી લઘુમતીમાં ફેરવાઈ જવાની. તેથી ફરી પાછા દેશના ભાગલા પડશે. આ મહાસંકટ દેશનેતાઓને દેખાતું નથી. કેટલાક જાગૃત રાજકીય પક્ષો તથા નેતાઓ આ સ્થિતિને અટકાવવા પ્રયત્નો કરતા રહ્યા છે. પણ તેમનો વિરોધ હિન્દુનેતાઓ જ કરે છે. કારણ કે આ બધું ક્ષેત્ર તેમના મતદાતાઓનું થાય છે. આવા કારણે ધર્માંતરનિષેધ કાયદો બનાવી શકાતો નથી. અમને મત આપો અને ખુશીથી ધર્માંતરણ કરો. કરાવો. આવી સ્થિતિ થઈ છે. વાત આટલેથી જ અટકતી નથી. જે અનામતો અને બીજા બધા લાભો માત્ર પછાત વર્ગોને અપાયા છે તેનો વ્યાપ હવે ધર્માંતરિત લોકો સુધી ફેલાવવાના પ્રયત્નો થયા છે. સરકારની લઘુમતીઓ માટેની પંદરસૂત્રી યોજના, હિન્દુઓનું સત્યાનાશ વાળી નાખશે. જેમ કે જે લાભ તમને હિન્દુ રહેવાથી નથી મળતા તે અલ્પસંખ્યકોમાં દાખલ થવાથી તરત જ મળશે. તેનો અર્થ તો એવો થયો કે હિન્દુધર્મ છોડો ને લાભ ઉઠાવો. તમે બ્રાહ્મણ-વાણિયા–પટેલ-દરબાર છો તો લાભ નહિ મળે. પણ જો ધર્માંતરણ કરો અને લઘુમતીમાં દાખલ થઈ જાવ તો તરત જ પંદરસૂત્રી યોજનાના અધિકારી થઈ જશો.

(વધુ આવતા અંકે)

**તા. ૨ સપ્ટેમ્બર- વિશ્વ નાળિયેર દિવસ**

# વલસાડ જિલ્લામાં ‘કલ્પવૃક્ષ’ની હરિયાળી


## વલસાડ, પારડી અને ઉમરગામના સમુદ્ર કાંઠાના ગામોમાં અંદાજે ૩,૦૦૦ હેક્ટરમાં નાળિયેરીનો પાક લહેરાયો

**ખાસ લેખ: જિજ્ઞેશ સોલંકી**

**વલસાડ, તા.૦૧ :** જે વૃક્ષનું ફળ ભૂખ અને તરસ છીપાવે, જેનું તેલ રસોડાથી લઈને સૌંદર્ય સુધી ઉપયોગી બને, જેની છાલ રોજગારનું સાધન બને અને જેના દરેક ભાગમાં મૂલ્ય છુપાયેલું હોય એવું નાળિયેર માત્ર એક પાક નથી, પરંતુ કુદરતનું ‘કલ્પવૃક્ષ’ છે. જેનું પાણી પીવાથી બિમાર દર્દી પણ સાજો થઈ જાય અને તેના વિના પૂજા અને હવન પણ અધૂરા છે એટલે તો શ્રીફળ તરીકે જીવનશૈલીમાં જોડાયેલુ છે. વલસાડ જિલ્લાના દરિયાકાંઠે લહેરાતી નાળિયેરી હવે માત્ર કુદરતી સૌંદર્યની ઓળખ રહી નથી, પરંતુ ખેડૂતોની આવક, ગ્રામ્ય અર્થતંત્ર અને મૂલ્યવર્ધિત ઉદ્યોગો માટેની નવી સંભાવનાઓનું પ્રતિક બની રહી છે.

આજે તા. ૦૨ સપ્ટેમ્બર એટલે વિશ્વ નાળિયેર દિવસ. નાળિયેરના આર્થિક, સામાજિક અને પર્યાવરણીય મહત્વ અંગે જાગૃતિ લાવવા દર વર્ષે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. વલસાડ જિલ્લા નાયબ બાગાયત નિયામક નિકુંજ એન. પટેલ જણાવે છે કે, જિલ્લામાં અંદાજે ૩,૦૦૦ હેક્ટરમાં નાળિયેરીનું વાવેતર થયેલુ છે. જેમાં ૨૫૦૦ હેક્ટર જુનુ અને ૫૦૦ હેક્ટર નવુ વાવેતર છે. ખાસ કરીને વલસાડ, પારડી અને ઉમરગામ તાલુકાના કાંઠા વિસ્તારોમાં નાળિયેરીની ખેતી જોવા મળી રહી છે. અહીં મુખ્યત્વે હાઈબ્રિડ બોના, ગણદેવી સિલેક્શન અને વેસ્ટ કોસ્ટ ટોલ (પશ્ચિમી કિનારાની લાંબી જાત)ની નાળિયેરીનું વાવેતર થાય છે. બોના અને ગણદેવી સિલેક્શન જાતની નાળિયેરી સામાન્ય રીતે ચારથી પાંચ વર્ષમાં મબલખ ફળ આપતી થઈ જાય છે અને તેની ઊંચાઈ વધુમાં વધુ ૧૦થી ૧૫ ફૂટ જેટલી રહે છે. દરિયાકાંઠાની ખારાશવાળી જમીન નાળિયેરીની ખેતી માટે વધુ અનુકૂળ માનવામાં આવે છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, નાળિયેરીનું વાવેતર વલસાડ જિલ્લાના કાંઠા વિસ્તારની ખેતીમાં અન્ય રીતે પણ મહત્વનું છે. સમુદ્ર તરફથી આવતા ભારે પવન સામે નાળિયેરીના વૃક્ષો કુદરતી અવરોધ ઊભા કરતાં હોવાથી તેની પાછળના ભાગમાં આવેલા આંબા અને ચીકુ જેવા બાગાયતી પાકોને પણ રક્ષણ મળે છે. એક સમય હતો જ્યારે ખેડૂતો નાળિયેરીના વૃક્ષો મુખ્યત્વે ખેતરના શેઢા પર રોપતા હતા. જોકે, નાળિયેરના બહુમુખી ઉપયોગ અને તેની વધતી માંગને પગલે હવે નાળિયેરીની પદ્ધતિસર ખેતી તરફ ખેડૂતોનો અભિગમ બદલાઈ રહ્યો છે. નાળિયેરના ફળ ઉપરાંત તેના છોટલાની કોકોપીટ તરીકે ખેતીમાં માંગ વધી રહી છે. અગાઉ નાળિયેરના છોટલા ખાતર તરીકે ઉપયોગમાં લેવાતા હવે તેનો સોઈલલેસ કલ્ચર સહિતના ક્ષેત્રોમાં પણ ઉપયોગ થઈ રહ્યો છે. બીજી તરફ, નાળિયેર પાણીનો ઉપયોગ પરંપરાગત પીણાથી આગળ વધીને બિઝનેસ તરીકે પેકેજ્ડ અને સોફ્ટ ડ્રિન્ક તરીકે પણ થવા લાગ્યો છે. આ રીતે નાળિયેર હવે માત્ર ખેતરમાંથી બજારમાં પહોંચતું શ્રીફળ નથી રહ્યું, પરંતુ પ્રોસેસિંગ, મૂલ્યવર્ધન અને વિવિધ ઉત્પાદનો માટેનો કાચો માલ બની રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ખેડૂતોની આવક બમણી થાય તે માટે લક્ષ્ય સેવ્યું છે ત્યારે આ મુલ્યવર્ધિત પાક ખેડૂતોને બમણી આવક આપી શકે છે.



### ૧,૨૦૦ નાળિયેરીથી મહિને રૂપિયા બે લાખ સુધીની આવક

નાળિયેરીની ખેતીમાંથી આવકની સંભાવનાનું જીવંત ઉદાહરણ ઉમરગામ તાલુકાના નારગોલ ગામના ખેડૂત હર્ષદભાઈ આર. ભંડારી પુરુ પાડી રહ્યા છે. સરોંડા ગામ ખાતે તેમના ૧૨ એકર ખેતરમાં નાળિયેરીના ૧,૨૦૦ ઝાડ લહેરાય રહ્યાં છે. નાળિયેરીની સાથે તેઓ કેળા અને હળદરની આંતરપાક ખેતી પણ કરે છે. હર્ષદભાઈ જણાવે છે કે, નાળિયેરની ખેતી ચોખ્ખો નફો આપતી ખેતી છે, પરંતુ તેમાં મહેનત અને ધીરજ પણ જરૂરી છે. તેમના જણાવ્યા મુજબ, એક નાળિયેરી પરથી દર મહિને અંદાજે ૧૦થી ૨૦ નાળિયેર ઉતરે છે અને એક નાળિયેરનો ભાવ સરેરાશ રૂા.૨૦થી ૨૫ જેટલો મળે છે. ૧,૨૦૦ નાળિયેરીમાંથી મહિને આશરે ૧૦ હજાર નાળિયેરનું ઉત્પાદન થાય તો મહિને સરેરાશ બે લાખ રૂપિયા સુધીની આવક મળી રહે છે. તેઓ વધુમાં જણાવે છે કે, નાળિયેરીને ભેજવાળું વાતાવરણ અનુકૂળ આવતું હોવાથી પાણીની જરૂરિયાત રહે છે. આ ઉપરાંત વર્ષમાં એક વખત છાણિયું ખાતર આપી શકાય છે. ખેડવાની જરૂર રહેતી નથી, ખેડવાથી નાળિયેરીના મૂળિયાને નુકસાન થાય છે.

VAPI PAGE - 5

# પારડી તાલુકા વિશેષ

Wednesday 02, September 2026

આપનું અખબાર : આપનો અવાજ
DGT

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : ૯૮૭૯૩૭૪૬૦૫

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes.com

● પારડી
● ઉદવાડા
● વાઘછીપા
● પરીયા

## મોતીવાડામાં કોનકોર કંપનીનો સખત વિરોધ

**ગ્રામજનોએ અગાઉ કલેકટરને રજુઆત કર્યા બાદ ફરી નોટીસ મળતાં ગ્રામજનોએ મોટી સંખ્યામાં હાજર રહી કન્ટેનર કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના પ્રોજેકટનો સખત વિરોધ કરી ઠરાવ નામંજૂર કર્યો**





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૧ :** પારડી તાલુકાના મોતીવાડા ગામમાં કન્ટેનર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા CONCOR પ્રોજેક્ટ માટે કરવામાં આવી રહેલા જમીન સંપાદનને લઈને ગ્રામજનોમાં સખત આક્રોશ જોવા મળી રહ્યો છે. પ્રોજેક્ટ અંતર્ગત પંચાયત પાસે અભિ-નય અને ઠરાવ માંગતી નોટિસ બાદ મોતીવાડા ગામે ખાસ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગ્રામસભામાં હજારોની સંખ્યામાં ગ્રામજનો, ખેડૂતો અને મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા અને સર્વાનુમતે કોનકોર કંપનીનો સખત વિરોધ કરી ઠરાવ નામંજૂર કરવામાં આવ્યો છે. આ અંગે મોતીવાડા ગામના સરપંચ જયસુખ નાયકા એ જણાવ્યું કે કોનકોર કંપની દ્વારા પંચાયતને જે નોટિસ મોકલવામાં આવી હતી, તેના સંદર્ભમાં અમે ગ્રામસભાનું આયોજન કર્યું હતું. આ ગ્રામસભામાં હજારોની સંખ્યામાં મોતીવાડાના ગ્રામજનો ઉમટી પડ્યા હતા અને કંપનીનો સખત વિરોધ દર્શાવ્યો છે. આ જમીનો અને ખેતી જ અમારી મુખ્ય આજીવિકા છે ઉપસરપંચ ડેગીશ આહિરે કહ્યું કેઅગાઉ પણ કલેક્ટર કચેરીએ આવેદનપત્ર આપી વિરોધ નોંધાવ્યો હતો. આ વખતે ફરી નોટિસ આવતા યોજાયેલી ગ્રામસભામાં ૧૦૦૦થી પણ વધુ લોકોની જનમેદની એકઠી થઈ હતી. સમગ્ર ગામે એકસૂરે કોનકોર કંપનીને ગામમાં ઘૂસવા ન દેવાનો નિર્ણય કર્યો છે. પ્રોજેક્ટ અટકાવવા માટે હાઈકોર્ટ, સુ-રીમ કોર્ટ જવું પડે કે પ્રાણની આહુતિ આપવી પડે તો પણ અમે તૈયાર છીએ. આ બાબતે નાણાંમંત્રીને પણ રજૂઆત કરવામાં આવી હતી અને તેમણે પણ ગ્રામજનોની સાથે ઊભા રહેવાનું સકારાત્મક સમર્થન આપ્યું છે. ગાંગેવ પટેલ તથા સ્થાનિક મહિલા અગ્રણી એ જણાવ્યું કે ગ્રામસભામાં ગામના ખેડૂતો અને મહિલાઓએ ૧૦૦ ટકા વિરોધ દર્શાવ્યો છે. મોતીવાડા ગામમાં આદિવાસી પરિવારના ૧૦૦ જેટલા ઘરો, ફળદ્રુપ જમીનો, કેરી-ચીકુના આંબાવાડીઓ અને ઝાડો આ પ્રોજેક્ટની હદમાં આવી રહ્યા છે. કોનકોર કંપની એવું કહી રહી છે કે તેઓ વિકાસ કરશે, પરંતુ આ વિકાસ નથી પણ મોતીવાડા ગામનો વિનાશ છે! અમારા ગરીબ આદિવાસી ભાઈઓના ઘરો, ફળદ્રુપ ખેતીલાયક જમીન અને આજીવિકા છીનવાઈ રહી છે. અમે કોઈ પણ ભોગે અમારી જમીન આપવા માંગતા નથી અને આ જમીન સંપાદનનો સખત વિરોધ કરીએ છીએ.

આ ગ્રામસભામાં સરપંચ જયસુખ નાયકા, ઉપસરપંચ ડેગીશ આહિર, માજી ઉપસરપંચ જીતુભાઈ આહિર, ખેડૂત અગ્રણી સુનિલ આહીર તેમજ હેમંત પટેલ, ગાંગેવ પટેલ, વિજય પટેલ, મનીષ પટેલ, મિલન પટેલ સહિતના સ્થાનિક અગ્રણીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સમગ્ર ગામે એકજુટ થઈને સ્પષ્ટ કરી દીધું છે કે તેઓ પોતાની જમીન અને ઘરો બચાવવા માટે લડત ચાલુ રાખશે.

## ઉમરસાડી માછીવાડમાં ઢીંગલા ઢીંગલી લગ્નોત્સવની ભવ્ય ઉજવણી





**નાળિયેરી પૂનમે રક્ષાબંધનની ઉજવણી સાથે ગ્રામજનોએ દરિયાદેવની પૂજા કરી**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૧ :** પારડી તાલુકાના ઉમરસાડી માછીવાડ ગામમાં દરિયાદેવ પૂજન સાથે ઢીંગલા ઢીંગલીના લગ્નોત્સવની અનોખી પરંપરા સાથે ઉજવણી કરવામાં આવી હતી ઉમરસાડી માછીવાડ ગામમાં વર્ષો જૂની પરંપરા મુજબ શ્રાવણ સુદ પૂનમ એટલે કે નાળિયેરી પૂનમ અને રક્ષાબંધનના પવિત્ર પર્વની ભક્તિભાવ અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગ્રામજનોએ દરિયાદેવનું પૂજન કરી સુખ સમૃદ્ધિ અને મચ્છીમારીના વ્યવસાયમાં બરકત માટે પ્રાર્થના કરી હતી દરેક ફળિયાના યુવાનો અને વડીલબંધુઓ પોત - પોતાના હાથમાં નાળિયેર, ફૂલ, ચોખા તથા પૂજાની સામગ્રી સાથે ભજન કીર્તન કરતા સમુદ્ર કિનારે પહોંચ્યા હતા. દરિયાદેવની સ્તુતિ બાદ સમુદ્રમાં શ્રીફળ વધારી પૂજા કરવામાં આવી હતી. ત્યારબાદ દરિયા કિનારે ગરબાની રમઝટ બોલાવી હતી. વર્ષો પહેલા રમાતી આંધરા પાટા એટલે કે આંખે પાટા બાંધીને નારિયળ ફોડવુંની રમત હવે લુપ્ત થતી જોવા મળી રહી હોવાનું ગ્રામજનોએ જણાવ્યું હતું ઢીંગલા ઢીંગલીના લગ્ને જીવંત રાખી અનોખી લોક પરંપરા નારિયેળી પૂનમના પર્વની સાથે ગામના વિવિધ ફળિયામાં મહિલાઓ અને માતાઓ દ્વારા ઢીંગલા ઢીંગલીના લગ્નોત્સવની અનોખી પરંપરા પણ જાણવી રાખવામાં આવી છે. વહેલી સવારથી બહેનો છાપરીમાં એકત્રિત થઈ ઢીંગલા ઢીંગલીના લગ્ન માટે સજ્જ થઈ વિવિધ વિધિઓ કરે છે. ત્યાર બાદ મામાની ઘરેથી મોસાળુ લાવવામાં આવે છે. અને ચાંલ્લા વિધિ યોજાય છે રાત્રે બેન્ડ વાજા અથવા ડીજે તાલે ઢીંગલાની જાન કાઢવામાં આવે છે જેમાં સમગ્ર ફળિયાંના લોકો નાચ ગાન કરતા નજરે પડે છે. ત્યારબાદ લગ્ન વિધિ યોજી મંત્રોચ્ચાર સાથે ઢીંગલા ઢીંગલીના લગ્ન સંપન્ન કરવામાં આવે છે લગ્ન બાદ ઢીંગલા ઢીંગલીને પાંચમ સુધી રાખવામાં આવે છે. અને ત્યાર બાદ લોકગીત સાથે માનભેર દરિયામાં વિદાઈ આપવામાં આવે છે.

દરિયા દેવ પૂજન અને ઢીંગલા ઢીંગલીના લગ્નોત્સવની આ અનોખી પરંપરાથી ઉમરસાડી માછીવાડ ગામમાં આખા દિવસ દરમિયાન ભક્તિ, લોકસંસ્કૃતિ અને ઉત્સાહથી ભરેલો જોવા મળે છે.

## પારડીમાં પ્રથમવાર કાવડયાત્રા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૧ :** પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે પારડી શહેરમાં ધર્મોલ્લાસ અને ભક્તિમય વાતાવરણ વચ્ચે પ્રથમવાર ભવ્ય કાવડ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉત્તર ભારતીય સેવા સમિતિ પારડી દ્વારા આયોજિત આ કાવડ યાત્રામાં મોટી સંખ્યામાં સનાતન ધર્મપ્રેમીઓ અને ભાવિક ભક્તો બમ બમ ભોલે અને હર હર મહાદેવના નાદ સાથે જોડાયા હતા. બપોરે પારડી વૈજનાથ મહાદેવ મંદિર ખાતે ગુજરાત સરકારના નાણામંત્રી કનુભાઈ દેસાઈ મહાદેવ મંદિરથી નીકળેલી યાત્રાને લીલીઝંડ આપી હતી.

કાવડ યાત્રાનો ઉત્સાહભેર -રંભ થયો હતો. હાથમાં પવિત્ર કાવડ અને શિવભક્તિના રંગે રંગાયેલા ભક્તોના જયઘોષથી સમગ્ર પારડી શહેર ગુંજી ઊઠ્યું હતું.

વલસાડ તડકેશ્વર મહાદેવ મંદિર ખાતે પહોંચી હતી.જ્યાં ભક્તોએ વિધિવત રીતે શિવલિંગ પર પવિત્ર જળથી અભિષેક કરી ભગવાન ભોલેનાથના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. પારડી શહેર ભાજપ પ્રમુખ વિપુલ પટેલ, જીતુભાઈ ઓઝા, પારડી ભાજપના માજી પ્રમુખ રાજેશ પટેલ, ધર્મેશ માલી, યુવા મોરચા પ્રમુખ મેહુલ ભરવાડ, જીગ્નેશ ચોરસિયા, રાકેશ ચોરસીયા , અમિત રાણા, જીગ્નેશ રાણા, સહિત મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા અને પારડી શહેર બમ બમ બોલે ના નાથ સાથે ગુજી ઉઠિયું હતું.

## ઉદવાડા રેલ્વે સ્ટેશનના સ્ટાફ દ્વારા સત્યનારાણ પૂજા કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૧ :** પવિતર શ્રાવણ માસ નિમિત્તે અત્રેના ઉદવાડા રેલ્વે સ્ટેશનના સ્ટાફ દ્વારા સત્યનારાયણ ભગવાનની પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં ઉદવાડા, સ્ટેશનના ભકિતમંડળના કાર્યકર્તાઓનો સહકાર પણ મળી રહ્યો. કથાના સમાપનન બાદ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતુ. એક ખુબ સુંદર આયોજન બદલ રેલ્વે વહીવટી તંત્રના સ્ટાફને સૌએ અભિનંદન પાઠવ્યા હતાં. જયારે સ્ટેશન અધિક્ષક શર્મા સાહેબે ભકિત મંડળનો આભાર માન્યો હતલ. આજના આ કાર્યક્રમમા રેલ્વે સ્ટેશનના સ્ટાફ તરફથી વિજયકુમાર, અમરેન્દ્ર કુમાર તથા પાંચ જેટલા સ્ટેશન માસ્તર ઉપસ્થિત રહ્યા હતાં. તો સાથે પાંચ પોઈન્ટમેન તેમજ જીઆરપી જવાનોએ પણ સુચક હાજરી આપી હતી. જયારે ભકિતમંડળના સભ્યો પૈકી બીપીનભાઈ, એહમદ ભાઈ, શૈલેષભાઈ, કીરીટભાઈ, મનોજભાઈ, ઈત્યાકભાઈ તથા વેપારી મંડળ વતી ફેસલભાઈ, ગાયત્રી ફરસાણવાળા કાળુભાઈ, અંજનાબેન, નીતાબેન, પુષ્પાબેન તેમજ યોગીનીબેનએ ખુબ સહકાર આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## પારડીની જે.પી. પારડીવાલા સ્કુલમાં રાષ્ટ્રીય ખેલ મહોત્સવ ઉજવાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૧ :** પારડી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં હૉકીના જાદુગર ગણાતા મેજર ધ્યાનચંદના જન્મદિવસ નિમિત્તે રાષ્ટ્રીય ખેલ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. પારડીની જે.પી. પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં ઈન્ચાર્જ આચાર્ય ડૉ. ફાલ્ગુની દેસાઈના માર્ગદર્શન હેઠળ હૉકીના જાદુગર ગણાતા મેજર ધ્યાનચંદના જન્મદિવસ નિમિત્તે રાષ્ટ્રીય ખેલ દિવસ ઉજવવામાં આવ્યો હતો કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. ફાલ્ગુની દેસાઈએ વિદ્યાર્થીઓને જીવનમાં રમતોનું શું મહત્વ છે.

એની માહિતી આપી હતી ત્યારબાદ પ્રા.જિતેન્દ્ર. ટંડેલે રાષ્ટ્રીય ખેલ દિવસ શા માટે ઉજવવામાં આવે છે તેની વિસ્તૃત માહિતી હતી. મહાન ખેલાડી મેજર ધ્યાનચંદના નેતૃત્વમાં ઓલમ્પિક ગેમ્સમાં ૩ ગોલ્ડમેડલ ભારતની ટીમે મેળવ્યા હતા અને ભારતને ગૌરવ અપાવ્યું હતુ આ સિધ્ધિના કારણે ભારતમાં ૨૯ ઓગસ્ટ ના દિવસે રાષ્ટ્રીય ખેલ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ.જીતુભાઈ ભોઈ હાજર રહી મેજર ધ્યાનચંદના યાદગાર વીડિયો બતાવ્યા હતાં કોલેજમાં બેડમિન્ટન, ચેસ અને કેરમ જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લગભગ ૫૫ વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં ભાગ લીધો હતો.

## પારડીમાં સંત નિરંકારી મિશન દ્વારા રકતદાન શિબિર યોજાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૧ :** સત્ગુરુ માતા સુદીક્ષા જી મહારાજ અને નિરકારી રાજપિતા રમિત જીના પવિત્ર આશીર્વાદથી સંત નિરંકારી મિશનની સામાજિક શાખા દ્વારા પારડી તાલુકા ના ઉદવાડા, પરિયા અને ધગડમાડ દ્વારા સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશનનાં નેજા ઉદવાડા સ્થિત સંત નિરંકારી સત્સંગ ભવનમાં એક રક્તદાન શિબિરનું સફળતાપૂર્વક આયોજન સપંન્ન થયું હતું.આ રક્તદાન શિબિરને નિરંકારી ભક્તો અને સ્વૈચ્છિક રક્તદાતાઓનો ઉત્સાહજનક પ્રતિસાદ મળ્યો હતો જેમાં વલસાડ રક્તદાન કેન્દ્રનાં સહયોગથી ૨૪૪ યુનિટ રક્તનો સફળતાપૂર્વક સંગ્રહ કરવામાં આવ્યું હતું.

સમગ્ર શિબિર અત્યંત સુવ્યવસ્થિત અને અનુશાસિત વાતાવરણમાં સફળતા પૂર્વક કરવામાં આવ્યું હતુ રક્તદાન શિબિરનું શુભારંભ દક્ષિણ ગુજરાતના પ્રભારી ઓંકાર સિંહ જીની ઉપસ્થિતિમાં નિરંકાર પ્રભુના સિમરણ દ્વારા કરવામાં આવ્યું હતું તેમણે મિશન દ્વારા નિ:સ્વાર્થ માનવસેવા પ્રત્યે કરવામાં આવી રહેલા સતત પ્રયાસોની પ્રશંસા કરતાં સ્વૈચ્છિક રક્તદાતાઓને ઉત્સાહવર્ધન આપ્યું હતુ એમણે જણાવ્યું કે જે મિશનની કરુણા, સામાજિક ઉત્તરદાયિત્વ અને માનવસેવા પ્રત્યે સમર્પિત ભાવનાનું પ્રતીક રહ્યું છે, જ્યારે સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશન દેશભરમાં નિયમિત રૂપે રક્તદાન શિબિરોનું આયોજન કરીને લોકોને રક્તદાન જેવા મહાન કાર્ય દ્વારા અમૂલ્ય જીવન બચાવવા માટે પ્રેરિત કરી રહ્યું છે. સાથે જરક્ત નાડીઓમાં વહે નાળીઓમાં નહી ના જનકલ્યાણકારી સંદેશને પણ સમાજ સુધી પહોંચાડી રહ્યું છે. આ શિબિરમાં સંત નિરંકારી મંડળના વાપી સેક્ટર સયોંજક, સોશ્યલ વેલ્ફેર કોર્ડિનેટર, દમણ બ્રાંચનાં મુખી તેમજ અનેક મહાનુભવોએ ઉપસ્થિતિ આપી હતી. આ રક્તદાન શિબિર ઉદવાડા, પરિયા અને ધગડમાડ બ્રાંચનાં મુખીઓ અને સ્થાનિક સેવાદળ અધિકારી અને સેવાદળ ભાઈઓ-બહેનો તેમજ સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશનના સ્વયંસેવકોનાં સહયોગથી સફળતાપૂર્વક સંપન્ન થયુ હતું.

## પારડી પંથકમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૧ :** પારડી શહેર સહિત સમગ્ર તાલુકામાં ભાઈ-બહેનના પવિત્ર પ્રેમનો તહેવાર રક્ષાબંધનની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પવિત્ર દિવસે બહેનોએ પોતાના ભાઈઓના હાથની કલાઈ પર રક્ષાકવચ સમાન રાખડી બાંધી, મોં મીઠું કરાવી તેમના દીર્ઘાયુની કામના કરી આશીર્વાદ લીધા હતા. ભાઈઓએ પણ બહેનોને પ્રેમપૂર્વક ગિફ્ટ આપીને જીવનભર તેમની રક્ષા કરવાનું વચન આપ્યું હતું. તો બીજી તરફ ન્યુ ટ્રેન્ડ મુજબ ભાઈ સાથે બહેનોએ ભાભી ને પણ રાખડી બાંધી હતી. તો આ વર્ષે ખાંડના ભાવ વધવાથી મીઠાઈના બદલે ચોકલેટ તરફ આકર્ષણ રહ્યું હતું. આ પવિત્ર તહેવાર નિમિત્તે પારડી ખાતે વાપી, ઉમરગામ, મહારાષ્ટ્રના બોરડી અને વલસાડથી બહેનો પોતાના ભાઈઓને રાખડી બાંધવા આવી પહોંચી હતી. ચારેય તરફ ખુશી અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. પારડી શહેર ઉપરાંત તાલુકાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં પણ રક્ષાબંધનની ભારે ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. દરમિયાન, પારડીના ઉમરસાડી માછીવાડ ગામેથી ભાઈ-બહેનના પ્રેમનું એક અનોખું દ્રશ્ય સામે આવ્યું હતું. અહીં એક બહેને પોતાના પાલતુ શ્વાનને ભાઈ માની પ્રેમપૂર્વક રાખડી બાંધી હતી અને આ પવિત્ર પર્વની અનોખી રીતે ઉજવણી કરી હતી. આમ, સમગ્ર પારડી પંથકમાં ભાઈ-બહેનના પ્રેમ અને સ્નેહનો આ તહેવાર યાદગાર બની રહ્યો હતો.





પારડી તાલુકાના ઓરવાડ ગામે આવેલ પૌરાણિક સ્વયંભૂ ઘંટેશ્વર મહાદેવ આવેલું છે સોમવારે વહેલી સવારથી જ ભક્તોની ભીડ જામે છે લગભગ ચારસો વર્ષ જૂના આ મંદિરમાં ભક્તોની ભીડ જામી છે. હર હર મહાદેવના નાદ થી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની રહ્યું છે.

## ઉદવાડાની શાંતાબા ઈંગ્લિશ મીડિયમ સ્કુલમાં નશામુકિતની પ્રતિજ્ઞા લીધી





**બ્રહ્માકુમારી મેડિકલ વિંગ દ્વારા આયોજિત '૧૦ કરોડ નશામુક્તિ પ્રતિજ્ઞા મહા અભિયાન ૨૦૨૬' અંતર્ગત નશામુક્તિ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૧ :** પારડી તાલુકાના ઉદવાડા રેલવે સ્ટેશન પાસે આવેલ શાંતાબા ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં નશામુક્ત અને સ્વસ્થ ભારતના નિર્માણના હેતુથી બ્રહ્માકુમારી મેડિકલ વિંગ દ્વારા આયોજિત ૧૦ કરોડ નશામુક્તિ પ્રતિજ્ઞા મહા અભિયાન ૨૦૨૬ અંતર્ગત નશામુક્તિ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ અભિયાનમાં શાળાના ધોરણ ૧ થી ૧૨ ના કુલ ૯૬૭ વિદ્યાર્થીઓએ નશામુક્તિની પ્રતિજ્ઞા લીધી હતી. નશાના દુષ્પરિણામો અંગે જાગૃતિ ફેલાવી સ્વસ્થ, વ્યસનમુક્ત અને સશક્ત સમાજના નિર્માણ માટે સૌએ સંકલ્પ કર્યો હતો. આ મહત્વપૂર્ણ સામાજિક પહેલમાં સક્રિય સહભાગિતા બદલ બ્રહ્માકુમારી મેડિકલ વિંગ, માઉન્ટ આબુ તરફથી શાંતાબા ઈંગ્લિશ મીડિયમ સ્કૂલને Certificate of Appreciationએનાયત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના ટ્રસ્ટી કિશોરભાઈ ગાંધી એ બાળકોને સમજાવ્યું કે નશો માત્ર એક વ્યક્તિ ને નહિ પરંતુ વ્યક્તિ ના સ્વસ્થ, પરિવાર , શિક્ષણ અને કારકિર્દી ને અસર કરે છે આચાર્ય આકાંક્ષા ગાંધી એ બાળકો ને નશો જે આજે એક ટ્રેન્ડ, સ્ટેટસ અને કુલ દેખાવ નો સાધન બની ગયો છે. સાથે મિત્રોની ખોટી સંગત જ નશા ની શરૂઆત બને છે. તો બાળકોને પોતાના સાચા મિત્ર ની યોગ્ય ઓળખ કરવાની પ્રેરણા આપી. શાળાના સ્ટાફે બાળકોને વર્ગખંડમાં નશાના પ્રકાર અને તેની દુષ્પ્રભાવો વિશે સમજણ આપી હતી.

## પારડી દમણીઝાંપા પાસે વાહન અડફેટે બે ગૌવંશના મોત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૧ :** પારડીમાં દમણીઝાંપા નજીક નેશનલ હાઈવે નંબર ૪૮ પર અજાણ્યા વાહનચાલકે ગાયોને જોરદાર ટક્કર મારી હતી, જેમાં બે જેટલાં ગૌવંશના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. ઘટના અંગે સ્થાનિક નાગરિકે તાત્કાલિક પારડી નગરપાલિકાનો સંપર્ક કર્યો હતો. માહિતી મળતાં જ પારડી નગરપાલિકાના પંકજ ગરાણીયાની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. આ સાથે જ ૧૧૨ ની ઈમરજન્સી વાન અને પોલીસ કાફલો પણ સ્થળ પર પહોંચી ગયો હતો.

પોલીસ અને પાલિકાની ટીમે હાઈવે પર વાહનવ્યવહારને અટકાવી અ જેસીબી અને ટ્રેક્ટરની મદદથી બંને મૃત ગૌવંશના મૃતદેહોને રસ્તા પરથી ખસેડી આગળની કામગીરી હાથ ધરવામાં આવી હતી. નેશનલ હાઈવે પર અવારનવાર બનતી આવી ઘટનાઓ અને અજાણ્યા વાહનચાલકની બેદરકારીના કારણે બે ગૌવંશના મોત થતાં વિસ્તારના ગૌપ્રેમીઓ અને સ્થાનિકોમાં ભારે રોષ અને નારાજગી વ્યાપી ગઈ છે. સ્થાનિકો દ્વારા આવા બેદરકાર વાહનચાલકો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી રહી છે.

દમણગંગા ટાઈમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Wednesday 02, September 2026


## મિસાઈલ ઉત્પાદનમાં નવી મિસાલ

ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ) દ્વારા વિકસાવવામાં આવેલી મિસાઈલ સિસ્ટમની ટેક્નોલોજીનું હસ્તાંતરણ ભારતીય કંપનીઓને કરવાની સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની જાહેરાત વધુ એક સકારાત્મક પગલું છે. આ પહેલાં ભારતે સ્પેસ એટલે કે અવકાશ ક્ષેત્ર ખાનગી કંપનીઓ માટે ખોલ્યા બાદ જોવા મળેલી પ્રગતિ આંખને ઠારે એવી છે. અત્યાર સુધી જે મિસાઈલ સિસ્ટમ વિકાસ કે પ્રોટોટાઈપના તબક્કામાં હતી, તેને આ નવાં પગલાંથી વેગ મળશે. આ નવી નીતિનો આશય નવી સંરક્ષણ ટેક્નોલોજીને ડીઆરડીઓની પ્રયોગશાળા તથા સરકારી પ્રોડક્શન એજન્સીઓમાં દાયરાની બહાર લઈ જઈ મોટા પાયે તેનું ઉત્પાદન કરી શકે એવી ઔદ્યોગિક ક્ષમતા ધરાવતા એકમો સુધી લઈ જવાનો છે. આધુનિક સશસ્ત્ર દળો દ્વારા ઉપયોગમાં લેવાતાં શસ્ત્રોમાં મિસાઈલ્સ સૌથી વધુ ટેકનોલોજી કેન્દ્રિત છે. આ પગલાંથી ખાનગી ક્ષેત્રના સહભાગ સાથે ડીઆરડીઓ ઉત્પાદનની જવાબદારીમાંથી મુક્ત થઈ નવી ટેક્નોલોજીના સંશોધન-વિકાસ તરફ વધુ ધ્યાન કેન્દ્રિત કરી શકશે. પ્રયોગશાળા સફળતાપૂર્વક કોઈ શસ્ત્રને વિકસાવી શકે અને તેનું પરીક્ષણ કરી શકે છે, પણ તેનું મોટા પાયે ઉત્પાદન કરવા માટે અલગ પ્રકારની ક્ષમતાની આવશ્યકતા હોય છે, જેમાં ફેક્ટરી ઉપરાંત પુરવઠો પૂરા પાડનારા ચોક્કસ સપ્લાયર્સ, ગુણવત્તા પર નિયંત્રણ માટેની પ્રણાલી, કૌશલ્ય ધરાવતા લોકો, ટેસ્ટિંગ માટેની માળખાકીય સુવિધાઓ તથા સૌથી મહત્ત્વનું એટલે એકધારું અને લાંબા સમય સુધીનું મૂડીરોકાણ. આના કારણે તથા આ સાધનોના ઉત્પાદન બાબતની સંવેદનશીલતા જોતાં અનેક દાયકાઓ સુધી આ ક્ષેત્ર સરકારે પોતાના હસ્તક રાખ્યું હતું, પણ વિવિધ ક્ષેત્રોમાં ખાનગી ઉત્પાદકોની ભાગીદારીનાં સારાં પરિણામો આવ્યાં બાદ હવે કેન્દ્ર સરકારે સંરક્ષણ ઉત્પાદનમાં ડીઆરડીઓએ વિકસાવેલી મિસાઈલ સિસ્ટમનું ઉત્પાદન ખાનગી કંપનીઓને સોંપવાનો નિર્ણય લીધો છે. આનો અર્થ એ નથી કે, કોઈ પણ કંપનીને ડીઆરડીઓની મિસાઈલ ટેક્નોલોજી કે ક્લાસિફાઈડ ટેકનિકલ માહિતી સુધીની અનિયંત્રિત પહોંચ મળી જશે. આના માટે કંપનીઓને જરૂરી ટેકનિકલ અને નિયમન સંબંધી જરૂરિયાતો પૂરી કરવાની રહેશે. જો કે, ખાનગી ક્ષેત્ર અત્યારે પણ ડિફેન્સ ઉત્પાદનમાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. લાર્સન એન્ડ ટુબ્રો, ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ, ભારત ફોર્જ કલ્યાણી સ્ટ્રેટેજિક સિસ્ટમ્સ તથા અન્યોએ મોટા પાયે આ ક્ષેત્રમાં ઝુકાવ્યું છે, જેના પર એક કાળે સરકારી માલિકીની કંપનીઓની પકડ હતી. આ ખાનગી કંપનીઓએ વિદેશી ડિફેન્સ કંપનીઓ સાથે ભાગીદારી તથા સંયુક્ત સાહસ દ્વારા પોતાની ક્ષમતાઓ વિકસાવી છે. આ પગલાંથી મેક ઈન ઈન્ડિયા ઉપરાંત મિસાઈલ ઉત્પાદનમાં લાગતા નાના-મોટા સેંકડો કોમ્પોનન્ટ વિકસાવવા માટે એમએસએમઈ ક્ષેત્રની કંપનીઓનો પણ સહભાગ આડકતરી રીતે વધશે. આ સાથે જ મિસાઈલ ઉત્પાદનની ક્ષમતા દેશમાં વધતાં ભવિષ્યમાં નિકાસની શક્યતા પણ રહે છે. અમેરિકામાં સરકારી સહાયથી ચાલતી સંસ્થાઓએ વિકસાવેલાં શસ્ત્રોનું ઉત્પાદન કરતો વિશાળકાય ખાનગી સંરક્ષણ ઉદ્યોગ ધમધમે છે. એ સ્તરે પહોંચતાં ભારતને વાર લાગશે, પણ એ દિશામાં પહેલું પગલું લેવાયું છે.




## અવાડા ઈલેક્ટ્રોએ આઈપીઓ માટે સેબીમાં યુડીઆરએચપી ૧ ફાઈલ કર્યું

**સુરત, તા. ૩૧ :** અવાડા ઈલેક્ટ્રો લિમિટેડ જે ભારતની અગ્રણી વર્ટિકલી ઈન્ટિગ્રેટેડ સોલર ફોટોવોલ્ટેઈક ઉત્પાદક કંપનીઓમાંની એક છે, તેણે રૂ. ૭,૬૦૦ કરોડના આઈપીઓ માટે સેબી સમક્ષ તેનું યુડીઆરએચપી ફાઈલ કર્યું છે. કંપનીના પ્રસ્તાવિત આઈપીઓમાં કુલ રૂ. ૧,૬૦૦ કરોડ સુધીના ફ્રેશ ઈશ્યૂ અને રૂ. ૬,૦૦૦ કરોડ સુધીની ઓફર ફોર સેલ (ઓએફએસ)નો સમાવેશ થાય છે. આ રીતે કુલ ઓફરનું કદ રૂ. ૭,૬૦૦ કરોડ સુધીનું રહેશે. ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ પ્રતિ શેર રૂ. ૫ છે. રૂ. ૬,૦૦૦ કરોડ સુધીની ઓફર ફોર સેલ (ઓએફએસ) અવાડા વેન્ચર્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા કરવામાં આવશે, જે કંપનીની પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર છે. તેની પેરેન્ટ કંપની અવાડા ગ્રુપના મજબૂત સમર્થન સાથે અને તેના ચેરપર્સન વિનિત મિત્તલના નેતૃત્વ હેઠળ તથા પ્રોફેશનલ મેનેજમેન્ટ ટીમનો સહયોગ ધરાવતી અવાડા ઈલેક્ટ્રોની સ્થાપના ૨૦૨૧માં થઈ હતી અને તે રિન્યુએબલ એનર્જી ક્ષેત્રમાં કાર્યરત છે. કંપની સોલર સેલ અને મોડ્યુલના ઉત્પાદન ક્ષેત્રે વિશેષતા ધરાવે છે. તેના સોલર મોડ્યુલનું માર્કેટિંગ એનલ્યુમ અને ઈન્ટેગ્લો બ્રાન્ડ નામ હેઠળ ૧૪ ડિસ્ટ્રીબ્યુટર મારફતે ૧૩ રાજ્યોમાં કરવામાં આવે છે.

## સામાજિક કાર્યકર અન્ના હજારેની તબિયત લથડી

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૧ : દેશના જાણીતા સમાજસેવક અને ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનના અગ્રણીઓમાંના એક એવા અન્ના હજારેની તબિયત અચાનક ખરાબ થતાં તેમને મુંબઈની બોમ્બે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ગંભીર વાયરલ ઈન્ફેક્શન અને શરીરમાં પાણીની અછત (ડિહાઈડ્રેશન)ની સમસ્યા બાદ તેમને મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લાના રાલેગણ સિદ્ધિ નજીક આવેલી સ્થાનિક હોસ્પિટલમાંથી મુંબઈ ખસેડવામાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતી મુજબ, રાલેગણ સિદ્ધિમાં સારવાર દરમિયાન તેમની તબિયત વધુ બગડવા લાગી હતી. ડોક્ટરોની સલાહ બાદ તેમને વધુ સારી અને વિશેષ સારવાર માટે મુંબઈની બોમ્બે હોસ્પિટલમાં લઈ જવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. હાલ અન્ના હજારેને હોસ્પિટલના ICUમાં રાખવામાં આવ્યા છે, જ્યાં તબીબોની ટીમ તેમની તબિયત પર સતત નજર રાખી રહી છે. તેમની સારવાર સિનિયર ડૉ. ગૌતમ ભણસાલીની દેખરેખ હેઠળ ચાલી રહી છે. હોસ્પિટલમાં દાખલ કર્યા બાદ ડોક્ટરો દ્વારા તેમની તબિયતનું વિગતવાર મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. વિવિધ તબીબી તપાસો દ્વારા વાયરલ ઈન્ફેક્શન અને ડિહાઈડ્રેશનની અસર તેમના શરીર પર કેટલી થઈ છે તે જાણવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

# આતંકવાદ પર બેવડા ધોરણો માટે કોઈ જગ્યા નથી: મોદી



(જી.એન.એસ) તા. ૧
બિશ્કેક (કિર્ગિસ્તાન),
બિશ્કેકમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (જીર્ઝ) સમિટને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આતંકવાદ પર બેવડા ધોરણો માટે કોઈ સ્થાન હોઈ શકે નહીં. "આપણે આતંકવાદના સમગ્ર ઈકોસિસ્ટમ, તેના ભંડોળ, ભરતી, કટ્ટરપંથીકરણ અને સલામત આશ્રયસ્થાનોને તોડી નાખવા જોઈએ," પીએમ મોદીએ તેમના પાકિસ્તાની સમકક્ષ શાહબાઝ શરીફની હાજરીમાં કહ્યું. તેમણે યુદ્ધ પર રાજદ્વારી પર પણ ભાર મૂક્યો. તેમણે કહ્યું, "યુદ્ધના મેદાનમાં કોઈ ઉકેલ નથી અને બધા યુદ્ધો અને સંઘર્ષો વાતચીત અને રાજદ્વારી દ્વારા ઉકેલવા જોઈએ."

પીએમ મોદીના જીર્ઝ સમિટના મુખ્ય મુદ્દાઓ -

જીર્ઝ સહયોગના ત્રણ સ્તંભો - સુરક્ષા, કનેક્ટિવિટી અને તક - ને મજબૂત બનાવો અને દ્રષ્ટિથી માપી શકાય તેવા પરિણામો તરફ આગળ વધો

બેવડા ધોરણો માટે શૂન્ય સહિષ્ણુતા સાથે, આતંકવાદી ભંડોળ, ભરતી, કટ્ટરપંથીકરણ અને સલામત આશ્રયસ્થાનોને લક્ષ્ય બનાવીને સમગ્ર આતંકવાદ ઈકોસિસ્ટમને તોડી નાખો

રાજય-સમર્થિત આતંકવાદ સામે સ્પષ્ટ સંદેશ મોકલો અને ખાતરી કરો કે આતંકવાદને ક્યારેય વ્યૂહાત્મક સંપત્તિ તરીકે ગણવામાં ન આવે

અફઘાન લોકોને સતત વિકાસ સહાય અને માનવતાવાદી સમર્થન દ્વારા અફઘાનિસ્તાનમાં શાંતિ અને સ્થિરતાને પ્રોત્સાહન આપો

પ્રાદેશિક સંઘર્ષોને વધવા દેવા અને વૈશ્વિક ઉર્જા સુરક્ષા, દરિયાઈ વેપાર અને પુરવઠા શૃંખલાઓને વિક્ષેપિત કરવા દેવાને બદલે, સંવાદ અને રાજદ્વારી દ્વારા સંઘર્ષોનું નિરાકરણ કરો

જીર્ઝ મિકેનિઝમ્સ વચ્ચે અસરકારક સંકલન અને સમયસર કાર્યવાહી દ્વારા ડ્રગ હેરફેર, સંગઠિત અપરાધ અને અન્ય સુરક્ષા જોખમો સામે પ્રાદેશિક કાર્યવાહીને મજબૂત બનાવો

જીર્ઝ ચાર્ટર અનુસાર, બધા દેશોની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનો આદર કરીને વિશ્વસનીય અને સમાવિષ્ટ કનેક્ટિવિટી બનાવો

કસ્ટમ પ્રક્રિયાઓને સરળ બનાવીને, ડિજિટલ દસ્તાવેજીકરણનો વિસ્તાર કરીને અને લોજિસ્ટિક્સ નેટવર્કને વધુ કાર્યક્ષમ બનાવીને વેપાર અને લોજિસ્ટિક્સ કનેક્ટિવિટીને આધુનિક બનાવો

વિસ્તૃત કરો યુવા, વૈજ્ઞાનિક, ઉદ્યોગસાહસિક અને સભ્યતાલક્ષી આદાનપ્રદાન, જેમાં જીર્ઝ સ્ટાર્ટ-અપ ફોરમ, યંગ ઓથર્સ કોન્ક્લેવ, યંગ સાયન્ટિસ્ટ્સ ફોરમ અને પ્રસ્તાવિત જીર્ઝ સિવિલાઈઝેશનલ ડાયલોગ ફોરમ જેવી પહેલોનો સમાવેશ થાય છે, જેનું પહેલું સત્ર ભારતમાં યોજાવાનું છે.

પીએમ મોદી રશિયા-યુક્રેન સંઘર્ષોને સમાપ્ત કરવા પર ભાર મૂકે છે

અગાઉ, જીર્ઝ સમિટ દરમિયાન રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથેની વાતચીત દરમિયાન, પીએમ મોદીએ કહ્યું હતું કે, "અમે યુક્રેનના મુદ્દા પર સતત ચર્ચા કરી છે. જ્યારે અમે અગાઉ મળ્યા હતા, ત્યારે તમે મને આ બાબતના તમામ પાસાઓ વિશે વિગતવાર માહિતી આપી હતી. જેમ તમે જાણો છો, ભારત શાંતિ તરફના તમામ પ્રયાસોને સમર્થન આપે છે અને તેમ કરવાનું ચાલુ રાખશે. યુદ્ધમાં વિતાવેલો દરેક દિવસ માનવતાને પાછળ રાખે છે, જ્યારે શાંતિ તરફ લેવાયેલ દરેક પગલું માનવતાને નવી આશા અને ઉત્સાહથી ભરી દે છે. આપણે અનંત યુદ્ધોથી દૂર યુદ્ધના અંત તરફ આગળ વધવું જોઈએ. માનવતાના કલ્યાણ માટે આ જરૂરી છે.

શક્ય તેટલી વહેલી તકે તમામ મુદ્દાઓનું શાંતિપૂર્ણ નિરાકરણ માનવતાનું આહ્વાન છે, અને આ ભારતનો સંદેશ છે. ગાંધીની ભૂમિ અને બુદ્ધની ભૂમિ એક જ સંદેશ શેર કરે છે: શાંતિનો માર્ગ. આજે, હું તમારી સાથે આ બાબતોની ચર્ચા કરવા આતુર છું."

વડાપ્રધાનની આ ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે રશિયા-યુક્રેન સંઘર્ષ આંતરરાષ્ટ્રીય સંબંધો, સુરક્ષા ગણતરીઓ અને વૈશ્વિક અર્થતંત્ર પર નોંધપાત્ર અસર કરી રહ્યો છે. ભારતે સતત સંઘર્ષોના ઉકેલ માટે સંવાદ અને રાજદ્વારીની હિમાયત કરી છે. ઈરાન પર ચાલી રહેલા યુએસ-ઈઝરાયલ યુદ્ધની પૃષ્ઠભૂમિ સામે પણ મોદી-પુતિન બેઠક મહત્વપૂર્ણ બની રહી છે, જેના કારણે મધ્ય પૂર્વમાંથી ઉર્જા પ્રવાહમાં વિક્ષેપ પડ્યો છે અને વૈશ્વિક તેલ બજારોમાં દબાણ વધ્યું છે.

આ જૂથની સ્થાપના ૨૦૦૧ માં ચીન, રશિયા, કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, તાજિકિસ્તાન અને ઉઝબેકિસ્તાન દ્વારા કરવામાં આવી હતી. ભારત અને પાકિસ્તાન ૨૦૧૭ માં પૂર્ણ સભ્યો તરીકે જોડાયા, ત્યારબાદ ૨૦૨૩ માં ઈરાન અને ૨૦૨૪ માં બેલારુસ. તુર્કમેનિસ્તાન એકમાત્ર મધ્ય એશિયાઈ દેશ છે જે જીર્ઝ ની બહાર છે.

અફઘાનિસ્તાન અને મોંગોલિયા નિરીક્ષકનો દરજ્જો ધરાવે છે, જ્યારે સંવાદ ભાગીદારોમાં તુર્કી, અઝરબૈજાન અને સાઉદી અરેબિયાનો સમાવેશ થાય છે.

## સપ્ટેમ્બરના પહેલા જ દિવસે LPG કોમર્શિયલ સિલિન્ડર મોંઘો થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧
, સપ્ટેમ્બર મહિનાની શરૂઆતમાં જ LPG સિલિન્ડરના ભાવમાં ફેરફાર થયો છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ 1 સપ્ટેમ્બર 2026થી 19 કિલોના કોમર્શિયલ LPG સિલિન્ડરના ભાવમાં વધારો કર્યો છે. અમદાવાદમાં કોમર્શિયલ સિલિન્ડરનો ભાવ [1] 10 વધીને 2768 થયો છે. જોકે, ઘરેલુ રસોઈ માટે ઉપયોગમાં લેવાતા 14.2 કિલોના LPG સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. જેના કારણે સામાન્ય પરિવારોને હાલ રાહત મળી છે. નવા મહિનાની શરૂઆત સાથે જ દેશભરમાં કોમર્શિયલ LPG સિલિન્ડરના નવા દર લાગુ કરવામાં આવ્યા છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા જાહેર કરવામાં આવેલા દર મુજબ 19 કિલોના કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં શહેર પ્રમાણે વધારો થયો છે. અમદાવાદમાં 19 કિલોના સિલિન્ડરની કિંમત અગાઉ 2758 હતી, જે હવે 2768 થઈ છે. એટલે અમદાવાદમાં પ્રતિ સિલિન્ડર 10નો વધારો થયો છે. દિલ્હીમાં ભાવ 2738થી વધીને 2747.50 થયો છે, એટલે 9.50નો વધારો થયો છે. કોલકાતામાં સૌથી વધુ 11.50નો વધારો નોંધાયો છે અને અહીં ભાવ 2,872.50થી વધીને 2,884 થયો છે. મુંબઈમાં સિલિન્ડર 2691.50થી વધીને 2701 થયો છે.


જ્યારે ચેન્નાઈમાં ભાવ 2,906થી વધીને 2,916.50 થયો છે. કોમર્શિયલ LPG સિલિન્ડરનો ઉપયોગ મુખ્યત્વે રેસ્ટોરન્ટ, હોટેલ, ઢાબા, કેટરિંગ વ્યવસાય અને અન્ય નાના-મોટા વ્યવસાયોમાં થાય છે. તેથી કોમર્શિયલ ગેસના ભાવમાં વધારાની સીધી અસર આ વ્યવસાયોના સંચાલન ખર્ચ પર પડી શકે છે.

જોકે, પ્રતિ સિલિન્ડર વધારો મર્યાદિત હોવાથી તેની અસર કેટલી થશે તે વ્યવસાયના ગેસ વપરાશ પર આધાર રાખશે. ખાસ કરીને જે વેપારીઓ દર મહિને મોટી સંખ્યામાં કોમર્શિયલ સિલિન્ડરનો ઉપયોગ કરે છે, તેમના કુલ ખર્ચમાં વધારો થઈ શકે છે. બીજી તરફ, ઘરેલુ LPG ગ્રાહકો માટે આ વખતે રાહત આપવામાં આવી છે. 14.2 કિલોના ઘરેલુ LPG સિલિન્ડરના ભાવમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. એટલે હાલમાં સામાન્ય પરિવારો અને ગૃહિણીઓને રસોઈ ગેસના ભાવમાં વધારાનો સીધો બોજ સહન કરવો પડશે નહીં.5 અને 10 કિલોના સિલિન્ડરના ભાવમાં ફેરફાર નહીં19 કિલોના કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં વધારો કરવામાં આવ્યો હોવા છતાં અન્ય કેટલાક કેટેગરીના LPG સિલિન્ડરના ભાવ યથાવત રાખવામાં આવ્યા છે.

ખાસ કરીને 5 કિલો અને 10 કિલોના સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. એટલે LPGના તમામ પ્રકારના સિલિન્ડર મોંઘા થયા નથી. દર મહિનાની શરૂઆતમાં ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા આંતરરાષ્ટ્રીય બજારના ભાવ, કાચા તેલ અને અન્ય પરિબળોને ધ્યાનમાં રાખીને LPGના ભાવની સમીક્ષા કરવામાં આવે છે.

## રશિયા-યુક્રેન યુદ્ધ વધુ ઉગ્ર બન્યું

### રશિયાનો કીવ પર ઘાતક હુમલો: એક ભારતીય સહિત ૧૨ લોકોના મોત



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧
રશિયા-યુક્રેન યુદ્ધ વધુ ઉગ્ર બન્યું છે. રશિયન સેનાએ યુક્રેનની રાજધાની કીવ અને આસપાસના વિસ્તારોમાં મિસાઈલ-ડ્રોન હુમલા કર્યા. યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ મંગળવારે જણાવ્યું કે, આ હુમલામાં ૧ ભારતીય સહિત કુલ ૧૨ લોકોના મોત થયા છે અને ડઝનબંધ લોકો ઘાયલ થયા છે. કીવમાં સતત ૬ઠ્ઠા દિવસે હુમલા થતા ભારે અફરાતફરીનો માહોલ છે.

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં સ્થિતિ વધુ ગંભીર બની છે.

રશિયન સેનાએ યુક્રેનની રાજધાની કીવ અને તેની આસપાસના વિસ્તારોમાં રાત્રિભર મિસાઈલ અને ડ્રોન વડે ભયાનક હુમલા કર્યા હતા. યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ મંગળવારે માહિતી આપતાં જણાવ્યું હતું કે આ હુમલાઓમાં કુલ ૧૨ લોકોના મોત થયા છે. આ ઘટનામાં ડઝનબંધ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. જેના કારણે કીવમાં ફરી એકવાર ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો છે.

રાષ્ટ્રપ્રમુખ ઝેલેન્સ્કીના જણાવ્યા મુજબ, રશિયા દ્વારા કરવામાં આવેલા આ વિનાશક હુમલામાં જીવ ગુમાવનારા ૧૨ નાગરિકોમાં એક ભારતીય નાગરિકનો પણ સમાવેશ થાય છે.

સતત ૬ઠ્ઠા દિવસે રશિયન દળોએ કીવને નિશાન બનાવીને હવાઈ હુમલા ચાલુ રાખ્યા છે. આ હુમલાના કારણે રાજધાની અને આસપાસના વિસ્તારોમાં યુદ્ધની ગંભીરતા અભૂતપૂર્વ સ્તરે પહોંચી ગઈ છે. જેનાથી આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ભારે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## સુભાષ ચંદ્રાને મોટો ઝટકો: ૨૨,૦૦૦ કરોડના દાવા સામે ૬.૨૫ કરોડની પતાવટ અટકી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧ : Subhash Chandra સામે ચાલી રહેલા પર્સનલ ઈન્સોલ્વન્સી કેસમાં મોટો કાનૂની વળાંક આવ્યો છે. નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ ની પાંચ સભ્યોની વિશેષ બેન્ચે ૨૫ ઓગસ્ટના અગાઉના આદેશના અમલ પર સ્ટે મૂકી દીધો છે.

આ સાથે સુભાષ ચંદ્રાને પોતાની કોઈપણ સંપત્તિ સીધી કે પરોક્ષ રીતે વેચવા અથવા અન્ય વ્યક્તિના નામે ટ્રાન્સફર કરવા પર પણ રોક લગાવવામાં આવી છે. હવે સમગ્ર મામલાની નવેસરથી સુનાવણી હાથ ધરવામાં આવશે.

આ કેસનો સૌથી મહત્વનો મુદ્દો સુભાષ ચંદ્રા દ્વારા રજૂ કરવામાં આવેલા રિપેમેન્ટ પ્લાન સાથે જોડાયેલો છે. ઉપલબ્ધ વિગતો અનુસાર, મંજૂર થયેલા કુલ દાવા ૨૨,૦૦૬.૫૭ કરોડ જેટલા છે, જ્યારે પ્રસ્તાવિત રિપેમેન્ટ પ્લાન હેઠળ માત્ર ૬.૨૫ કરોડ ચૂકવવાની દરખાસ્ત કરવામાં આવી હતી.

આ ઉપરાંત ઈન્સોલ્વન્સી પ્રક્રિયાના ખર્ચ માટે ૨૫ લાખ ફાળવવાનો પ્રસ્તાવ હતો. આ રકમ કુલ દાવાની સરખામણીએ અત્યંત ઓછી હોવાથી લેણદારો અને નાણાકીય સંસ્થાઓ દ્વારા આ પ્લાન સામે વાંધો ઉઠાવવામાં આવ્યો છે.

NCLTની પાંચ સભ્યોની વિશેષ બેન્ચે નોંધ્યું કે અગાઉ ૨૫ ઓગસ્ટે આપવામાં આવેલા આદેશમાં ટ્રિબ્યુનલના સભ્યો વચ્ચે સ્પષ્ટ બહુમતી જોવા મળતી નથી. આ કાનૂની સ્થિતિને ધ્યાનમાં રાખીને અગાઉના આદેશના અમલ પર સ્ટે મૂકવામાં આવ્યો છે.

હવે કેસ સાથે જોડાયેલા તમામ લેણદારો, બેંક્કો અને અન્ય પક્ષકારોને નોટિસ આપવામાં આવી છે. તમામ પક્ષોની દલીલો સાંભળ્યા બાદ વિશેષ બેન્ચ નવેસરથી નિર્ણય કરશે.

આ કાર્યવાહી ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ દ્વારા ઈન્સોલ્વન્સી એન્ડ બેંક્રપ્સી કોડની કલમ ૯૫ હેઠળ શરૂ કરવામાં આવી હતી. મામલો સુભાષ ચંદ્રાની વ્યક્તિગત ગેરંટી અને કંપનીઓ દ્વારા લેવામાં આવેલી લોન સાથે સંબંધિત છે.

લેણદારો માટે સૌથી મોટો પ્રશ્ન એ છે કે ?૨૨,૦૦૦ કરોડથી વધુના દાવા સામે ૬.૨૫ કરોડનું રિપેમેન્ટ કેમ સ્વીકારવામાં આવે. પ્રસ્તાવિત ચુકવણી મંજૂર થયેલા દાવાની માત્ર આશરે ૦.૦૩% જેટલી થાય છે.

બીજી તરફ સુભાષ ચંદ્રાએ સોશિયલ મીડિયા પર પોતાના બચાવમાં કહ્યું હતું કે તેમણે વ્યક્તિગત રીતે બેંક્કો અથવા નાણાકીય સંસ્થાઓ પાસેથી કોઈ લોન લીધી નથી. તેમના જણાવ્યા મુજબ, તેમણે માત્ર કંપનીઓ દ્વારા લેવામાં આવેલી લોન માટે પર્સનલ ગેરંટી આપી હતી.

તેમણે એવો પણ દાવો કર્યો હતો કે ૨૨,૦૦૬.૫૭ કરોડના આંકડાને કારણે તેમના વિશે ખોટી છાપ ઊભી થઈ રહી છે અને લેણદારોની બાકી રકમનો હિસાબ લોન લેનારી કંપનીઓ સાથે થવો જોઈએ. NCLTની વિશેષ પાંચ સભ્યોની બેન્ચ હવે રિપેમેન્ટ પ્લાનની કાયદેસરતા અને લેણદારો દ્વારા દાખલ કરવામાં આવેલા વાંધાઓ પર નવેસરથી દલીલો સાંભળશે.

## નેપાળમાં જળપ્રલય: ૯૬૨થી વધુ મોત, ૪૪૦૦ લોકો હજુ સંપર્કવિહોણા

(સંપૂર્ણ સમાચાર સેવા)
કાઠમંડુ, તા.૧
ચીન-નેપાળ સરહદ નજીક ગ્લેશિયરનો એક મોટો હિસ્સો તૂટી પડતાં સર્જાયેલી કુદરતી હોનારતે નેપાળ અને તિબ્બતમાં ભારે તબાહી મચાવી છે. અચાનક વિપુલ પ્રમાણમાં પાણી, ખડકો અને કાટમાળ નીચે તરફ ધસી આવતા અનેક ગામડાઓ તથા શહેરો તેની ઝપેટમાં આવી ગયા હતા. આ ભયાનક પૂર અને ભેખડો ધસી પડવાને કારણે કેટલાક ગામો તણાઈ ગયા છે અને મોટી સંખ્યામાં લોકો કાટમાળ નીચે દબાઈ ગયા છે. રાહત અને બચાવ કાર્ય બીજા અઠવાડિયામાં પ્રવેશવાની સાથે જ નવી વિકટ સમસ્યાઓ સામે આવી રહી છે. આ હોનારતમાં અત્યાર સુધીમાં ૯૬૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યો છે,



જ્યારે ૪૪૦૦થી વધુ લોકો હજુ પણ ગુમ છે. પૂરના આ પાણી સાથે તણાઈને આવેલી ઓછામાં ઓછી ૧૭ લાશો ભારત સરહદ પાસેથી પણ મળી આવી છે. પૂર અને હોનારતના સાત દિવસ વિતી ગયા બાદ હવે નેપાળના અસરગ્રસ્ત વિસ્તારોમાં મહામારી ફેલાવાનો મોટો ખતરો ઉભો થયો છે. કાટમાળ અને કાદવમાં દબાયેલા મૃતદેહો હવે સડવા લાગ્યા છે અને ચારેય તરફ દુર્ગંધ ફેલાઈ રહી છે.

## EV-CNG કારોની ડિમાન્ડ વધી ૬ મહિના સુધી વેઈટિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧ : ભારતીય ઓટોમોબાઈલ માર્કેટમાં E20 પેટ્રોલને લઈને ચાલી રહેલી ચર્ચાએ ગ્રાહકોની ખરીદીની પસંદગી પર અસર કરવાનું શરૂ કર્યું છે. માઈલેજમાં ઘટાડો અને મેન્ટેનન્સ ખર્ચ વધવાની ચિંતાને કારણે કેટલાક ગ્રાહકો પરંપરાગત પેટ્રોલ વાહનોની જગ્યાએ ઈલેક્ટ્રિક વાહનો (EV) અને CNG મોડલ્સ તરફ વળી રહ્યા છે. આ બદલાતી પસંદગીના કારણે લોકપ્રિય EV અને CNG મોડલ્સની માંગ વધી છે અને કેટલાક વાહનો માટે વેઈટિંગ પિરિયડ પણ નોંધપાત્ર રીતે લાંબો થયો છે.

માર્કેટમાં વધેલી માંગનો સૌથી મોટો ફાયદો લોકપ્રિય EV મોડલ્સને મળી રહ્યો છે. ઉપલબ્ધ માહિતી અનુસાર, Tata Nexon EV જેવા મોડલ માટે કેટલાક સ્થળોએ આશરે ૬ મહિના સુધીનું વેઈટિંગ જોવા મળી રહ્યું છે.

માત્ર EV જ નહીં, પરંતુ CNG અને અન્ય ફ્યુઅલ-એફિશિયન્ટ વિકલ્પો તરફ પણ ગ્રાહકોનું ધ્યાન વધી રહ્યું છે. ઊંચા ઈંધણ ખર્ચ અને લાંબા ગાળાના ઓપરેટિંગ ખર્ચને ધ્યાનમાં રાખીને ખરીદદારો હવે વાહન ખરીદતા પહેલાં માઈલેજ અને કુલ માલિકી ખર્ચને વધુ મહત્વ આપી રહ્યા છે.

રિપોર્ટ અનુસાર, છેલ્લા કેટલાક મહિનામાં EV અને CNG વાહનો માટેની ઈન્ક્વાયરી તથા બુકિંગમાં ૩૦%થી વધુનો વધારો જોવા મળ્યો છે.

# અન્ય સમાચારો

## રાજ્ય સરકાર જીઆઈડીસી એમ્નેસ્ટી યોજના અમલી કરશે

**અમારા પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા.૦૧ :** જીઆઈડીસીના ઔદ્યોગિક પ્લોટના અગાઉના તબદીલી વ્યવહારોમાં બાકી રહેલી સ્ટેમ્પ ડ્યુટી અને તેના પર લાગતી પેનલ્ટીના બોજમાંથી પાત્ર એમએસએમઇ ઉદ્યોગોને રાહત આપવા જીઆઈડીસી એમ્નેસ્ટી સ્કીમ અમલમાં મુકવાનો રાજ્ય સરકારે નિર્ણય લીધો છે. આ યોજનાના પરિણામે જુના વ્યવહારોના કારણે હાલના પ્લોટ ધારકો ઉપર આવી પડેલું ભારે સ્ટેમ્પ ડ્યુટી તેમજ પેનલ્ટીનું ભારણ હળવું થશે.

નોંધનીય છે કે જીઆઈડીસીના પ્લોટ ધારકો દ્વારા ભૂતકાળમાં ઔદ્યોગિક પ્લોટ અથવા શેડની ફાળવણી વખતે અનેક કિસ્સાઓમાં રજિસ્ટર્ડ દસ્તાવેજના બદલે એલોટમેન્ટ લેટર, સપ્લીમેન્ટરી એગ્રીમેન્ટ વગેરે દસ્તાવેજો કરવામાં આવ્યા હતા. પરિણામે અગાઉના તબક્કાના કેટલાક વ્યવહારોમાં યોગ્ય સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ થઈ શકી ન હતી. આવા જૂના વ્યવહારોમાં હાલના માલિકને લીઝ ડીડ અથવા અન્ય જરૂરી દસ્તાવેજની નોંધણી કરાવતી વખતે અગાઉના વ્યવહારોની બાકી સ્ટેમ્પ ડ્યુટી તેમજ ભારે દંડ ભરવાનો પ્રશ્ન ઊભો થતો હતો. તેથી આ સંદર્ભમાં ઉદ્યોગકારો અને જીઆઈડીસી એસોસિએશનો તરફથી રાજ્ય સરકારને મળેલી રજૂઆતોને ધ્યાનમાં લઈને આ પ્રશ્નના વ્યવહારુ ઉકેલ માટે એમ્નેસ્ટી યોજના શરૂ કરવામાં આવશે.

આ યોજના મુજબ પાત્ર કિસ્સાઓમાં લાગુ પડતી સ્ટેમ્પ ડ્યુટીમાંથી ૮૦ ટકા સુધીની રકમ માફ કરીને માત્ર ૨૦ટકા સ્ટેમ્પ ડ્યુટી તથા લાગુ પડતી પેનલ્ટી વસૂલવાનો પ્રસ્તાવ છે. પરંતુ, જ્યાં ૨૦ટકા સ્ટેમ્પ ડ્યુટી અને પેનલ્ટીની કુલ રકમ મૂળ સ્ટેમ્પ ડ્યુટી કરતા ઓછી થતી હોય તેવા કિસ્સામાં મૂળ સ્ટેમ્પ ડ્યુટી જેટલી રકમ વસૂલ થાય તે રીતે રાહતનો લાભ આપવામાં આવશે. ભૂતકાળના વ્યવહારોના કારણે વર્તમાન પ્લોટધારકો ઉપર પડતા મોટા નાણાકીય ભારણમાં આના પરિણામે નોંધપાત્ર ઘટાડો થશે.

## કેન્દ્રીય ગૃહ મંત્રી ૩-૫ સપ્ટે.એ ગુજરાતની મુલાકાતે

**અમારા પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા.૧ :** કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ આગામી ૩-૫ સપ્ટેમ્બરે ફરી એક વખત વતન ગુજરાતની મુલાકાતે આવશે. આ ત્રણ દિવસની મુલાકાત દરમિયાન તેઓ અમદાવાદ અને ગાંધીનગરને કરોડોના ખર્ચે તૈયાર પ્રકલ્પોની ભેટ આપશે. અમદાવાદમાં શાહ ધાર્મિક ઉત્સવ અને લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કાર્યક્રમમાં પણ હાજર રહેશે.

કેન્દ્રીય ગૃહ મંત્રી ટૂંકા ગાળામાં જ બીજી વખત વતનની મુલાકાતે આવી રહ્યા છે. તાજેતરમાં તેમણે ૨૭ અને ૨૮ ઓગસ્ટના અમરેલી અને અમદાવાદની મુલાકાત લીધી હતી. અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠના ૭૨માં પદવીદાન સમારોહમાં પણ તેઓ હાજર રહ્યા હતા. કેન્દ્રીય મંત્રી અમિત શાહ જન્માષ્ટમીની ઉજવણી ગુજરાતમાં કરશે. ૩ સપ્ટેમ્બરના રાત્રે આઠ વાગ્યે શાહનું અમદાવાદ એરપોર્ટ પર આગમન થશે. ત્યારબાદ ૪ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૧ વાગ્યે ગાંધીનગરના ઈન્દ્રોડા ગામે પહોંચીને નવનિર્મિત પાઈપલાઈન અને ભૂમિગત પાણીની ટાંકી સહિતની અત્યાધુનિક જળ વ્યવસ્થાપન પ્રણાલીનું વિધિવત લોકાર્પણ કરશે.

## રાજ્યની ખાનગી શાળા-કૉલેજોના NCC કૅડેટ્સને પણ કૅમ્પ ભથ્થાં મળશે

**અમારા પ્રતિનિધિ તરફથી,**

**અમદાવાદ, તા.૦૧ :** ગુજરાત સરકારે નેશનલ કૅડેટ કૉર્પ્સ (NCC)ના કૅડેટ્સના હિતમાં મહત્વનો નિર્ણય કર્યો છે. જે મુજબ હવે, રાજ્યની ખાનગી શાળા-કૉલેજોમાં કાર્યરત NCC કૅડેટ્સ જ્યારે રાષ્ટ્રીય કક્ષાના કૅમ્પ માટે પસંદગી પામશે, ત્યારે તેમને સરકારી શાળા-કૉલેજના કૅડેટ્સની જેમ જ કૅમ્પ ભથ્થાં મળશે. રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા આ નિર્ણયથી ખાનગી સંસ્થાના કૅડેટ્સને રાષ્ટ્રીય કક્ષાની સમાન તક મેળવવામાં આવતું આર્થિક અવરોધ દૂર થશે.

NCC કૅડેટ્સ માટે પ્રજાસત્તાક દિવસની ટુકડી (RDC), થલ સૈનિક કૅમ્પ (TSC), યુવા વિનિમય કાર્યક્રમ (YEP), વાયુ સૈનિક કૅમ્પ (VSC), નૌકા સૈનિક કૅમ્પ (NSC) અને રાષ્ટ્રીય સ્તરની ઈવેન્ટ (NLE) જેવા રાષ્ટ્રીય કક્ષાના કૅમ્પો મહત્વના હોય છે. આવા કૅમ્પોમાં પસંદગી પામવા માટે કૅડેટ્સે સ્પર્ધાત્મક પસંદગી પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે અને અંદાજે ૪થી ૫ સ્પર્ધાત્મક કૅમ્પોમાં ભાગ લેવો પડે છે.

અત્યાર સુધી રાજ્યની સરકારી શાળા - કૉલેજના NCC કૅડેટ્સને ભારત સરકાર દ્વારા નક્કી કરાયેલા ધોરણ મુજબ વિવિધ કૅમ્પ ભથ્થાં આપવામાં આવતા હતાં, જ્યારે ખાનગી શાળા-કૉલેજોના કૅડેટ્સને રાજ્ય કે કેન્દ્ર સરકાર તરફથી આવા કોઈ ભથ્થાં મળતાં નહોતાં. પરિણામે કૅમ્પ સાથે સંકળાયેલો ખર્ચ કૅડેટ અથવા સંસ્થાએ જાતે ઉઠાવવો પડતો હતો. આર્થિક ભારણના કારણે રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામવાની ક્ષમતા ધરાવતા કેટલાક તેજસ્વી કૅડેટ્સ પણ ભાગ લેવા અચકાતા હોવાની સ્થિતિ સરકારના ધ્યાન પર આવી હતી. આ પરિસ્થિતિને બદલવા માટે શિક્ષણ વિભાગે એક ઠરાવ કરી હવે ખાનગી શાળા-કૉલેજના કૅડેટ્સને પણ સરકારી કૅડેટ્સ સમાન કૅમ્પ ભથ્થું આપવાનો નિર્ણય કર્યો છે. ખાસ બાબત એ છે કે આ માટે થનારા ખર્ચનો ૧૦૦ ટકા હિસ્સો રાજ્ય સરકાર ભોગવશે. ભથ્થાની ચુકવણી ભારત સરકાર દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવતા દર મુજબ કરવામાં આવશે.

## દેશના શ્રમ બજારમાં ગુજરાતનો ડંકો : રોજગાર આપવામાં સુરત નંબર-૧

**અમારા પ્રતિનિધિ તરફથી,**

**અમદાવાદ, તા.૧ :** દેશના આર્થિક વિકાસના ગ્રોથ એન્જિન ગણાતા ૧૦ લાખથી વધુ વસ્તી ધરાવતા મહાનગરો પર કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલા પ્રથમ વિશેષ પીરિયોડિક લેબર ફોર્સ સર્વે (PLFS) ૨૦૨૫ના અહેવાલમાં ગુજરાતે બાજી મારી લીધી છે. દેશના મુખ્ય ૪૬ શહેરોની સરખામણીએ ગુજરાતના ચાર મહાનગરો રોજગાર સુરક્ષા અને ઉદ્યોગ સાહસિકતામાં દેશ માટે રોલ મોડલ સાબિત થયા છે. સમગ્ર દેશમાં સુરત ૬૬.૭ ટકા સાથે સૌથી વધુ રોજગારીની તકો આપતું શહેર બન્યું છે. જ્યારે રાજકોટમાં દેશના સૌથી વધુ ૫૦.૪ ટકા લોકો પોતાનો વ્યવસાય ચલાવી રહ્યા છે. જે દર્શાવે છે કે નાના શહેરોની સરખામણીએ મહાનગરો રોજગારનું અસલી કેન્દ્ર છે. મહિલાઓ નિયમિત નોકરી મેળવવામાં પુરુષો કરતાં મોખરે છે. જયારે,લાંબા કામના કલાકો અને 'NEET' યુવાનો નવો પડકાર સમાન છે.

નિયમિત પગારદાર નોકરીઓનું ૫૮.૫ ટકાનું પ્રમાણ નોંધપાત્ર રીતે વધારે છે. આ શહેરોમાં શ્રમિકો અઠવાડિયામાં સરેરાશ ૪૯.૫ કલાકનો આકરો પરિશ્રમ કરે છે અને તેમની માસિક સરેરાશ આવક પણ વધુ છે. જોકે, શિક્ષણ કે નોકરીથી વંચિત 'NEET' યુવાનો અને મહિલાઓની સામાજિક સુરક્ષા હજુ પણ ચિંતાનો વિષય છે.

૧૦ લાખથી વધુ વસ્તી ધરાવતા ૪૬ શહેરોના ડેટા વિશ્લેષણ પરથી સ્પષ્ટ થયું છે કે, જોબ માર્કેટ હવે મેટ્રો શહેરો તરફ વળ્યું છે. આ સર્વેક્ષણમાં ગુજરાતના સુરત, રાજકોટ, અમદાવાદ અને વડોદરાએ સાબિત કર્યું છે કે કેમ અહીં દેશમાં સૌથી ઓછી બેરોજગારી છે. શ્રમિકોની સામાજિક -આર્થિક સ્થિતિ અને શહેરોના અર્થતંત્રને લગતા કેટલાક વધુ ચોંકાવનારા આંકડા જોઈએ, તો, મોટા શહેરોમાં લોકો ખૂબ લાંબો સમય કામ કરે છે, પરંતુ સ્ત્રી અને પુરુષોના કામના કલાકોમાં મોટો તફાવત છે. મહાનગરોમાં પુરુષો અઠવાડિયામાં સરેરાશ ૫૧.૬ કલાક કામ કરે છે. તેની સામે મહિલાઓ અઠવાડિયામાં સરેરાશ ૪૪.૫ કલાક સત્તાવાર આર્થિક પ્રવૃત્તિઓમાં વિતાવે છે. સમગ્ર શહેરી ભારતના સરેરાશ ૪૭.૧ કલાકની સરખામણીએ મોટા શહેરોના લોકો (૪૯.૫ કલાક) અઠવાડિયામાં લગભગ ૨.૫ કલાક વધુ કામ કરે છે, જે દર્શાવે છે કે મહાનગરોનું જીવન વધુ વ્યસ્ત છે.

## ગુજરાતમાં 'રિફૉર્મ ઉત્સવ' ૨જી, ઑક્ટોબરથી 'જન મંથન' ઉજવાશે

**અમારા પ્રતિનિધિ તરફથી,**

**અમદાવાદ, તા.૦૧ :** ભારત સરકારની સાથે-સાથે ગુજરાત સરકાર દ્વારા પણ રાજ્યમાં ૨જી, ઑક્ટોબર ગાંધી જયંતીથી ૨૫મી, ડિસેમ્બર અટલ બિહારી વાજપાયી જયંતી સુધી 'રિફૉર્મ ઉત્સવ' ઉજવવામાં આવશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે, ગુજરાત વહીવટી સુધારણા પંચ (GARC)ની રચના પણ કરી છે. એ જ દિશામાં ભારત સરકારની પહેલથી ઉજવાનાર આ 'રિફૉર્મ ઉત્સવ' માત્ર ફરિયાદ નિવારણ પૂરતું સીમિત નહીં રહે, પણ નાગરિકના સૂચનને એક કાર્યક્ષમ સુધારામાં રૂપાંતરિત કરી, તેને અમલી બનાવવાનો વ્યવસ્થિત પ્રયાસ બનશે. અભિયાનનો અંતિમ ઉદ્દેશ્ય એવો છે કે, નાગરિકનો અવાજ સૂચનથી આગળ વધીને અમલપાત્ર સુધારામાં પરિવર્તિત થાય અને તેનાં પરિણામો લોકો સુધી પહોંચે.

મુખ્યમંત્રીના સીધા નેતૃત્વ હેઠળ કાર્યરત સામાન્ય વહીવટ વિભાગે રિફૉર્મ ઉત્સવના અસરકારક આયોજન, સંચાલન, અમલીકરણ અને દેખરેખ માટે રાજ્ય કક્ષાની સમિતિની રચના કરી છે. આ સમિતિમાં સભ્યો તરીકે તમામ વિભાગોના અધિક મુખ્ય સચિવ, અગ્ર સચિવ, સચિવ રહેશે. જરૂરિયાત મુજબ અન્ય અધિકારીઓનો પણ સમિતિમાં સમાવેશ કરવામાં આવશે. આ ઉપરાંત રિફૉર્મ ઉત્સવના સંકલન માટે રાજ્ય કક્ષાએ સામાન્ય વહીવટ વિભાગના અગ્ર સચિવને નોડલ અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ સાથે જ દરેક વહીવટી વિભાગ અને જિલ્લામાં પણ નોડલ અધિકારીની નિમણૂક કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે કે, જેથી અભિયાનના દરેક તબક્કાની કામગીરી સુવ્યવસ્થિત રીતે આગળ વધે.

## અદાણી પોર્ટ એન્ડ સેઝ મુન્દ્રાને પર્યાવરણ સંરક્ષણ અને સંવર્ધન ક્ષેત્રે ઉત્કૃષ્ટતા બદલ સન્માન

**અમારા પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા.૧ :** અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ (એપીએસઈઝેડ), મુન્દ્રાને પર્યાવરણ સંરક્ષણ અને સંવર્ધન શ્રેણીમાં ૨૧માં એક્સીડ એન્વાર્યમેન્ટ એવોર્ડ્સ ૨૦૨૬ અંતર્ગત 'લેજેન્ડ (ઈમર્જિંગ)' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યું છે.

ભારત સરકારની LiFE (પર્યાવરણ માટે લાઈફસ્ટાઈલ) પહેલ હેઠળ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ મિશન દ્વારા આયોજિત આ એવોર્ડ એવા સંગઠનોને સન્માનિત કરે છે, જેઓ પર્યાવરણ સંરક્ષણ અને પર્યાવરણલક્ષી વ્યવસાયિક પદ્ધતિઓ પ્રત્યે ઉત્કૃષ્ટ પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ સન્માન અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન મુન્દ્રા દ્વારા તેની કામગીરીમાં પર્યાવરણ સંવર્ધન અને જવાબદાર સંસાધન વ્યવસ્થાપનને સતત પ્રાધાન્ય આપવાના પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે. પર્યાવરણ સંરક્ષણ માટેની વિવિધ પહેલો તેમજ હિતધારકો માટે લાંબા ગાળાનું મૂલ્ય સર્જવાની પ્રતિબદ્ધતા દ્વારા એપીએસઈઝેડ મુન્દ્રા ટકાઉ વિકાસને વધુ મજબૂત બનાવી રહ્યું છે.

અમદાવાદ ખાતે આયોજીત એક કાર્યક્રમમાં ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે અદાણીના વરિષ્ઠ અધિકારીઓને લેજેન્ડ-ઈમર્જિંગ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ભવિષ્યમાં પર્યાવરણને ધ્યાનમાં રાખીને શ્રેષ્ઠ કામગીરી બદલ કંપનીને આ સન્માન આપવામાં આવ્યું હતું. આ સન્માન APSEZની ટકાઉ પોર્ટ કામગીરી માટે નવા માપદંડો સ્થાપિત કરવાની તેમજ ભારતના પર્યાવરણીય અને આબોહવા સંબંધિત લક્ષ્યોમાં યોગદાન આપવાની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત કરે છે. અદાણી પોર્ટ્સ મુજબ, મુન્દ્રા સહિત તેમના ૧૨ પોર્ટ્સને ઝીરો વેસ્ટ ટુ લેન્ડફિલ પ્રમાણપત્ર મળેલું છે, જે તેમની ઉત્કૃષ્ટ કચરા વ્યવસ્થાપન પદ્ધતિ દર્શાવે છે.

## ચૈતર વસાવાએ હાઈકોર્ટમાં કરેલી પેરોલ અરજી પરત ખેંચી

**અમારા પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા.૧ :** આમ આદમી પાર્ટીના ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી. વનકર્મીને માર મારવા તેમજ હવામાં ફાયરિંગ અને નાણાં પડાવવાના કેસમાં વડોદરાની મધ્યસ્થ જેલમાં કેદ આપના એમએલએ ચૈતર વસાવાને ગુજરાત હાઈકોર્ટમાંથી વધુ એક ઝટકો લાગ્યો છે. વિધાનસભાના આગામી સત્રમાં હાજર રહેવા માટે હાઈકોર્ટમાં કરેલી પેરોલ અરજી વસાવાએ પરત ખેંચી છે. હાઈકોર્ટે આ અરજી ટકવા પાત્ર નહીં હોવાનો મત આપતા ચૈતર વસાવાના વકીલે અરજી પરત ખેંચી હોવાનું જણાવ્યું હતું. અગાઉ ગુજરાત હાઈકોર્ટે આ કેસમાં આપના ધારાસભ્યના જામીન ફગાવ્યા હતા.

આગામી ૯થી ૧૧ સપ્ટેમ્બરના ગુજરાત વિધાનસભાનું સત્ર મળવાનું છે તેમાં હાજરી આપવા માટે ચૈતર વસાવા તરફથી પેરોલ માટે અરજી કરવામાં આવી હતી. તેમના વકીલે પેરોલ અરજીને જામીનમાં તબદીલ કરવા કોર્ટ સમક્ષ અરજી કરી હતી. આ અરજીની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે પેરોલ અરજી ટકવા પાત્ર નહીં હોવાની ટકોર કરી હતી. ત્યારબાદ વસાવા તરફથી પેરોલ અરજી પરત ખેંચી લેવામાં આવી છે. હાઈકોર્ટે સવાલ કર્યો હતો કે પેન્ડિંગ અપીલ દરમિયાન આ પ્રકારની અરજી કેવી રીતે ટકી શકે?

હવે ચૈતર વસાવા તરફથી જેલ સત્તાધિકારીઓ સમક્ષ પેરોલ માંગવામાં આવી શકે છે અથવા કાયદાકીય જોગવાઈ મુજબ ગુજરાત હાઈકોર્ટમાં નવેસરથી હંગામી જામીન માટે અરજી કરવામાં આવી શકે છે. એટલે હાલની અરજી પરત ખેંચાઈ હોવા છતાં વિધાનસભાના આગામી સત્રમાં હાજરી માટે કાયદાકીય વિકલ્પો ખુલ્લા છે. ચૈતર વસાવાના વકીલ પુનીત જુનેજાએ જણાવ્યું હતું કે, કાયદાકીય રીતે યોગ્ય પ્રક્રિયા અનુસરીને આગળની કાર્યવાહી કરવામાં આવશે.

નર્મદા જીલ્લાના વનકર્મીને માર મારવા તેમજ હવામાં ફાયરિંગ અને ખંડણી માંગવાના આરોપ બદલ સેશન્સ કોર્ટે આપના એમએલએ ચૈતર વસાવા તથા પત્ની શકુંતલા વસાવા સહિત ૯ શખસોને સાત વર્ષની જેલની સજા ફટકારી હતી. સેશન્સ કોર્ટના ચુકાદાને ચૈતર વસાવા સહિતના આરોપીઓએ ગુજરાત હાઈકોર્ટમાં પડકાર્યો હતો. ચૈતર વસાવાએ ૩ ઓગસ્ટના રોજ હાઈકોર્ટમાં સેશન્સ કોર્ટનો ચુકાદા પર સ્ટે આપવા તથા જામીન માટે અરજી કરી હતી. હાઈકોર્ટે આ કેસમાં કાયદાથી મોટું કોઈ જ નહીં હોવાની ટકોર કરીને ધારાસભ્ય પદ રહેલા વ્યક્તિને જામીન આપવામાં આવે તો સમાજમાં ખોટો મેસેજ જાય તેમ જણાવીને વસાવા અને તેના પીએએ કરેલી જામીન અરજી ફગાવી દીધી હતી.


**RADHA MADHAV CORPORATION LIMITED**

**Reg. Office:** Survey No 50/9 Adaman Industrial Estate Village Kadaiya, Nanidaman, Daman and Diu, India- 396210 | **CIN:** L74950DD2005PLC003775
**Website:** www.rmclindia.co.in | **Tel. No.:** +91 260 6619000

**NOTICE TO MEMBERS**

Notice is hereby given that, the 22nd Annual General Meeting ("AGM") of the members of the company will be convened through Video Conferencing ("VC") / Other Audio- Visual Means ("OAVM") in compliance with applicable provisions of the Companies Act 2013 and the rules notified thereunder, read with General Circular No. 14/2020 dated 08.08.2020, Circular No.17/2020 dated 13.04.2020, Circular No. 20/2020 dated 05.05.2020, Circular No. 02/2021 dated 13.01.2021, Circular No. 2/2022 dated 05.05.2022, Circular No. 3/2022 dated 05.05.2022, Circular No. 10/2022 and Circular No. 11/2022 dated 28.12.2022, Circular No. 09/2023 dated 25.09.2023 and Pursuant to the Circular issued by Securities & Exchange Board of India ('SEBI Circular'), Circular No. SEBI/HO/CFD/CMD/1/CIR/P/2020/79 dated 12.05.2020, Circular No. SEBI/HO/CFD/CMD2/CIR/P/2022/62 dated 13.05. 2022, Circular No. SEBI/HO/CFD/ PoD-2/CIR/2023/4 dated 05.01.2023 and Circular No. SEBI/HO/CFD/CFD-PoD-2/P/CIR/2023/167 dated 07.10.2023 and all other relevant circulars issued from time to time.

The 22nd AGM of the Company will be held on Friday, September 25, 2026 at 04:00 P.M., through VC/OAVM facility provided by M/s. MUFG Intime India Private Limited (Formerly known as Link Intime India Pvt Ltd) Register and Transfer Agent of the company, to transact the business as set out in the Notice convening the AGM. The member can attend and participate in the AGM only through VC/OAVM as no provision has been made to attend the AGM in person. The attendance through VC/OAVM will be counted for the purpose of reckoning the quorum for the AGM.

In compliance with the MCA and SEBI Circular(s), the notice setting out the business to be transacted at the AGM together with the Annual Report of the company for the year 2025-26 will be sent electronically to those members whose email address is registered with the company/ Depository participant(s). **No physical copies of the notice and the Annual Report would be sent to any member.**

**The Notice of the AGM and the Annual Report will also be available on the Company's website at www.rmclindia.co.in and on the website of Stock Exchanges i.e. BSE Limited at www.bseindia.com and NSE Limited at www.nseindia.com.**

**Manner of registering / updating email address for receiving the documents pertaining to 22nd AGM**

Members may send an e-email request addressed to vijay@rmclindia.co.in and rnt.helpdesk@in.mpms.mufg.com along with scanned copy of the request letter duly signed by the first shareholder, providing the email address, mobile number, self – attested copy of PAN and Client Master copy in case shares are held in electronic form or copy of the share certificate in case shares are held in physical form, to enable Purva to register their address and to provide them the Notice, Annual report and the e-voting instructions along with the user ID and Password.

Kindly note that in case the shares are held in electronic form, the above facility is only for temporary registration of email address for receipt of the Notice, Annual Report and the e-voting instructions along with the user ID and Password. Such members will have to register their email address with their Depository Participants permanently, so that all communications are received by them in electronic form.

**Manner of casting vote(s) through e-voting**

Members will have an opportunity to cast their vote(s) on the business as set out in the Notice of the AGM through remote e-voting facility ("remote e-voting"). The facility for e-voting will also be made available during the AGM to those members who could not cast their vote(s) by remote e-voting. The detailed procedure for e-voting before as well as during the AGM will be provided in the Notice of the AGM.

Members who do not receive email or whose email address is not registered with the Company/ Depository Participant(s), may generate login credentials by following instructions given in the Notice of AGM. The same login credentials can also be used for attending the AGM through VC/OAVM.

Members are requested to carefully read all the notes set out in the Notice of the AGM and in particular, instructions for joining the AGM and manner of casting votes through e-voting.

In compliance with provisions of Section 108 of the Companies Act, 2013 and the rules made there under, as amended, read with SEBI (LODR) Regulations, 2015. The details of e-voting are as under:

1. Date of Dispatch of Notice – September 01, 2026.
2. The e-voting period begins on Tuesday, September 22, 2026 at 10:00 A.M. and ends on Thursday, September 24, 2026 at 5:00 P.M. During this period, shareholders of the Company holding shares as on the cut-off date i.e. Friday, September 18, 2026 may cast their vote electronically. The e-voting module shall be disabled by CDSL for voting thereafter.
3. Any person who becomes member of the company after the cut-off date may apply for e-voting login id password as per procedure given in the ballot form which is available on **www.rmclindia.co.in, www.bseindia.com** and **www.nseindia.com.**
4. The result of the e-voting shall be declared by the director of the company on September 26, 2026.
5. Members who have cast their vote by e-voting may attend the meeting but shall not be entitled to cast their vote again.
6. Members who have not cast their vote through e-voting can vote in the meeting.
7. Members may contact Mr. Nitin Jain, Director and CFO, on +91 260 6619000 emails at vijay@rmclindia.co.in for any grievances relating to e-voting.
8. The Board of Directors appointed M/s. NVB & Associates, Practicing Company Secretaries as Scrutinizer to scrutinize the e-voting process in a fair and transparent manner. The results will be declared on Saturday, September 26, 2026.

Notice is also hereby given pursuant to Section 91 of the Companies Act, 2013 and SEBI (LODR) Regulation that the Register of Members of the Company will be closed from Saturday, September 19, 2026 to Monday, September 21, 2026 for the purpose of AGM.

**For and on behalf of the Board of Directors**
**Radha Madhav Corporation Limited**
**Sd/-**
**Nitin Jain**
**Whole Time Director and CFO**
**DIN: 09833381**

**Place : Daman**
**Date : September 01, 2026**



**CHANGE OF NAME**

OLD NAME : SHAIKH ABDUL WAHEED AND ABDUL WAHEED SHAIKH
NEW NAME : WAHEED SHAIKH
ADD : H.NO.S-2, S S COMPLEX, BHITWADI, MOTI DAMAN, DAMAN : 396 220

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD NAME FROM TEENAKUMARI JIVANSINH CHAUHAN TO TEENABEN KAMLESHSINH RATHOD AS PER DOCUMENTS



**ટેરેસ ગળે છે ??**

**વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર**

**એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ**

- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર

**અરવિંદ પટેલ - વલસાડ 81402 20205**



**ડિસ્કાઉન્ટ ધમાકા**
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ
લોફર શુઝ
સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક, 10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361






**દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં ટેલરીંગ**
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-
The Complete Man Raymond
dinesh SUITING
Siyaram's SHOP
DONEAR SUITINGS & SHIRTINGS
DIGJAM
NIRVĀN SHIRTINGS
ICON ashima LUXURY FABRICS
Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬



દમણગંગા ટાઇમ્સ મુખ્ય કાર્યાલય
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com




દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા
માટે વેબસાઈટની
મુલાકાત લો
www.damangangatimes.com

Wednesday 02, September 2026

# દમણગંગા ટાઈમ્સ

## દમણનો બુટલેગર પાસા હેઠળ જેલમાં ધકેલાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૧ :** વલસાડ જિલ્લામાં પ્રોહીબિશનની બદી નેસ્તનાબૂદ કરવા પોલીસની કાર્યવાહી તેજ બની છે. સંઘ પ્રદેશ દમણથી ગુજરાતમાં મોટા પાયે ગેરકાયદે ઈંગ્લીશ દારૂની હેરાફેરી કરનાર પ્રોહી બુટલેગર સદ્દામ ઈબ્રાહિમ મહેબૂબ શેખ (ઉ.૩૪) ને પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવામાં આવ્યો છે. વલસાડ એસપી યુવરાજસિંહ જાડેજાની સૂચનાથી LCB વલસાડના PI એ.યુ.રોજે કાર્યવાહી કરી હતી. તેના વિરુદ્ધ વલસાડ જિલ્લામાં બે ગુના નોંધાયેલા છે. જિલ્લા મેજિસ્ટ્રેટ નિતિન સાંગવાને પાસા દરખાસ્ત મંજૂર કરતા LCB ટીમે તેને જેલ હવાલે કર્યો છે.

## કુંડી ફાટક પાસે હોટલ માલિક પર તલવારથી હુમલો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૧ :** વલસાડ નજીક નેશનલ હાઈવે નંબર ૪૮ પર કુંડી ફાટક પાસે આવેલી શિવશક્તિ મહાદેવ હોટલ માલિક પર જૂની અદાવત રાખી હોટલના જ પૂર્વ કર્મચારીએ તલવાર વડે જીવલેણ હુમલો કરતા ચકચાર મચી જવા પામી છે. ગળાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા હોટલ માલિકને તાત્કાલિક સારવાર અર્થે વલસાડની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

વલસાડ નજીક નેશનલ હાઈવે નંબર ૪૮ પર કુંડી ફાટક પાસે આવેલી 'શિવશક્તિ મહાદેવ હોટલ પ્રદિપસિંહ ઠાકોર ની માલિકીની હોટલ આવેલી છે આ માલિકીને હોટલમાં રાજસ્થાન ડુંગરપુર માં રહેતા અને હોટલના મેનેજર પ્રકાશચંદ્ર સુભાષચંદ્ર સેવક મેનેજર તરીકે ફરજ બજાવે છે.

હોટલમાં અગાઉ કામ કરતા ભરતકુમાર ગણેશરામ પુરોહિત રહે. મેરવાડા, શિરોહી, રાજસ્થાન એ હોટલના સ્ટાફ સાથે બાઈકની ચાવી બાબતે બોલાચાલી અને ઝઘડો કર્યો હતો.

આ અંગે હોટલ માલિક પ્રદિપસિંહ ઠાકોરને જાણ કરાતાં તેઓ હોટલ પર દોડી આવ્યા હતા અને અગાઉ પણ સ્ટાફ સાથે ઝઘડો કરતા રહેતા ભરતકુમારને હોટલ છોડીને નીકળી જવા જણાવ્યું હતું. ત્યારબાદ ભરતકુમાર પોતાની બેગ લઈને નીકળી ગયો હતો. જોકે, થોડા સમય બાદ રાત્રિના આશરે બે વાગ્યાના ભરતકુમાર અચાનક ફરી હોટલ પર આવ્યો હતો અને પોતાની સાથે બેગમાં લાવેલી તલવાર કાઢી, હોટલમાંથી કાઢી મૂકવાની અદાવતમાં હોટલ માલિક પ્રદિપસિંહ પર ગળાના ભાગે તલવારનો ઘા ઝીંકી જીવલેણ હુમલો કરતા તે લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યા હતા.

હુમલો કર્યા બાદ આરોપી ભરતકુમાર ગણેશરામ પુરોહિત તલવાર સાથે ત્યાંથી અંધારામાં ફરાર થઈ ગયો હતો. ગંભીર રીતે ઘવાયેલા હોટલ માલિક પ્રદિપસિંહને તાત્કાલિક વલસાડની ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે 'ચીમ્સ હોસ્પિટલ' (અટક પારડી) ના આઈ.સી.યુ. વોર્ડમાં ખસેડવામાં આવ્યા હતા,

જ્યાં તેમની હાલત ગંભીર જણાતાં ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જે અંગે હોટલના મેનેજર પ્રકાશચંદ્રની ફરિયાદના આધારે પોલીસે આરોપી ભરતકુમાર પુરોહિત વિરુદ્ધ હત્યા નો પ્રયાસ અને જાહેરનામા ભંગનો ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ અને આરોપીને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.

## વલસાડમાં મોબાઈલ હેક કરી રૂા.૧.૯૮ લાખ ઉપાડી લીધા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૧ :** વલસાડના ગુંદલાવ વિસ્તારમાં રહેતા એક વેપારીનો મોબાઈલ ફોન હેક કરી, ગેરકાયદેસર રીતે OTP મેળવી બેંક ખાતામાંથી કુલ ૧,૯૮,૯૯૯ ની ઓનલાઈન ઉઠાંતરી થઈ હોવાની ફરિયાદ નોંધાઈ છે.

વલસાડ તાલુકાના ગુંદલાવ ગામના શક્તિનગરમાં પૂનમભાઈ જેસંગભાઈ થોરી ઉં.વ. ૪૭ રહે છે. તેમનું ગુંદલાઓમાં આવેલ બેંકો બરોડા શાખામાં પોતાનું ખાતું ચાલે છે.ગત તારીખ ૨૧/૦૮/૨૦૨૬ થી ૨૨/૦૮/૨૦૨૬ દરમિયાન પુનમભાઈએ ગૂગલ પે એપ્લિકેશન કામ ન કરતું હોવાથી તેઓ ગુંદલાવ ધમડાચી ફાટક પાસે આવેલી બેંક ઓફ બરોડાની શાખામાં તપાસ કરવા ગયા હતા. ત્યાં બેલેન્સ ચેક કરતા માલૂમ પડ્યું હતું કે અજાણ્યા શખ્સે તેમનો મોબાઈલ નંબર કોઈ રીતે હેક કરી, ગેરકાયદેસર OTP મેળવી ખાતામાંથી પૈસા અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી લીધા હતા. અજાણ્યા ઈસમે તેમના ખાતામાંથી તા. ૨૧/૦૮/૨૦૨૬ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ના ખાતામાં ૯૮,૯૯૯ અને તા.?૨૨/૦૮/૨૦૨૬ બેંક ઓફ બરોડા ના ખાતામાં ૧,૦૦,૦૦૦ ની રકમ મળી કુલ ૧, ૯૮,૯૯૯ રૂપિયા ઓનલાઈન છેતરપિંડી કડી કાઢી લીધા હોવાનું માલુમ પડ્યું હતું તેથી વેપારી પૂનમભાઈએ તાત્કાલિક સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવ્યા બાદ અજાણ્યા શખ્સ સામે કાયદેસરની પોલીસ ફરિયાદ દાખલ કરાવતા જે અંગે સાયબર સેલ અને સ્થાનિક પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

## ભાઠીકરંબેલીમાં સ્કૂલની જમીન પર હોલ નિર્માણ સામે ગ્રામજનોનો ઉગ્ર વિરોધ

**કોમ્યુનિટી હોલની જગ્યાએ હાઈસ્કૂલ બનાવવાની માંગ સાથે કલેક્ટરને રજૂઆત**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૧ :** ઉમરગામ તાલુકાના ભાઠીકરંબેલી ગામના કાંકરાવાડ ફળિયામાં આવેલી રે.સ.નં. ૪/૧/પૈકી ૬ વાળી સ્કૂલ બોર્ડની જગ્યા પર વર્ષ ૧૯૩૩થી પ્રાથમિક શાળા કાર્યરત હતી. શાળાનું મકાન જર્જરિત થઈ જતાં તેને તોડી પાડવામાં આવ્યું હતું અને ત્યારથી આ જમીન ખુલ્લી પડી છે. ગ્રામજનોની જાણ બહાર ખાતમુહૂર્ત કરાયાનો આક્ષેપ

સ્થાનિક અગ્રણી નિખિલભાઈ અને ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે, સ્થાનિક લોકોને વિશ્વાસમાં લીધા વિના કે કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકરની ગ્રાન્ટમાંથી ચોક્કસ સમાજ માટે કમ્યુનિટી હોલ બનાવવાનું ખાતમુહૂર્ત કરી દેવામાં આવ્યું છે.

વિદ્યાર્થીઓને અભ્યાસ અર્થે દૂર જવું પડે છે.ભાઠીકરંબેલી અને આસપાસના ૭ જેટલા ફળિયાઓમાં ૯૦ ટકાથી વધુ આદિવાસી વસ્તી વસે છે. હાલ ગામમાં માત્ર ધોરણ ૮ સુધીની જ સરકારી પ્રાથમિક શાળા કાર્યરત છે.

ધોરણ ૯ થી ૧૨ના અભ્યાસ માટે વિદ્યાર્થીઓ અને ખાસ કરીને દીકરીઓને દૂર-દૂર સુધી જવું પડે છે. વાહનવ્યવહારની અસુવિધાને લીધે ઘણા આદિવાસી બાળકોને અધવચ્ચેથી અભ્યાસ છોડી મજૂરી-કામે વળગવાની ફરજ પડે છે. સ્કૂલ બોર્ડની જમીન પર શરૂ કરાયેલ કમ્યુનિટી હોલની કામગીરી પર તાત્કાલિક રોક લગાવવામાં આવે, યોગ્ય સર્વે હાથ ધરી આ જમીન પર ધોરણ ૯ થી ૧૨ માટે સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનું નિર્માણ કરવામાં આવે, આ જમીનની માપણી-તપાસ કરી કમ્પાઉન્ડ વૉલ બનાવી તેને સ્કૂલ બોર્ડને પરત સોંપવામાં આવે,

આ આવેદનપત્રની નકલ જિલ્લા વિકાસ અધિકારી , જિલ્લા શિક્ષણ અધિકારી , પ્રાંત અધિકારી (પારડી), તેમજ મામલતદાર અને ઉમરગામ તાલુકા વિકાસ અધિકારીને પણ મોકલવામાં આવી છે.

ગ્રામજનોએ ચીમકી ઉચ્ચારી છે કે જો શિક્ષણના હિતને અવગણીને હોલનું બાંધકામ ચાલુ રખાશે તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

## વાપીમાં સામી જન્માષ્ટમીએ પોલીસનું સઘન ચેકિંગ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૧ :** વાપીના બલીઠા રેલવે અંડરબ્રિજ બહાર હાઈવે સર્વિસ રોડ ઉપર ઉદ્યોગ નગર પોલીસ દ્વારા જન્માષ્ટમીના તહેવારને ધ્યાને લઈ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી વાપી ટાઉન માંથી આવતા જતા વહનચાલકોને ડ્રીંક એન્ડ ડ્રાઈવની તપાસ કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે સાંજે અહીં સંઘપ્રદેશ દમણના ડાભેલ, આટીયાવાડ અને કચીગામ વિસ્તારમાંથી આવતાં વાહનોની ખાસ કરીને ચકાસણી કરવામાં આવે છે. જેમાં ગેરકાયદે દારૂના જથ્થાનું વહન થઈ રહ્યું છે કે કેમ ? અને વાહન ચાલક નશાની હાલતમાં છે કે નહીં ? તે અંગે બ્રીથ એનેલાઈઝરની મદદથી એમાં ફૂંક મારીને તપાસ કરવામાં આવી રહી છે. આગામી દિવસોમાં આ ચેકિંગ વધુ સઘન બને એમ જણાઈ રહ્યું છે.

## વલસાડ મોઘાભાઈ હોલ સામે લારીઓનું દબાણ દૂર કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૦૧ :** વલસાડ નગરપાલિકા દ્વારા શહેરના મુખ્ય માર્ગો પર ટ્રાફિક સમસ્યા નિવારવા અને સ્વચ્છતા જાળવવાના ભાગરૂપે દબાણ હટાવ ઝુંબેશ તેજ કરવામાં આવી છે. પાલિકાની એન્ક્રોચમેન્ટ ટીમે શહેરના મોઘાભાઈ હોલ સામે ગેરકાયદે દબાણ કરતી લારીઓ સામે કડક કાર્યવાહી હાથ ધરી હતી. વલસાડ શહેર ના મોઘાભાઈ હોલ સામે રસ્તા પર અડચણરૂપ બનેલી ૧૦થી વધુ ફળ-ફળાદીની લારીઓ પાલિકાની ટીમે સ્થળ પરથી જપ્ત કરી લીધી હતી. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત-લારીઓ પર તપાસ દરમિયાન સિંગલ-યુઝ પ્રતિબંધિત



પ્લાસ્ટિકનો મોટો જથ્થો મળી આવતા ટીમે તેને પણ કબ્જે કર્યો હતો. પાલિકાની ટીમ અચાનક ત્રાટકતાં અન્ય ગેરકાયદે લારી-ગલ્લા ધારકોમાં ભારે ફફડાટ ફેલાયો હતો અને કેટલાક લારીચાલકો પોતાના વાહનો લઈને ભાગતા નજરે પડ્યા હતા. નગરપાલિકા તંત્ર દ્વારા સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે શહેરના જાહેર માર્ગો પર ટ્રાફિકને નડતરરૂપ દબાણ કરનારા અને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરનારા વેપારીઓ સામે આગામી દિવસોમાં પણ આ પ્રકારની આકરી દંડાત્મક ઝુંબેશ ચાલુ રહેશે.

## ચીખલી હાઈવે માર્જિનમાં આવતા દબાણો દૂર કરવાનું શરૂ

**નવસારી, તા.૦૧ :** ચીખલી તાલુકામાંથી પસાર થતા નેશનલ હાઈવે-૪૮ (NH-48) પર ROW મુજબ નિયંત્રણ રેખાની મર્યાદાની અંદર આવેલા ગેરકાયદેસર કાચા તથા પાકા બાંધકામો અને અન્ય દબાણો દૂર કરવાની કામગીરી તા. ૦૧/૦૯/૨૦૨૬થી શરૂ કરવામાં આવી છે.

આ કામગીરીના પ્રથમ તબક્કામાં આજે મોજે સમરોલી, તા. ચીખલી ખાતે ચીખલી ચાર રસ્તાથી વલસાડ તરફ જતા નેશનલ હાઈવે-૪૮ પર આવેલા નાના-મોટા કમર્શિયલ એકમો તેમજ હોટલો સહિત કુલ ૨૪ ગેરકાયદેસર દબાણો દૂર કરવામાં આવ્યા હતા. સંબંધિત સ્થળોએ નિયંત્રણ રેખાની મર્યાદામાં આવેલા બિનઅધિકૃત બાંધકામો તથા દબાણોને દૂર કરી માર્ગની જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી.




રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર વાહનચાલકોને અવરજવરમાં કોઈ અડચણ ન પડે તેમજ માર્ગની સલામતી અને સુગમતા જળવાઈ રહે તે માટે આ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. દબાણોને કારણે માર્ગની દૃશ્યતા, વાહનવ્યવહાર તથા રાહદારીઓની સલામતી પર અસર ન થાય તે માટે ROWની નિયંત્રણ રેખાની મર્યાદાનું પાલન કરાવવાની કામગીરી તંત્ર દ્વારા કરવામાં આવી રહી છે.

નવસારી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, નેશનલ હાઈવેની Right of Way (ROW) તથા નિયંત્રણ રેખાની મર્યાદામાં આવતા ગેરકાયદેસર બાંધકામો અને દબાણો સામે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે. આ કામગીરી દરમિયાન સંબંધિત કાયદાકીય જોગવાઈઓ તથા માર્ગદર્શિકાઓનું પાલન કરવામાં આવશે.

## તિથલમાં RO પ્લાન્ટ અને શૌચાલયના કામો માત્ર કાગળ પર જ

**સરપંચ સામે ભ્રષ્ટાચારની તપાસમાં બહાર આવ્યું : કામ થયા વિના જ બીલનું ચુકવણું કરી દેવાયું**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)


**વલસાડ, તા.૦૧ :** વલસાડ તાલુકાના જાણીતા પ્રવાસન ધામ એવા તિથલ ગ્રામ પંચાયતના સરપંચ વિરુદ્ધ ભ્રષ્ટાચારની ગંભીર ફરિયાદ ઉઠતાં તાલુકા વિકાસ અધિકારી ની ટીમ દ્વારા સ્થળ પર પહોંચી તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં વિકાસ કામો માત્ર કાગળ પર જ દર્શાવી સરકારી નાણાંની ઉચાપત કરવામાં આવી હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે.

વલસાડ ના તિથલ ગામના એક જાગૃત નાગરિક દ્વારા સરપંચ સામે વિકાસ કામોમાં મોટાપાયે ગેરરીતિ આચરવામાં આવી હોવાની લેખિત ફરિયાદ તાલુકા વિકાસ અધિકારીને કરવામાં આવી હતી. આ ફરિયાદના આધારે TDOની વિશેષ તપાસ ટીમે તિથલ ગામ માં રૂબરૂ મુલાકાત લઈ સ્થળ તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન તિથલ શાળા નજીક મંજૂર કરવામાં આવેલા આર.ઓ. પ્લાન્ટ તેમજ શૌચાલય ના કામોની ચકાસણી કરવામાં આવી હતી. ચોંકાવનારી બાબત એ સામે આવી કે આ કામો પૂર્ણ થઈ ગયા હોવાના બિલો રજૂ કરી દેવાયા હતા, પરંતુ સ્થળ પર કામગીરી જોવા મળી ન હતી. આ તમામ કામો માત્ર ચોપડે જ થયેલા હોવાનું સાબિત થયું હતું. સ્થાનિક નાગરિકો અને જાગૃત આગેવાનો દ્વારા પણ પંચાયતના વહીવટમાં ચાલતા ભ્રષ્ટાચાર સામે ભારે આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો છે. સરકારી ગ્રાન્ટનો દુરુપયોગ કરી કાગળ પર કામો દર્શાવવાના આ સમગ્ર પ્રકરણમાં તાલુકા વિકાસ અધિકારી દ્વારા સરપંચ અને જવાબદારો સામે કેવા પ્રકારના કડક પગલાં લેવામાં આવે છે, તેના પર સમગ્ર ગ્રામજનો ની નજર મંડાયેલી છે.

## આહવાનાં ઈસદર પાસે ટ્રેક્ટર નદીમાં ખાબક્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૦૧ :** ડાંગ જિલ્લાના આહવા તાલુકાના ઈસદર ગામ પાસે આવેલ આંતરિક માર્ગ પર એક માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. મળતી માહિતી અનુસાર, ગોંડલવિહિર ગામનું એક ટ્રેક્ટર ઈસદર ગામ નજીક આવેલ ઉપર વાઘદેવ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યુ હતુ. તે દરમિયાન અચાનક ડ્રાઈવરે સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવી દેતા ટ્રેક્ટર માર્ગ પરથી નીચે આવેલા નાના પુલ/કોઝવે પરથી સીધું નીચે પાણીના વહેણમાં પલટી મારી ગયું હતું. ઘટનાના સામે આવેલા દ્રશ્યોમાં જોઈ શકાય છે કે ટ્રેક્ટરનો આગળનો



એન્જિનનો ભાગ સંપૂર્ણપણે પાણીમાં ગરકાવ થઈ ગયો છે, જ્યારે પાછળની ટ્રોલી હવામાં ઊંધી લટકેલી સ્થિતિમાં જોવા મળી રહી છે.આ ઘટના બનતાની સાથે જ આસપાસના સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

## ઓવાડા ડમ્પિંગ સાઈડ મુદ્દે હાઈકોર્ટની વલસાડ કલેક્ટરને નોટીસ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૧ :** વલસાડ તાલુકાના ઓવાડા ગામે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ માટે જમીન ફાળવવાના વહીવટી તંત્રના નિર્ણય સામે ગ્રામજનોનો વિરોધ હવે કાનૂની મોરચે પહોંચ્યો છે. ઓવાડા ગ્રામ પંચાયત દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરાયેલી સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન પર સુનાવણી હાથ ધરીને હાઈકોર્ટે વલસાડ જિલ્લા કલેક્ટરને નોટિસ જારી કરી છે.

વલસાડ નગરપાલિકાને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટ માટે જમીન ફાળવતી વખતે નિયત નિયમો અને પર્યાવરણીય માપદંડોનું પાલન કરવામાં આવ્યું નથી, તેવા ગંભીર આક્ષેપો પંચાયત દ્વારા કરવામાં આવ્યા છે. ઓવાડા પંચાયત વતી જાણીતા ધારાશાસ્ત્રી બી. એમ. માંગુકિયાએ સ્પે. સિવિલ એપ્લિકેશન નં. ૧૨૨૯૪/૨૦૨૬ મારફતે હાઈકોર્ટ સમક્ષ દલીલો રજૂ કરી હતી. જસ્ટિસ શ્રી નિરલ મહેતાની અદાલતે પ્રાથમિક સુનાવણી બાદ કલેક્ટર તંત્રને નોટિસ ફટકારી નિયમોના પાલન અંગે તા. ૨૧ સપ્ટેમ્બર સુધીમાં સોગંદનામા સ્વરૂપે વિગતવાર ખુલાસો રજૂ કરવા તાકીદ કરી છે. આ મામલાની વધુ સુનાવણી ૨૧ સપ્ટેમ્બરે અગ્રીમ ધોરણે હાથ ધરવામાં આવશે. ઓવાડા ગામના પર્યાવરણ અને લોકોના સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડતા આ પ્રોજેક્ટ સામે ગામના સરપંચ, ડેપ્યુટી સરપંચ, કોંગ્રેસના સ્થાનિક આગેવાનો તેમજ ગામના જાગૃત નાગરિકોએ સંગઠિત થઈને વિરોધ નોંધાવ્યો હતો. હાઈકોર્ટના આ વલણથી સ્થાનિકોમાં ન્યાયની આશા બંધાઈ છે અને ગ્રામજનોની લડતને કાનૂની સ્તરે મોટું બળ મળ્યું છે.

## નવસારીમાં મોદીના આગમન પૂર્વે ખાસ સ્વચ્છતા અભિયાન



**નવસારી, તા.૦૧ :** પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના આગામી સપ્તાહમાં નવસારી જિલ્લાની મુલાકાતના ભાગરૂપે તમામ તાલુકાઓમાં તા.૩૧મી ઓગષ્ટથી તા.૩જી સપ્ટેમ્બર દરમિયાન મહા સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઝુંબેશ દરમિયાન વાંસદા તાલુકામાં 7 JCB, ૪ લોડર અને ૮ હાઈવા અને અન્ય ૧૭ વાહનો તથા ૮૬થી વધુ અધિકારીઓ-કર્મચારીઓની ટીમ દ્વારા વિવિધ ૩૪ ગામોમાંથી કુલ ૨૦ હજાર કિલોગ્રામ કચરો એકત્રિત કરવામાં આવ્યો હતો. જલાલપોર તાલુકામાં 3 JCB, ૬ લોડર અને ૩ હાઈવા અને અન્ય ૫૩ વાહનો તેમજ ૧૭૫ અધિકારીઓ-કર્મચારીઓની ટીમોએ ૩૩ ગામોમાંથી કુલ ૪૮૨૨૦ કિલો કચરો દૂર કર્યો હતો. નવસારી તાલુકામાં 2 JCB, ૪ લોડર અને ૨ હાઈવા અન્ય ૫૧ વાહનો તથા ૨૧૭ અધિકારીઓ-કર્મચારીઓની અને સફાઈ કર્મચારીઓ દ્વારા કુલ ૩૦ ગામોમાંથી ૩૧,૪૬૭ કિલો કચરો ભેગો કરાયો હતો. જ્યારે ખેરગામ તાલુકામાં ૧ JCB, 2 લોડર અને ૨ હાઈવા તથા અન્ય ૨૪ વાહનોના સુચારુ ઉપયોગ સાથે ૧૩૨ કર્મચારીઓ દ્વારા ૩ દિવસમાં ૧૪ ગ્રામ્ય વિસ્તારોમાં કુલ ૨૦૫૦૦ કિલોગ્રામ કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

## શામગહાન પાસે આઈસર ભેખડ સાથે ભટકાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૦૧ :** ડાંગ જિલ્લાનાં સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર શામગહાન નજીક ઉતરાણવાળા ઘાટમાર્ગમાં સંતરાનો જથ્થો ભરેલો આઈસર ટેમ્પો ચાલક દ્વારા સ્ટેયરિંગ પરથી અચાનક કાબૂ ગુમાવતાં માર્ગની સાઈડનાં ભેખડ સાથે અથડાયો હતો. અકસ્માતમાં આઈસર ટેમ્પોને ભારે નુકસાન થયુ હતુ.જ્યારે ક્લીનર કેબિનમાં ફસાઈ જતાં સ્થાનિકો અને સાપુતારા પોલીસની ટીમે ભારે જહેમત બાદ તેને સલામત રીતે બહાર કાઢ્યો હતો.-પ્રાપ્ત વિગતો અનુસાર, મહારાષ્ટ્રના સંભાજીનગર તરફથી સંતરાનો જથ્થો ભરીને આઈસર ટેમ્પો હરિયાણા તરફ જઈ રહ્યો હતો. સાપુતારાથી શામગહાન તરફના રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ત્રણ રસ્તા નજીક ચાલકે કાબૂ ગુમાતા ટેમ્પો માર્ગની સાઈડમાં ઉતરી જઈ ભેખડ સાથે ધડાકાભેર અથડાયો હતો.

## નાનાપોંઢા દોલધા નદીના પુલ પર રેલીંગના અભાવે જોખમ

**નાનાપોંઢા, તા.૦૧ :** નાનાપોંઢા અને કપરાડા તાલુકામાં તા. ૨૩ જુલાઈ, ૨૦૨૬ના રોજ પડેલા અતિભારે વરસાદના કારણે આમધા ગામના દો લધા નદી પરના પુલની લોખંડની રેલીંગ પાણીના ભારે પ્રવાહમાં તણાઈ ગઈ હતી. રેલીંગ તણાઈ ગયાને સમય વીતી ગયો હોવા છતાં પુલ પર નવી રેલીંગ ન લગાવવામાં આવતા સ્થાનિકોમાં તંત્રની કામગીરી



સામે સવાલો ઉઠી રહ્યા છે.

આ મુદ્દે આમ આદમી પાર્ટી વલસાડ-ડાંગ લોકસભા સંગઠન મંત્રી દિવ્યેશ પટેલે તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરી તાત્કાલિક ધોરણે પુલ પર મજબૂત લોખંડની રેલીંગ ફિટ કરવાની માંગ કરી છે.

દિવ્યેશ પટેલે રજૂઆતમાં જણાવ્યું છે કે રેલીંગના અભાવે પુલ પરથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકોની સુરક્ષા જોખમમાં મુકાઈ છે. ખાસ કરીને રાત્રિના સમયે અને વરસાદી પરિસ્થિતિમાં અકસ્માતની શક્યતા વધી જાય છે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**